RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ - ૫ | સોમવાર તા.૧૭-૦૮-૨૦૨૬ | અંક : ૪૮ વર્ષ : ૨૨ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# યુક્રેનમાં લક્ષ્મી મિત્તલના પ્લાન્ટ પર રશિયાનો મિસાઈલ હુમલો

## ભારતીય અબજોપતિના ગ્રુપ સાથે જોડાયેલી ફેક્ટરીને મોટું નુકસાન, ૬ લોકોના મોત

યુક્રેન,

શિયા-યુક્રેન યુદ્ધે રવિવારે હિંસક વળાંક લીધો, યુક્રેને ૮૨૨ ડ્રોનથી રશિયા પર હુમલો કર્યો. જવાબમાં રશિયાએ યુક્રેન પર મિસાઈલ છોડી, જેમાં ભારતીય અબજોપતિ લક્ષ્મી મિત્તલના ’આર્સેલર મિત્તલ ક્રિવી રિહ’ પ્લાન્ટને નુકસાન થયું અને કામકાજ અટકાવવું પડ્યું. આ હુમલામાં ઓછામાં ઓછા ૬ લોકોના મોત થયા છે.




ચાર વર્ષથી ચાલી રહેલું રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ અટકવાનું નામ નથી લઈ રહ્યું અને રવિવારે આ સંઘર્ષે વધુ હિંસક વળાંક લીધો છે. યુક્રેને રશિયાના વિવિધ વિસ્તારો પર સદીનો સૌથી મોટો ડ્રોન હુમલો કર્યો હતો, જેના જવાબમાં રશિયાએ પણ યુક્રેનિયન વિસ્તારોમાં ભારે તબાહી મચાવી હતી. રશિયાના આ જવાબી મિસાઈલ હુમલામાં ભારતીય અબજોપતિ લક્ષ્મી મિત્તલના ગ્રુપ સાથે જોડાયેલી ફેક્ટરીને મોટું નુકસાન પહોંચ્યું છે, જેના કારણે તેનું કામકાજ આંશિક રીતે રોકી દેવામાં આવ્યું છે. રશિયાના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, તેમણે રાતોરાત યુક્રેનના ૮૨૨ ડ્રોન નષ્ટ કર્યા હતા. મોસ્કોના મેયર સેર્ગેઈ સોબ્યાનિનના જણાવ્યા મુજબ, લગભગ ૬૦૦ ડ્રોન રાજધાની મોસ્કો તરફ ધસી રહ્યા હતા, જેમાંથી ત્રીજા ભાગના ડ્રોનને મોસ્કો ક્ષેત્રની ઉપર જ હવામાં ઉડાવી દેવાયા હતા. આ હુમલામાં ઓછામાં ઓછા ૬ લોકોના મોત થયા છે. આ ઉપરાંત રશિયાના પોડોલ્સ્ક શહેરમાં ઓનલાઈન રિટેલ કંપની વાઈલ્ડબેરીઝના ગોડાઉનમાં આગ લાગી હતી અને રોસ્તોવ ક્ષેત્રમાં ૧૫૦ થી વધુ ડ્રોન હુમલામાં ૫ લોકોના મોત થયા છે.

યુક્રેનના ક્રિવી રિહ શહેરમાં આવેલા ’આર્સેલર મિત્તલ ક્રિવી રિહ’ પ્લાન્ટ પર રશિયાએ મિસાઈલ હુમલો કર્યો હતો. આ કંપની ભારતીય ઉદ્યોગપતિ લક્ષ્મી મિત્તલના ’આર્સેલર મિત્તલ ગ્રુપ’નો ભાગ છે. કંપનીના પ્રવક્તાએ પુષ્ટિ કરી છે કે રશિયન મિસાઈલ હુમલાથી તેમની સાઈટને નુકસાન પહોંચ્યું છે અને સુરક્ષાના કારણોસર હાલ પૂરતું કામકાજ અટકાવી દેવાયું છે. જોકે, હજુ સુધી નુકસાનનું આંકલન થઈ શક્યું નથી. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે રશિયન મિસાઈલ હુમલામાં ક્રિવી રિહ શહેરમાં ૨ લોકોના મોત થયા છે અને ૧૪ લોકો ઘાયલ થયા છે. આ ઉપરાંત સૂમી અને દક્ષિણ ઝાપોરિઝ્ઝિયા શહેરમાં અન્ય ૩ લોકોના મોત થયા છે. ઝેલેન્સકીએ આક્ષેપ કર્યો હતો કે રશિયા જ્યાં સુધી તેની બેલિસ્ટિક મિસાઈલો પહોંચી શકે છે ત્યાંના તમામ પાયાના માળખાકીય સુવિધાઓને (ઈન્ફ્રાસ્ટ્રક્ચર) નિશાન બનાવી રહ્યું છે.

## તાલિબાનોની પાકિસ્તાનને ચીમકી, હવે પરિણામ ભોગવવા તૈયાર રહો

કાબુલ,

અફઘાનિસ્તાનનાં તાલિબાન શાસનના સંરક્ષણ મંત્રી મુલ્લા મોહમ્મદ યાકૂબ મુજાહિદે પાકિસ્તાનને સ્પષ્ટ અને સખ્ત ચેતવણી આપી છે. તેમણે કહ્યું છે કે અફઘાનિસ્તાન વિરૂદ્ધ કોઈપણ પ્રકારની સેનાકીય કાર્યવાહી કરતા પહેલાં બે વાર વિચારજો. કારણ કે કોઈપણ કાર્યવાહીનો જવાબ તેટલો જ કઠોર રીતે આપવામાં આવશે. તેમણે વધુમાં કહ્યું હવે બહુ થઈ ગયું છે. સાથે રેડ-લાઈન ખેંચતાં જણાવી દીધું છે કે ઈસ્લામાબાદ અફઘાનિસ્તાનનાં સાર્વભૌમત્વ કે પ્રાદેશિક અખંડિતતા સામે કોઈપણ લશ્કરી પગલું ભરશે તો તેના ગંભીર પરિણામો ભોગવવા પડશે.

મુજાહિદે ભારપૂર્વક કહ્યું હતું કે તાલિબાન કોઈપણ હુમલાનો જવાબ ઉતાવળે નહીં પરંતુ પૂરેપૂરો વિચાર કરીને અને દ્રઢ સંકલ્પ સાથે આપશે.

વાસ્તવમાં આ ચેતવણી તેવા સમયે આપવામાં આવી છે કે, તાલિબાન અફઘાનિસ્તાનમાં પોતાની સત્તાનાં પાંચમાં વર્ષમાં પ્રવેશી ચુક્યા છે. ૧૫મી ઓગસ્ટે જ પાંચ વર્ષ પૂર્વે તેમણે કાબુલ ઉપર સંપૂર્ણ કબ્જો મેળવ્યો હતો.આ પછી પાકિસ્તાન અફઘાનિસ્તાન વચ્ચેના સંબંધો તંગ બનતા જ ગયા છે.

પાકિસ્તાને પોતાના જ વિસ્તારનાં તહેરિક-એ-તાલિબાન-એ પાકિસ્તાન (ટીટીપી)ના આતંકી હુમલાઓનો હવાલો આપતાં અને ટીટીપીને પનાહ આપવાનો આક્ષેપ કરવા સાથે પાકિસ્તાને પૂર્વ અફઘાનિસ્તાન ઉપર હવાઈ હુમલા શરૂ કરી દીધા છે બંને તરફથી સામસામી લશ્કરી મુઠભેડ સતત ચાલી જ રહી છે.

## શ્રાવણના પ્રથમ સોમવારે સોમનાથ મંદિરે ભક્તોની ભીડ





શ્રાવણ માસના પ્રથમ સોમવારે સોમનાથ મહાદેવના દર્શન માટે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા છે. આજે વહેલી સવારે ૪ વાગે મંદિરના દ્વાર ખુલતાની સાથે જ ‘હર હર મહાદેવ’ અને ‘બમ બમ ભોલે’ના જયઘોષથી સમગ્ર મંદિર પરિસર ભક્તિમય બની ગયું છે.

## ભરૂચમાં દહેજ GIDCની કંપનીમાં ભીષણ આગ

### ભીષણ આગ બાદ થયેલો બ્લાસ્ટ ૭ કી.મી.દૂર સાંભળાયો, ૭થી વધુ ફાયર બ્રિગેડની ટીમો ઘટના સ્થળે



ભરૂચ,

ભરૂચ જિલ્લાના ઔદ્યોગિક વિસ્તાર ગણાતા દહેજ ઝોનમાંથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. દહેજ GIDCમાં આવેલી એક અગ્રણી કંપનીમાં વહેલી સવારે અચાનક ભયંકર આગ લાગવાની ઘટના બનતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઉત્પાદન પ્રોસેસ દરમિયાન એકાએક ફાટી નીકળેલી આ આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું.

દહેજ સ્થિત ’વિઝન પ્રોડક્ટ્સ’ કંપનીમાં સોમવારે અચાનક ભીષણ આગ ફાટી નીકળતા ભારે અફરાતફરી મચી ગઈ છે. કંપનીના વેરહાઉસમાં કોઈ કારણોસર આગ લાગ્યા બાદ જોતજોતામાં તેણે રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગ એટલી ભયાનક છે કે તેની ઊંચી અગનજ્વાળાઓ અને કાળા ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી નજરે પડી રહ્યા છે, જેના કારણે આસપાસના વિસ્તારમાં ભારે ભયનો માહોલ સર્જાયો છે.

દહેજ GIDCની વિઝન પ્રોડક્ટ્સ પ્રા. લિ. કંપનીમાં પ્રચંડ બ્લાસ્ટ બાદ ભીષણ આગ ફાટી નીકળી હતી. બ્લાસ્ટનો અવાજ આશરે ૭ કિલોમીટર સુધી સંભળાયો હોવાની માહિતી સામે આવી છે. પ્રાથમિક આશંકા મુજબ સોલ્વંટના ડ્રમમાં બ્લાસ્ટ થયા બાદ આગ લાગી હોવાનું જાણવા મળી રહ્યું છે. સમગ્ર પ્લાન્ટ આગની ઝપેટમાં આગના કારણે ધુમાડાના ગોટેગોટા દૂર સુધી દેખાયા હતા.

## બિહારના અશોક ધામ મંદિરમાં કરંટની અફવા બાદ નાસભાગ, સાત શ્રદ્ધાળુના મોત, આઠ લોકો ઘાયલ

### કરંટ ફેલાવાની અફવાથી મચી અફરાતફરી, મૃત્યુઆંક વધવાની સંભાવના

પટણા,

બિહારના લખીસરાય સ્થિત પ્રસિદ્ધ અશોકધામ મંદિરના બહારના પરિસરમાં શ્રાવણ મહિનામાં સવારે અચાનક નાસભાગ મચી ગઈ હતી. પ્રાથમિક માહિતી અનુસાર, આ કરૂણ અકસ્માતમાં ૭ શ્રદ્ધાળુઓના મોતની પુષ્ટિ થઈ ચૂકી છે, જ્યારે ૮ થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. ઘાયલોને તાત્કાલિક સારવાર અર્થે લખીસરાયની સદર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.



તબીબોના જણાવ્યા મુજબ મૃત્યુઆંક હજુ પણ વધવાની આશંકા સેવાઈ રહી છે. મળતી માહિતી મુજબ, આ ઘટના અશોકધામ રેલ્વે સ્ટેશનથી મંદિર તરફ જતા મુખ્ય માર્ગ પર બની હતી. રવિવારે રાત્રે આ માર્ગ પર વીજળીનો એક થાંભલો વાયર સાથે નીચે પડી ગયો હતો.સોમવારે સવારે મંદિરમાં જલાભિષેક કરવા માટે મોટી સંખ્યામાં કાવડયાઓ અને શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. આ દરમિયાન પડી ગયેલા વીજળીના થાંભલામાં કરંટ ફેલાયો હોવાની અફવા શ્રદ્ધાળુઓ વચ્ચે ફેલાઈ ગઈ હતી. આ અફવાને કારણે લોકોમાં ભારે ડરનો માહોલ સર્જાયો હતો અને લોકો પોતાનો જીવ બચાવવા માટે આમ-તેમ ભાગવા લાગ્યા હતા.

## અમેરિકન સૈનિકોની હત્યા માટે ઈરાને જાહેર કર્યું ૩૦ હજાર ડોલરનું ઈનામ!

### ઈરાની મહિલા આ કાર્ય કરશે તો તેને બમણું, એટલે કે $૬૦,૦૦૦નું ઈનામ મળશે

દુબઈ,

પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન યુદ્ધનો હાલ કોઈ અંત દેખાતો નથી. ઈરાનને પરમાણુ હથિયારો બનાવતું રોકવા અને સત્તા પરિવર્તન માટે શરૂ થયેલું યુદ્ધ હવે હોર્મુઝની ખાડી પર પ્રભુત્વ મુદ્દે અટવાયું છે અને દિવસે ને દિવસે વધુ ભયાનક બની રહ્યું છે. આવા સમયે ઈરાને અમેરિકન સૈનિકોને પકડવા અથવા હત્યા બદલ ૩૦,૦૦૦ ડોલરના ઈનામની જાહેરાત કરી છે. ઈરાની સેનાના પ્રમુખની આ જાહેરાતે ભારે વિવાદ સર્જ્યો છે. ઈઝરાયેલે દક્ષિણ લેબનોનમાં હુમલા ચાલુ રાખતા ૧૧ લોકોનાં મોત નીપજ્યાં હતા.

ઈરાની સેનાના પ્રમુખ અમીર હાતિમે એલાન કર્યું છે કે જે કોઈપણ વ્યક્તિ અમેરિકન સૈનિકોને પકડીને અમને સોંપશે અથવા તેમની હત્યા કરશે તેને ૩૦,૦૦૦ ડોલરનું જંગી ઈનામ અપાશે. આ સાથે તેમણે એવી પણ જાહેરાત કરી કે કોઈ ઈરાની મહિલા આ કામ કરશે તો તેને બમણું એટલે કે ૬૦,૦૦૦ ડોલરનું ઈનામ અપાશે. ઈરાની સેના પ્રમુખે દાવો કર્યો કે અમેરિકા સામે યુદ્ધમાં જોડાવા માટે જનતા તરફથી મળી રહેલા ભારે સમર્થન અને વિનંતી પછી આ યોજના તૈયાર કરાઈ છે. જોકે, હજુ એ સ્પષ્ટ નથી કરાયું કે આ કાર્યવાહી ક્યારે અને ક્યાં કરાશે, કારણ કે આ યુદ્ધમાં ઈરાનની અંદર હજુ સુધી અમેરિકન જમીની સૈનિકોની કોઈ તૈનાતી થઈ નથી.

હાતિમીએ એવી પણ જાહેરાત કરી છે કે જે હથિયારથી અમેરિકન સૈનિકની હત્યા કરાશે તેને બમણી કિંમતે ખરીદી લેવાશે અને હત્યા કરનાર વ્યક્તિને નવું હથિયાર અપાશે. ઈરાન સામેના યુદ્ધમાં અમેરિકાની સૈન્ય તાકત ખુલ્લી પડી ગઈ છે. હવે અમેરિકન સૈન્યને પર્શિયન અખાત, ઓમાનના અખાત અને હોર્મુઝની ખાડીમાં પ્રવેશવાની મંજૂરી નહીં મળે. ઈરાન સામે યુદ્ધ વચ્ચે મધ્ય-પૂર્વમાં અમેરિકન સૈન્યના ટોચના કમાન્ડર એડમિરલ બ્રાડ કૂપરે અરબી સમુદ્રમાં યુએસએસ લિંકન જહાજની મુલાકાત લીધી હતી. યુએસએસ અબ્રાહમ લિંકન જાન્યુઆરીથી અરબી સમુદ્રમાં તૈનાત છે. જોકે, દુનિયાની સૌથી શક્તિશાળી અમેરિકન નેવી હવે તેના સૈનિકોને જમીન પર પહોંચાડવા માટે અનેક વખત વિચાર કરવા મજબૂર થઈ ગઈ છે. અબ્રાહમ લિંકનમાં તૈનાત ૫,૦૦૦ સૈનિક ૨૫૦ દિવસથી સમુદ્રમાં છે. આ સૈનિકોને મધ્ય-પૂર્વમાં જમીન પર પહોંચાડવામાં અમેરિકાને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ઈરાને સતત અમેરિકાની સપ્લાય લાઈનો પર હુમલા કરીને સૈનિકો સુધી માલ-સામાન પહોંચાડવાનું મુશ્કેલ કર્યું છે.

## ઝિમ્બાબ્વેમાં એક ફેરી પલટી જતાં ૧૮ બાળકો સહિત ૭૨ લોકોના મોત

### બોટમાં ૯૦ મુસાફરોને બદલે ૧૫૩ મુસાફરો હતા

હરારે,

આ અઠવાડિયે ઝિમ્બાબ્વેમાં કરીબા તળાવ પર ઓવરલોડેડ ફેરી પલટી જતાં ૧૮ બાળકો સહિત ૭૦ થી વધુ લોકોના મોત થયા હતા. બચાવ ટીમોએ શનિવારે અન્ય ઘણા મુસાફરોના મૃતદેહ બહાર કાઢ્યા હતા. ત્યારબાદ પોલીસે મૃત્યુઆંક ૭૨ ની પુષ્ટિ કરી હતી. મંગળવારે જોરદાર મોજામાં ફેરી પલટી ગઈ હતી. પોલીસે જણાવ્યું હતું કે ૨૬ વધુ મૃતદેહો મળી આવ્યા હતા, જેના કારણે મૃત્યુઆંક ૭૨ થયો હતો. આ મહિનાની શરૂઆતમાં, ઈન્ડોનેશિયામાં પણ મોટી બોટમાં આગ લાગી હતી.

જૂની ફેરી કરીબા શહેરથી દેશના ઉત્તરપશ્ચિમમાં ગ્રામીણ અને માછીમાર સમુદાયો તરફ જઈ રહી હતી, જ્યાં રસ્તાઓ ખરાબ છે અને જાહેર પરિવહનનો અભાવ છે. અધિકારીઓએ જણાવ્યું નથી કે કેટલા લોકો તેમાં સવાર હતા અથવા કેટલા ગુમ છે. આ અકસ્માત મંગળવારે થયો હતો. ફેરીનું સંચાલન એક સરકારી એજન્સી દ્વારા કરવામાં આવતું હતું. તેનો ઉપયોગ કરીબા તળાવની આસપાસના ગ્રામીણ વિસ્તારોમાંથી લોકોને દરિયા કિનારે આવેલા કરીબા શહેરમાં લઈ જવા માટે થાય છે.

અંદાજો અનુસાર મુસાફરોની સંખ્યા ૧૫૩ સુધીની છે, જ્યારે અધિકારીઓ કહે છે કે ફેરીમાં ૯૦ લોકોની ક્ષમતા છે. ઝિમ્બાબ્વેની ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીએ જણાવ્યું હતું કે ૭૭ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. અધિકારીએ જણાવ્યું હતું કે ૭૭ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા અને તળાવના એક નાના ટાપુ પર લઈ જવામાં આવ્યા હતા, અને તેમને પાછા મેળવવા માટે બોટ મોકલવામાં આવી હતી. અધિકારીઓએ શરૂઆતમાં કહ્યું હતું કે ટિકિટિંગ વયથી ઓછી ઉંમરના લોકો મુસાફરોની સંખ્યામાં શામેલ ન હોવાથી બાળકોની સંખ્યા અજાણ હતી.

## હિઝબુલ્લાહ નાગરિકોનો માનવ ઢાલ તરીકે ઉપયોગ કરી રહ્યું છે: નેતન્યાહૂ

### હિઝબુલ્લાએ યુદ્ધવિરામનો ભંગ કર્યો અને ઈઝરાયલી સૈનિકો પર હુમલો કર્યો છે

તેલ અવીવ,

દક્ષિણ લેબનોનમાં ઈઝરાયલી હવાઈ હુમલા બાદ ઈઝરાયલ અને હિઝબુલ્લા વચ્ચે તણાવ ફરી વધ્યો છે. ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ આરોપ લગાવ્યો હતો કે હિઝબુલ્લાએ યુદ્ધવિરામનો ભંગ કર્યો છે અને ઈઝરાયલી સૈનિકો પર હુમલો કર્યો છે, જેમાં ત્રણ સૈનિકો ગંભીર રીતે ઘાયલ થયા છે. જવાબમાં, ઈઝરાયલી સેનાએ હિઝબુલ્લા બેઝ પર હુમલો કર્યો હતો.

લેબનોને પણ દાવો કર્યો હતો કે આ હુમલાઓમાં નાગરિકો માર્યા ગયા છે. ઈઝરાયલી વડા પ્રધાન કાર્યાલયે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે હિઝબુલ્લાએ સુરક્ષા ક્ષેત્રમાં તૈનાત ઈઝરાયલી સૈનિકો પર હુમલો કર્યો હતો, જેમાં ત્રણ સૈનિકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ત્યારબાદ આઈડીએફએ હિઝબુલ્લા મુખ્યાલયને નિશાન બનાવ્યું હતું જ્યાંથી હુમલો કરવાનો આદેશ આપવામાં આવ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.

નેતન્યાહૂના કાર્યાલય અનુસાર, ઈઝરાયલી સૈન્યને પાછળથી ખબર પડી કે જે સ્થળે હુમલો કરવામાં આવ્યો હતો ત્યાં નાગરિકો હાજર હતા. ઈઝરાયલનો આરોપ છે કે હિઝબુલ્લાહ ઈરાદાપૂર્વક તેના નાગરિકોનો ’માનવ ઢાલ’ તરીકે ઉપયોગ કરી રહ્યું છે જેથી તે પછીથી ઈઝરાયલ પર ઈરાદાપૂર્વક નાગરિકોને નિશાન બનાવવાનો આરોપ લગાવી શકે. ”ઢલ્ઢ અનુસાર, દક્ષિણ લેબનોનના અંસાર વિસ્તારમાં હિઝબુલ્લાહના રાદવાન ફોર્સના એક કેન્દ્રીય મુખ્યાલયને નિશાન બનાવવામાં આવ્યું હતું. સેનાએ દાવો કર્યો હતો કે આ હુમલામાં રદ્વાન ફોર્સના બટાલિયન કમાન્ડર અલી સમીર અલ-હજ હસન અને અન્ય ઘણા લોકો માર્યા ગયા હતા.આઈડીએફએ જણાવ્યું હતું કે હસનના પરિવારના સભ્યો પણ મુખ્યાલયની અંદર હાજર હતા અને હુમલામાં તેમને નુકસાન થયું હતું. જોકે, સેનાનો દાવો છે કે તેઓ હુમલાનું લક્ષ્ય નહોતા. ઈઝરાયલે આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ હસનને કાયદેસર લશ્કરી લક્ષ્ય ગણાવીને તેના પર તેના પરિવારનો માનવ ઢાલ તરીકે ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો.

# ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી

## રાજ્યમાં ૨૨ ઓગસ્ટ સુધી વરસાદી વાતાવરણ રહેશે : રાજ્યના ૧૩૧ તાલુકાઓમાં વરસાદ પડ્યો

અમદાવાદ,

હવામાન ખાતા દ્વારા રાજ્યમાં ૨૨ ઓગસ્ટ સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. ગુજરાત પર લો પ્રેશર, સાયક્લોનિક સર્ક્યુલેશન, સિયર ઝોન અને મોન્સૂન ટ્રફ સક્રિય થવાથી આગામી ૬દિવસ રાજ્યમાં સાર્વત્રિક વરસાદની શક્યતા છે. હવામાન વિભાગે ૨ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે. આ તરફ અમદાવાદમાં વાદળછાયા વાતાવરણ સાથે છૂટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૧ તાલુકામાં વરસાદ પડ્યો હતો.હવામાન કેન્દ્ર, અમદાવાદ મુજબ આજે કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, રાજકોટ, બોટાદ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, દીવમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. જ્યારે વાવ-થરાદ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર, અમદાવાદ, ખેડા, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, દમણ વલસાડ તથા દાદરા અને નગર હવેલીમાં કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

મંગળવાર, તા. ૧૮ ઓગસ્ટના રોજ કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, રાજકોટ, બોટાદ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, દીવમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. જ્યારે વાવ-થરાદ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર, અમદાવાદ, ખેડા, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, દમણ વલસાડ તથા દાદરા અને નગર હવેલીમાં કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.૧૯ થી ૨૨ ઓગસ્ટ દરમિયાન પણ કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, રાજકોટ, બોટાદ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, દીવમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. જ્યારે વાવ-થરાદ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર, અમદાવાદ, ખેડા, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, દમણ વલસાડ તથા દાદરા અને નગર હવેલીમાં કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર મુજબ રાજ્યમાં આજે સવારે ૬ વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાકમાં ૧૩૧ તાલુકામાં વરસાદ પડ્યો હતો. તાપીના ડોલવણમાં સૌથી વધુ ૧.૫૭ ઈંચ, નવસારીના ખેરગામમાં ૧.૪૬ ઈંચ, ગણદેવીમાં. ૧.૨૬ ઈંચ, ચીખલીમાં ૧.૦૨ ઈંચ, વલસાડમાં ૧.૦૨ ઈંચ વરસાદ નોંધાયો હતો. ૧૨૫ તાલુકામાં એક ઈંચ સુધીનો વરસાદ વરસ્યો હતો.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદ એરપોર્ટ પરથી અમેરિકા જવા રવાના

## મુખ્યમંત્રી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ સંદર્ભે અમેરિકા અને કેનેડાના પ્રવાસે



અમદાવાદ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદ એરપોર્ટ પરથી ૧૬ ઓગસ્ટ ની વહેલી પરોઢે અમેરિકા જવા રવાના થયા હતા.

મુખ્યમંત્રીશ્રી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ - ૨૦૨૭ સંદર્ભે અમેરિકા અને કેનેડાના પ્રવાસે ગયા છે. મુખ્યમંત્રીશ્રી અમેરિકા અને કેનેડાના રોકાણકારો અને ઉદ્યોગ મંડળો સાથે બેઠકો કરીને ગુજરાતમાં વિદેશી મૂડીરોકાણ વધારવા માટે પ્રયાસો કરશે.

મુખ્ય સચિવ શ્રી એમ.કે. દાસ, નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ટી. નટરાજન,ઉદ્યોગ અને ખાણ વિભાગનાં અધિક મુખ્ય સચિવ શ્રીમતી મમતા વર્મા, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર તેમજ મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે ઉપરાંત રાજ્યના ઉદ્યોગ વેપાર જગતનું પ્રતિનિધિ મંડળ મુખ્યમંત્રીશ્રીની સાથે આ વિદેશ પ્રવાસમાં સાથે રહેવાનું છે.

# ખેડાના ઠાસરામાં ચિતલાવથી સરદારપુરા ગામને જોડતો મુખ્ય બ્રિજ તૂટ્યો

## બે ગામો વચ્ચેનો વાહનવ્યવહાર અને સંપર્ક સંપૂર્ણપણે કપાઈ ગયો

ખેડા,

જીલ્લાના ઠાસરા તાલુકામાં બ્રિજ ધરાશાયી થવાની ઘટના બની હતી જ્યાં બે ગામોને જોડતો એક બ્રિજ અચાનક ધરાશાયી થયો હોવાનું જાણવા મળી રહ્યું છે. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ બે ગામો વચ્ચેનો વાહનવ્યવહાર અને સંપર્ક સંપૂર્ણપણે કપાઈ ગયો છે.

ઠાસરા તાલુકાના ચિતલાવથી સરદારપુરા ગામને જોડતો મુખ્ય બ્રિજ આજે રવિવારે સવારે આશરે ૧૦ વાગ્યાની આસપાસ ધરાશાયી થયો હોવાની ઘટના સામે આવી. મહી કેનાલમાંથી વધારાના પાણીના નિકાલ માટે બનાવવામાં આવેલી કાંસ પર આ બ્રિજ આવેલો હતો,જે અચાનક ધડાકાભેર અવાજ સાથે તૂટી પડ્યો હતો.

અચાનક બ્રિજ ધરાશાયી થવાના કારણે ચિતલાવ અને સરદારપુરા ગામ વચ્ચેનો સંપર્ક તૂટી ગયો છે, જેનાથી સ્થાનિક વાહનચાલકો અને ગ્રામજનો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. જોકે, રાહતના સમાચાર એ છે કે જ્યારે આ ઘટના બની ત્યારે બ્રિજ પર કોઈ વાહન અવર-જવરમાં ન હતું, જેથી એક મોટી જાનહાનિ ટળી છે.

આ ઘટના મામલે પ્રાથમિક માહિતી અનુસાર, બ્રિજ નીચે આવેલા પિલ્લરની આજુબાજુ મોટા પાયે પાણીના કારણે ધોવાણ થયું હોવાનું જણાઈ રહ્યું છે. આ ધોવાણના કારણે પિલ્લર નબળા પડ્યા અને બ્રિજ પોતાના વજનની સમતુલા ન જાળવી શકતા આ દુર્ઘટના ઘટી.

# ભરૂચ પોલીસે આંતરરાજ્ય ચોરી કરતી ટોળકીને ઝડપી પાડીને ૯.૭૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

## કાર રોકીને તપાસ કરતા તેમાં સોના-ચાંદી જેવા દેખાતા ઘરેણાં અને વિવિધ મૂર્તિઓ સહિતનો સામાન મળી આવ્યો

ભરૂચ,

ભરૂચ પોલીસની ટીમને વહન ચેકિંગ દરમિયાન એક મોટી સફળતા મળી છે જેમાં, આંતરરાજ્ય ચોરી કરતી ટોળકીને ઝડપી પાડીને ?૯.૭૨ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

પોલીસ દ્વારા પકડવામાં આવેલ ટોળકીની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, કર્ણાટકના કિટ્ટુર ખાતે આવેલી જ્વેલરી શોપમાં ચોરી કરીને ગુજરાત તરફ ભાગવાનો પ્રયાસ કર્યો હોવાનું સામે આવ્યું છે. નેત્રંગ ચેકપોસ્ટ પર પોલીસને જોઈને આરોપીઓએ કાર ભગાવી હતી, પરંતુ પોલીસે પીછો કરીને વાહન અટકાવી કાર્યવાહી કરી હતી.

આ મામલે પોલીસના જણાવ્યા મુજબ, વાહન ચેકિંગ દરમિયાન શંકાસ્પદ કારને રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પોલીસને જોઈને કારચાલકે કાર ભગાવવાનો પ્રયાસ કરતા પોલીસ ટીમે તેનો પીછો કર્યો હતો. કાર રોકીને તપાસ કરતા તેમાં સોના-ચાંદી જેવા દેખાતા ઘરેણાં અને વિવિધ મૂર્તિઓ સહિતનો સામાન મળી આવ્યો હતો.પ્રાથમિક તબક્કે કારમાં સવાર આરોપીઓમાંથી ત્રણને ઝડપી પાડવામાં આવ્યા હતા. જ્યારે અન્ય આરોપીઓ ફરાર થઈ ગયા હતા. ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસે તાત્કાલિક કોમ્બિંગ ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરમિયાન ડ્રોન કેમેરાની મદથી પણ શોધખોળ કરવામાં આવી હતી. પોલીસની સઘન કામગીરી બાદ ફરાર આરોપીઓને પણ ઝડપી પાડવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે.

પોલીસે આરોપીઓ પાસેથી મળેલા મુદ્દામાલની તપાસ કરતા કર્ણાટકના કિટ્ટુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી જ્વેલરી શોપની ચોરી સાથે કથિત કનેક્શન સામે આવ્યું હતું. કિટ્ટુરમાં ચોરી કર્યા બાદ આરોપીઓ ગુજરાત તરફ આવી રહ્યા હોવાની પ્રાથમિક માહિતીના આધારે હવે કર્ણાટક પોલીસ પણ સમગ્ર કેસની તપાસમાં જોડાઈ છે.નેત્રાંગ પોલીસે કાર્યવાહી દરમિયાન કાર, મોબાઈલ ફોન, સોના-ચાંદી જેવા દેખાતા ઘરેણાં અને મૂર્તિઓ સહિત કુલ ?૯.૭૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

# રાજ્યમાં વહીવટી તંત્રમાં ૧૪૪ વર્ગ-૧ના અધિકારીઓની બદલી અને બઢતી

## રાજ્ય સરકાર દ્વારા વહીવટી માળખાને વધુ અસરકારક બનાવવા માટે લેવાયો નિર્ણય

ગાંધીનગર,

એક મહત્વના ઘટનાક્રમમાં ગુજરાત સરકાર દ્વારા રાજ્યના વહીવટી માળખાને વધુ મજબૂત અને કાર્યક્ષમ બનાવવા માટે મોટા પાયે ફેરફારો કરવામાં આવ્યા છે. તાજેતરમાં જારી કરવામાં આવેલા સત્તાવાર આદેશ અનુસાર, ગુજરાત વહીવટી સેવા (Junior Scale) વર્ગ-૧ સંવર્ગમાં ફરજ બજાવતા કુલ ૧૪૪ અધિકારીઓની તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી છે. મહેસૂલ વિભાગ દ્વારા જાહેર કરાયેલી અધિસૂચના મુજબ આ તમામ અધિકારીઓને જાહેર હિતને ધ્યાનમાં રાખીને નવી જગ્યાઓ ફાળવવામાં આવી છે. વર્ગ-૧ ના અધિકારીઓની કરાઈ બદલી

આ વ્યાપક બદલી પ્રક્રિયામાં રાજ્યભરના ડેપ્યુટી કલેક્ટર, પ્રાંત અધિકારી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી તેમજ જિલ્લા પુરવઠા અધિકારી કક્ષાના મહત્વના ઉચ્ચ અધિકારીઓનો સમાવેશ થાય છે. સરકાર દ્વારા લેવાયેલા આ પગલાથી જિલ્લા સ્તરે વહીવટી કામગીરી વધુ વેગવંતી બનશે તેવી અપેક્ષા છે.

સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર, આ વ્યાપક ફેરબદલીની સાથે અગાઉના કેટલાક બદલીના હુકમો અને બઢતીના આદેશોમાં પણ આંશિક ફેરફાર કરવામાં આવ્યા છે. રાજ્યપાલના આદેશથી અને તેમના નામે સરકારના સંયુક્ત સચિવ દ્વારા આ તમામ નિયુક્તિઓના હુકમો બહાર પાડવામાં આવ્યા છે, જેના કારણે આંતરિક વહીવટી વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.

# બનાસકાંઠાના દાંતા ખાતે કોંગ્રેસના મહાસંમેલનમાં સાંસદ ગેનીબેનના ભાજપ સરકાર પર આકરા પ્રહાર

બનાસકાંઠા,

દાંતા ખાતે યોજાયેલા કોંગ્રેસના મહાસંમેલનમાં બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોરે હાજરી આપી હતી અને સ્ટેજ પરથી જનસભાને સંબોધતાં ગુજરાત સરકાર તથા કેન્દ્ર સરકારની નીતિઓ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે દારૂ, ડ્રગ્સ અને ખેડૂતોની સમસ્યાઓને લઈને સરકાર તથા પોલીસ પ્રશાસન પર આકરા શાબ્દીક પ્રહારો કર્યા હતા.



વધુમાં ગેનીબેન ઠાકોરે જણાવ્યું હતું કે, 'ભારતીય જનતા પાર્ટીની બોલવામાં અને વર્તવામાં જમીન આસમાનનો ફેર છે. એક તરફ દેશના વડાપ્રધાન અને પોલીસ તંત્ર ડ્રગ્સ મુક્ત અભિયાનની વાતો કરે છે, તો બીજી તરફ બનાસકાંઠા અને દાંતા જેવા વિસ્તારોમાં વાસ્તવિકતા સાવ અલગ છે.'

ગેનીબેને સરકારની નીતિઓ પર કટાક્ષ કરતા કહ્યું હતું કે, આજની તારીખે ખેડૂતોને યુરિયા ખાતર મેળવવા માટે કલાકો સુધી લાઈનોમાં ઊભા રહેવું પડે છે, છતાં ખાતર મળતું નથી. જ્યારે બીજી બાજુ દારૂ, ડ્રગ્સ કે અન્ય કેફી પદાર્થો જોઈતા હોય તો એક ફોન કોલ પર હોમ ડિલિવરી મળી રહે છે. આ બધી પ્રવૃત્તિઓની પોલીસને પૂરતી જાણ હોવા છતાં કોઈ કડક કાર્યવાહી કરવામાં આવતી નથી.

ગેનીબેન ઠાકોરે સનસનાટીભર્યો આક્ષેપ કરતા કહ્યું કે, ગેરકાયદે પ્રવૃત્તિઓમાંથી ઉઘરાવાતા હપ્તા માત્ર ગાંધીનગર સુધી જ નહીં, પરંતુ દિલ્હી સુધી પહોંચે છે. આ હપ્તાખોરીના કારણે જ પ્રદેશના યુવાનો બરબાદ થઈ રહ્યા છે અને બહેન-દીકરીઓએ વિધવા બનવાનો વારો આવે છે.

મંચ પરથી ગેનીબેન ઠાકોરે કહ્યું હતું કે અને હું તો પ્રદેશ અધ્યક્ષ અને સમગ્ર કોંગ્રેસ પાર્ટીને વિનંતી કરું છું કે સમગ્ર જિલ્લાના ને રાજ્યની અંદર દેશી દારૂના બુટલેગરો કેટલા છે, ઈંગ્લિશ દારૂના બુટલેગરો કેટલા છે, ડ્રગ્સ વેચવાવાળા કેટલા છે, આ બધાનું સર્વે કરાવો. કોંગ્રેસ પાર્ટીના કાર્યકરો એની યાદી બનાવે, અને યાદી બનાવીને મોબાઈલ નંબર સાથે દેશના ગૃહમંત્રીને અને રાજ્યના ગૃહમંત્રીને તેની કોપી આપો.

# વાપીના સલવાવ રહેણાક વિસ્તારમાં ફરતો દીપડો આખરે પાંજરે પૂરાયો



વાપી,

વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં આવતા સલવાવમાં ધોડિયાવાડ ખાતે છેલ્લા ૨-૩ દિવસથી લોકોને દીપડો ફરતો દેખાયો હતો જે બાદ તાત્કાલિક વન વિભાગે પાંજરું ગોઠવ્યુ હતું.

આ બાબતે મીડિયા સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વાપીના સલવાવના રહેણાંક વિસ્તાર ધોડિયાવાડમાં ૨-૩ દિવસ અગાઉ દીપડો દેખાયાની વાત વાયુવેગે ફેલાઈ ગઈ હતી, જેને પગલે લોકોમાં ગભરાટનો માહોલ સર્જાયો હતો. આ અંગે વન વિભાગને જાણ કરવામાં આવતાં અધિકારીઓ અને ટીમ ઘટનાસ્થળે પહોંચી ગયાં હતાં અને દીપડાને પકડવા માટે કવાયત હાથ ધરી હતી. રહેણાક વિસ્તારમાં વન વિભાગ દ્વારા પાંજરું ગોઠવી હાથ ધરાયેલી કામગીરી દરમિયાન શનિવારે સાંજે દીપડો પાંજરે પૂરાઈ ગયો હતો. આ બાબતની જાણ થતાં જ સ્થાનિક આગેવાનો સહિત મોટી સંખ્યામાં લોકો એકત્રિત થઈ ગયા હતા. દીપડો પકડાઈ જતાં લોકોએ હાશકારો અનુભવ્યો હતો. ત્યારબાદ વન વિભાગે દીપડાનો કબજો મેળવી પશુ ચિકિત્સક પાસે તેનું સ્વાસ્થ્ય પરીક્ષણ કરાવ્યું હતું. જરૂરી પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ વન વિભાગ દ્વારા દીપડાને સુરક્ષિત જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવશે.

# સુરતના ભેસ્તાનમાં મહાવીર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં સોફાના કારખાનામાં આગ

## ફાયર ટીમના સમયસૂચક પ્રયાસોના કારણે આગ આસપાસના અન્ય કારખાનાઓમાં ફેલાતા અટકી

સુરત,

સુરત શહેરના ભેસ્તાન વિસ્તારમાં આવેલા મહાવીર ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં એક સોફાના કારખાનામાં અચાનક ભીષણ આગ ફાટી નીકળવાની ઘટના બની હતી. દિવસના સમયે અચાનક આગ લાગવાને કારણે આસપાસના ઔદ્યોગિક વિસ્તારમાં અને કારખાનાઓમાં ભારે દોડધામ અને અફરાતફરી મચી ગઈ હતી. ફેક્ટરીની અંદરથી આગની ઊંચી જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી નજરે પડતા સ્થાનિક લોકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો.

સોફા બનાવવાના આ કારખાનાની અંદર મોટા પ્રમાણમાં રૂ અને ફોમનો જથ્થો તેમજ અત્યંત જ્વલનશીલ કેમિકલ રાખવામાં આવ્યું હતું. આ તમામ સાધન-સામગ્રી ખૂબ જ ઝડપથી આગ પકડી લે તેવી હોવાથી જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. અગમ્ય કારણોસર લાગેલી આ આગ ક્ષણભરમાં આખા કારખાનામાં ફેલાઈ ગઈ હતી.

સુરત ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ઘટના સ્થળે પહોંચેલી સુરત ફાયર બ્રિગેડની ટીમ દ્વારા તાત્કાલિક મોરચો સંભાળી લેવામાં આવ્યો હતો અને ચારેય તરફથી પાણીનો ભારે મારો ચલાવીને કલાકોની મહેનત બાદ આગ પર પૂર્ણપણે કાબૂ મેળવ્યો હતો. ફાયર ટીમના સમયસૂચક પ્રયાસોના કારણે આગ આસપાસના અન્ય કારખાનાઓમાં ફેલાતા અટકી હતી. આ ગંભીર હોનારતમાં કારખાનાની અંદર રહેલો તમામ મોંઘો સામાન, કાચો માલ અને મશીનરી સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયા છે, જેના કારણે કારખાના માલિકને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. જોકે, સૌથી રાહતના સમાચાર એ છે કે, આ ઘટના સમયે કોઈ જાનહાની થઈ નથી. હાલમાં આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી અને તે અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# આરોગ્યકર્મી પ્રત્યેક દર્દી પ્રત્યે અત્યંત સંવેદનશીલતા, સહાનુભૂતિ અને માનવતા દાખવે : ડો. રાકેશ જોશી

## અધિક મુખ્ય સચિવ રાજીવ ટોપનોના હસ્તે મેડીસીટી કેમ્પસની વિવિધ હોસ્પિટલોમાં ઉત્કૃષ્ટ સેવાઓ આપનાર ૧૫ આરોગ્યકર્મીઓનું સન્માન કરાયું

અમદાવાદ,

અમદાવાદ સિવિલ હોસ્પિટલ (મેડીસીટી કેમ્પસ)ના અસ્મિતા ભવન ખાતે દેશના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહ અને દેશભક્તિસભર વાતાવરણમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવ ટોપનોએ ગૌરવપૂર્વક ધ્વજવંદન કરાવી રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

આ તકે અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવ ટોપનોએ જણાવ્યું હતું કે, કોઈપણ સંસ્થાની સફળતા પેશન (ઉત્સાહ), ડેડિકેશન (સમર્પણ) અને ટીમવર્કના યોગ્ય સમન્વય પર નિર્ભર કરે છે. ખાસ કરીને આરોગ્ય ક્ષેત્રમાં દર્દીઓની સેવા માટે સમર્પણભાવ અને નવતર પહેલ અત્યંત જરૂરી છે. સકારાત્મક પરિવર્તનને સ્વીકારીને આગળ વધવાની માનસિકતા જ સંસ્થાને પ્રગતિના નવા શિખરો પર લઈ જાય છે.

સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. રાકેશ જોશીએ સ્વાગત પ્રવચન આપતા હોસ્પિટલની વાર્ષિક કામગીરી, ઓપીડી, ઈન્ડોર સારવાર તેમજ અંગદાન ક્ષેત્રે થયેલી સિદ્ધિઓના આંકડા રજૂ કર્યા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સરકારી હોસ્પિટલ દર્દીઓ માટે આશા અને વિશ્વાસનું કેન્દ્ર છે. આથી, દરેક આરોગ્યકર્મીએ સારવાર અર્થે આવતા પ્રત્યેક દર્દી પ્રત્યે અત્યંત સંવેદનશીલતા, સહાનુભૂતિ અને માનવતાપૂર્વક વર્તવું જોઈએ.

કાર્યક્રમની શરૂઆતમાં બી.જે. મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા એક હૃદયસ્પર્શી નાટક રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ બોમ્બ બ્લાસ્ટ જેવી કટોકટી કે ગંભીર ઈમરજન્સીની સ્થિતિમાં તબીબો અને આરોગ્યકર્મીઓ પોતાના પરિવાર કે આરામની પરવા કર્યા વિના સતત ૨૪થી ૩૬ કલાક સુધી જે નિષ્ઠાપૂર્વક સેવા આપે છે, તેનું તાદશ ચિત્રણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ, વિદેશ ગમનની આંધળી દોટ છોડી દેશની માટીમાં રહીને રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવાનો ભાવનાત્મક સંદેશ પણ નાટક દ્વારા આપવામાં આવ્યો હતો, જેને જોઈ ઉપસ્થિત સૌ કોઈ ભાવવિભોર બન્યા હતા.

# અમદાવાદના રાણીપ વિસ્તારમાં સુભાષબ્રિજ સર્કલ પાસે એક યુવકની જૂની અદાવતમાં કરપીણ હત્યા

## આરોપી વિશાલ ચૌહાણ વિરુદ્ધ વાડજ પોલીસ સ્ટેશનમાં અગાઉ હત્યા સહિતના ગંભીર ગુનાઓ નોંધાયેલા છે

અમદાવાદ,

શહેરના રાણીપ વિસ્તારમાં સુભાષબ્રિજ સર્કલ પાસે યુવકની કરપીણ હત્યાની ઘટના બની છે. રણછોડભાઈ ઉર્ફે અજય રાજુભાઈ સાલવી નામના યુવક પર ધારિયા, તલવાર અને છરી જેવા હથિયારો વડે હુમલો કરવામાં આવ્યો હતો. ગંભીર ઈજાઓ થતાં તેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો




આ હત્યાની ઘટના મામલે મળતી પ્રાથમિક માહિતી અનુસાર આ હત્યા પાછળ જૂની અંગત અદાવત કારણભૂત હોવાનું સામે આવ્યું છે. ફરિયાદી ભરત લક્ષ્મણ સાલવીના જણાવ્યા મુજબ, અગાઉ અજય સાલવીએ મદ્રાસી લોકો સાથે થયેલા ઝઘડામાં દરમિયાનગીરી કરી તેમનો પક્ષ લીધો હતો. આ બાબતે અંકિત અને પાર્થ ઉર્ફે પાવડર સાથે અદાવત ઊભી થઈ હતી. થોડા દિવસ પહેલાં અજયના કૌટુંબિક ભાઈ અજય ભગીરથ સાલવી સાથે પણ અંકિત અને પાર્થ ઉર્ફે પાવડરે સુભાષબ્રિજ સર્કલ પાસે ચા પીવા દરમિયાન બોલાચાલી કરી મારામારી કરી હતી. ત્યારબાદ મૃતક અજય સાલવીએ પાર્થ ઉર્ફે પાવડરને ફોન કરી તેના ભાઈને માર મારવા બાબતે ઉગ્ર બોલાચાલી કરી હતી. આ દરમિયાન બંને તરફથી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાની ફરિયાદમાં વિગતો સામે આવી છે.

રાતના સમયે અજય સાલવી પોતાની નિયમિત બેઠકવાળી જગ્યાએ ચા પીવા માટે ગયો હતો. તે સમયે પીકઅપ ડાલામાં આવેલા શખ્સોએ અચાનક તેના પર ધારિયા સહિતના હથિયારોથી હુમલો કર્યો હતો. હુમલાથી બચવા અજય ભાગવાનો પ્રયાસ કરતા પડી ગયો હતો અને તેના પીઠ, પેટ તથા ગરદનના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

### રાજકોટ જિલ્લા પ્રભારી મંત્રી જીતુ વાઘાણીની અધ્યક્ષતામાં રાજકોટ દૂધ સંઘ દ્વારા અંતિમ દૂધ ભાવ વિતરણનો કાર્યક્રમ યોજાયો

# ૫૨,૮૧૨ પશુપાલકોના બેન્ક ખાતામાં રૂ. ૭૫ કરોડની રકમના અંતિમ દૂધ ભાવની ડિજીટલી ચૂકવણી

### ’સહકારથી સમૃદ્ધિ’ના મંત્ર સાથે દેશમાં સહકારી ક્ષેત્રને મજબૂત બનાવવામાં આવી રહ્યું છેઃ મંત્રી જીતુભાઈ વાઘાણી



તસવીર : દિલિપ ગોહેલ



રાજકોટઃ

રાજકોટ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ દ્વારા આજરોજ જિલ્લા પ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતા તેમજ સાંસદ શ્રી પરશોત્તમભાઈ રૂપાલા અને ધારાસભ્યો શ્રી જયેશભાઈ રાદડીયા તથા શ્રી ભાનુબેન બાબરીયાની ઉપસ્થિતિમાં અંતિમ દૂધ ભાવ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ’સહકારથી સમૃદ્ધિ’ પ્રોજેક્ટ હેઠળ વર્ષ ૨૦૨૫-’૨૬ના નફામાંથી કુલ ૫૨,૮૧૨ પશુપાલકોના બેન્ક ખાતામાં પ્રતિ કિલોગ્રામ પેટે રૂ. ૮૪ લેખે કુલ રૂ. ૭૫ કરોડની રકમના અંતિમ દૂધ ભાવની ડિજીટલી ચૂકવણી કરવામાં આવી હતી.

આ તકે કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ સ્વતંત્રતા દિવસની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, રાજ્યમાં પશુપાલન, કૃષિ અને ડેરી ક્ષેત્રના વિકાસ માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ ’સહકારથી સમૃદ્ધિ’ના મંત્ર સાથે દેશમાં સહકારી ક્ષેત્રને મજબૂત બનાવવામાં આવી રહ્યું છે. દેશમાં પ્રાઈમરી એગ્રીકલ્ચરલ ક્રેડિટ સોસાયટીઝને બહુહેતુક બનાવીને સહકારી મંડળીઓને વધુ સત્તા આપવામાં આવી છે. સહકારી બેન્કમાં થાપણો સાથે માઈક્રો એ.ટી.એમ.ની સુવિધા થકી છેવાડાના ગ્રામીણ વિસ્તાર સુધી વહીવટ સરળ બન્યો છે. આ પ્રસંગે મંત્રીશ્રીએ રાજ્ય સરકાર દ્વારા રાજકોટને બાયો સી.એન.જી. પ્લાન્ટ માટે જમીન અને સહાય પૂરી પાડવાની ખાતરી આપવામાં આવી હતી.

સાંસદ શ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ ભાવ તફાવતની સમજ આપતા જણાવ્યું હતું કે પશુપાલકો પાસેથી દૂધ ખરીદતી વખતે નિયમિત ચૂકવવામાં આવતા ભાવ ઉપરાંત, દૂધ અને તેની બનાવટોના વેચાણમાંથી જે નફો થાય છે તે નફો પુનઃ પશુપાલકોને જ પાછો આપવામાં આવે છે. તેમણે ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં નવા સહકાર મંત્રાલયની સ્થાપના થઈ છે. દેશના સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ સહકારી ક્ષેત્રમાં ક્રાંતિકારી ફેરફારો લાવવામાં આવ્યા છે. હવે ગામડાંની સહકારી મંડળીઓને માત્ર દૂધ કે બેંકિંગ પૂરતી સીમિત ન રાખતાં, રેશનિંગ દુકાન, ગેસ વિતરણ અને અન્ય સરકારી લાયસન્સની પ્રક્રિયાઓ સાથે પણ જોડવામાં આવશે. ધારાસભ્ય શ્રી જયેશભાઈ રાદડીયાએ જણાવ્યું હતું કે, સહકારી ક્ષેત્રના પારદર્શક વહીવટના કારણે રાજકોટ ડેરીએ રૂ. ૯૦ કરોડનો ઐતિહાસિક નફો નોંધાવ્યો છે. જિલ્લામાં દરરોજ સરેરાશ ૪.૫૦ લાખ લીટર દૂધની આવક થાય છે. રાજકોટ ડેરી અને સહકારી બેન્કના સશક્ત સંકલનથી રાજકોટ જિલ્લાનું સહકારી માળખું સમગ્ર દેશમાં અગ્રણી સ્થાન ધરાવે છે.વિવાંતા પાર્ટી પ્લોટ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે સૌથી વધારે ભાવફેર મેળવનારી ૧૯ દૂધ મંડળીઓના મંત્રી અને પ્રમુખનું ગાયની પ્રતિમા અને શાલ તેમજ સૌથી વધારે ભાવફેર મેળવનારા ૧૪ આદર્શ દૂધ ઉત્પાદકોને ભાવ તફાવતનો ચેક આપીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત, પશુપાલકોને અકસ્માત વીમા ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અગ્રણી શ્રી અલ્પેશભાઈ ઢોલરીયા, રાજકોટ ડેરીના ચેરમેન શ્રી ગોરધનભાઈ ધામેલીયા અને સભાસદ શ્રી વનરાજભાઈ ખીંટે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. ઉલ્લેખનીય છે કે રાજકોટ દૂધ સંઘ સૌરાષ્ટ્રભરમાં દૂધ ઉત્પાદકોના બેન્ક ખાતામાં ભાવફેરની રકમ જમા કરાવતો એક માત્ર દૂધ સંઘ છે. પશુપાલકોની ઓળખ એવા ગામઠી પાઘડી, કોટ અને લાકડીથી પશુપાલકોએ મહાનુભાવોનો આભાર વ્યક્ત કર્યો હતો. આ તકે રાજકોટ ડેરીના પૂર્વ ચેરમેન શ્રી ગોવિંદભાઈ રાણપરીયા, શ્રી વલ્લભભાઈ ઝાપડીયા સહિત અગ્રણીઓ અને પશુપાલકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# રાજકોટ રેલવે ડિવિઝનમાં ૮૦મા સ્વતંત્રતા દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી



રાજકોટઃ

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં ૮૦મો સ્વતંત્રતા દિવસ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે રાજકોટ સ્થિત ડીઆરએમ કાર્યાલય પરિસરમાં યોજાયેલા સમારોહમાં રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીનાએ ધ્વજવંદન કર્યું, રાષ્ટ્રીય ધ્વજને સલામી આપી તથા સમારંભિક પરેડનું નિરીક્ષણ કર્યું. શ્રી મીનાએ રેલકર્મીઓને સંબોધિત કરતા તેમને તથા તેમના પરિજનોને સ્વતંત્રતા દિવસની શુભેચ્છાઓ પાઠવી અને પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડેનો સંદેશ સંભળાવ્યો.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, ત્યારબાદ યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં રેલ કર્મચારીઓ દ્વારા રજૂ કરવામાં આવેલા ગીતો અને સમૂહ નૃત્યે સમગ્ર વાતાવરણને દેશભક્તિની ભાવનાથી સભર કરી દીધું. રાજકોટ ડિવિઝનમાં ‘સ્વતંત્રતા દિવસ સમારોહ-૨૦૨૬’ અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ઉત્કૃષ્ટ કામગીરી કરનારા વિવિધ વિભાગોના કુલ ૪૦ કર્મચારીઓને ડિવિઝનલ રેલ પ્રબંધક શ્રી ગિરિરાજ કુમાર મીના દ્વારા મેરિટ સર્ટિફિકેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા.

૮૦મા સ્વતંત્રતા દિવસના પ્રસંગે પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન , રાજકોટ દ્વારા રાજકોટ સ્થિત રેલવે હોસ્પિટલમાં દાખલ દર્દીઓને ફળોના પેકેટ વિતરિત કરવામાં આવ્યા. આ પ્રસંગે હોસ્પિટલના સ્ટાફને ડિનર સેટ અને સર્વિંગ પ્લેટ્સ પણ ભેટ આપવામાં આવ્યા. આ કાર્યક્રમમાં પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, રાજકોટના અધ્યક્ષ શ્રીમતી મુકેશી મીના, ઉપાધ્યક્ષ શ્રીમતી રશ્મિ સિંહ અને સચિવ શ્રીમતી એકતા જૈન તથા તેમની ટીમ ઉપસ્થિત રહી.

સ્વતંત્રતા દિવસના આ સમારોહમાં અપર ડિવિઝનલ રેલ પ્રબંધક શ્રી બ્રિજેશ કુમાર સિંહ, ડિવિઝનલ સિક્યુરિટી કમિશનર શ્રી કમલેશ્વર સિંહ, વરિષ્ઠ ડિવિઝનલ કાર્મિક અધિકારી શ્રી અમૃત સોલંકી, મુખ્ય તબીબી અધિક્ષક ડૉ. રાજકુમાર, વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ, ટ્રેડ યુનિયનો અને સંગઠનોના હોદ્દેદારો, પેન્શનર્સ તથા રેલ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા.

કાર્યક્રમના અંતમાં વરિષ્ઠ ડિવિઝનલ સામગ્રી પ્રબંધક શ્રીમતી આશા રજનીએ સમારોહને સફળ બનાવવા માટે તમામનો આભાર વ્યક્ત કર્યો.

# ચૌધરી હાઈસ્કૂલ ખાતે દેશભક્તિસભર માહોલમાં સ્વાતંત્ર્ય પર્વની શહેરકક્ષાની ઉજવણી કરવામાં આવી





રાજકોટઃ

રાજકોટમાં આવેલી ચૌધરી હાઈસ્કૂલના પટાંગણમાં ૮૦મા સ્વાતંત્રતા પર્વની શહેરકક્ષાની ઉજવણી ઉત્સાહપૂર્ણ માહોલમાં કરવામાં આવી હતી. આ ગૌરવવંતા પ્રસંગે રાજકોટ જિલ્લા નિવાસી અધિક કલેક્ટર શ્રી જયભાઈ બારોટના હસ્તે આન-બાન-શાનથી રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવ્યો હતો. આ તકે જનતાએ રાષ્ટ્રગીત તેમજ રાષ્ટ્રગાનના સથવારે તિરંગાને સલામી આપી રાષ્ટ્ર પ્રત્યે આદર વ્યક્ત કર્યો હતો.

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ધ્વજારોહણ બાદ નિવાસી અધિક કલેક્ટર શ્રી જયભાઈ બારોટે પરેડ કમાન્ડર પી.એસ.આઈ. શ્રી એમ. ડી. દેવમુરારી સાથે મળીને ગુજરાત પોલીસ, હોમગાર્ડ્ઝ તેમજ એન.સી.સી. ગર્લ્સ કેડેટ્સ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલી શિસ્તબદ્ધ અને આકર્ષક પરેડનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે નિવાસી અધિક કલેક્ટર શ્રી જયભાઈ બારોટે સ્વાતંત્ર્ય દિવસની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, અઢીસો વર્ષની અંગ્રેજોની ગુલામીમાંથી મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ, ભગતસિંહજી અને ચંદ્રશેખર આઝાદ જેવા મહાન નેતાઓના નેતૃત્વ હેઠળ હજારો ભારતીયોના બલિદાન અને ત્યાગના પરિણામે આપણને મહામૂલી સ્વતંત્રતા પ્રાપ્ત થઈ છે. આજે આકાશમાં લહેરાતો આપણો તિરંગો માત્ર ત્રણ રંગ નથી, પરંતુ તે આપણા દેશભક્તોનું બલિદાન, સૈનિકોની શૌર્યગાથા, સંતોનું તપ, ખેડૂતોનો પરિશ્રમ, વૈજ્ઞાનિકોની પ્રતિભા અને ૧૪૦ કરોડ ભારતીયોની આશાનું પ્રતીક છે. આઝાદી સમયે દેશ સામે અનેક પડકારો હતા પરંતુ ’વિવિધતામાં એકતા’ના બળે આજે ભારત વિશ્વગુરુ બનવા તરફ જઈ રહ્યું છે.

ભારતીય પ્રાચીન વિરાસતનો ઉલ્લેખ કરતા તેમણે ઉમેર્યું હતું કે, હજારો વર્ષો પહેલાં આપણા ઋષિમુનિઓએ ષડદર્શન, ખગોળ શાસ્ત્ર, રસાયણ વિજ્ઞાન, આયુર્વેદ અને યોગના માધ્યમથી વિશ્વને જીવવાની શૈલી શીખવી હતી. મહર્ષિ આર્યભટ્ટ દ્વારા શોધાયેલી શૂન્ય અને દશાંશ પદ્ધતિથી લઈને મોહેં-જો-દડો અને લોથલના આધુનિક શહેરીકરણ સુધીની આપણી ધરોહર અજોડ રહી છે. આજે ભારત પોતાની વિરાસત જાળવીને વિકાસના પંથે આગળ વધી રહ્યું છે. આ અવસરે વિવિધ શાળાઓના ૧૦૦થી વધુ બાળ કલાકારોએ જયતુ જયતુ ભારતમ્, ઈતિહાસ કા આઈના, તલવારો પે સર વાર દીયે, સુજલામ્ સુફલામ્ જેવા દેશભક્તિના ગીતો પર નૃત્ય પ્રસ્તુત કરતા સમગ્ર માહોલ રાષ્ટ્રપ્રેમસભર બન્યો હતો.

# ૮૦મા સ્વતંત્રતા પર્વની રાજકોટ જિલ્લાકક્ષાની ગોંડલ ખાતે દેશભક્તિપૂર્ણ માહોલમાં થઈ ઉજવણી





રાજકોટઃ

૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજકોટ જિલ્લાકક્ષાની ઉજવણી સંગ્રામસિંહજી હાઈસ્કૂલ, ગોંડલ ખાતે દેશભક્તિપૂર્ણ માહોલમાં કરવામાં આવી હતી. કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ ધ્વજારોહણ કરી તિરંગાને સલામી આપી હતી.

રાષ્ટ્રીય પર્વના પ્રારંભે ઉપસ્થિત નાગરિકોએ સૌપ્રથમ રાષ્ટ્રગીતનું ગાન કર્યું હતું. બાદમાં પોલીસ બેન્ડ પર રાષ્ટ્રગાનની ધૂન રજૂ થઈ હતી.ધ્વજારોહણ બાદ મંત્રીશ્રીએ ખુલ્લી જીપમાં પરેડનું નિરીક્ષણ કર્યું તેમજ નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું. આ તકે તેમની સાથે જિલ્લા કલેકટરશ્રી ડૉ. ઓમ પ્રકાશ અને જિલ્લા પોલીસ વડા શ્રી વિજયસિંહ ગુર્જર તેમજ મુખ્ય પરેડ કમાન્ડર, પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી પ્રાગરાજસિંહ જાડેજાએ પરેડનું નેતૃત્વ કર્યું હતું.

આ તકે નાગરિકોને સંબોધતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કરી ગોંડલવાસીઓ અને ઉપસ્થિત સૌને ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની શુભકામનાઓ પાઠવી, ગોંડલના પ્રજાવત્સલ રાજવી ભગવતસિંહજીને યાદ કર્યા હતા.મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અનેક શહીદવીરોએ આઝાદી માટે પોતાના બલિદાનો આપ્યા ત્યારે વર્ષોના સંઘર્ષ પછી આપણને સ્વરાજય પ્રાપ્ત થયું છે.પૂજ્ય મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલની આ પવિત્ર ભૂમિએ સત્ય, અહિંસા અને સ્વરાજનો સંદેશ વિશ્વને આપ્યો, એ જ સંદેશને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સમગ્ર વિશ્વને ‘વસુધૈવ કુટુમ્બકમ’ની ભાવના સાથે આગળ લઈ જઈ રહ્યા છે.

તેમણે કહ્યું હતું કે, આપણા સ્વતંત્રતા સેનાનીઓએ સમગ્ર દેશને એકતાના સૂત્રમાં બાંધતા દેશને સ્વતંત્રતા મળી. એ જ પ્રકારે સમગ્ર દેશ આજે આગળ વધી રહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ‘વિકસિત ભારત’ના સંકલ્પને સાકાર કરવા આપણે સૌને સાથે મળીને આગળ વધીએ તેવો પ્રયાસ કરી રહ્યાં છે. ૧૪૦ કરોડની વસ્તી ધરાવતો દેશ એક-એક ડગલું આગળ વધે તો એક ક્ષણે ૧૪૦ કરોડ ડગલા ભારત આગળ વધી શકે છે.વિકસિત ભારત માટે રાષ્ટ્રહિતમાં નિર્ણયો લેવાઈ અને દરેક નીતિથી છેવાડાનો અંતિમ માણસ મુખ્ય પ્રવાહમાં ભળે તેવો સંકલ્પ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યો હોવાનું મંત્રીશ્રીએ કહ્યું હતું.તેમણે કેન્દ્ર અને રાજ્ય સરકારની જન કલ્યાણકારી યોજનાઓનો ઉલ્લેખ કર્યો હતો. જેમાં આયુષ્યમાન ભારત, ઉજ્જવલા યોજના, જન-ધન યોજના, પીએમ સૂર્યઘર, ખેડૂત કલ્યાણકારી યોજનાઓ સહિત યોજનાઓનો લાભ તમામ લાભાર્થીઓને મળી રહ્યો હોવાનું ઉમેર્યું હતું.પર્યાવરણની સુરક્ષા માટે ’એક પેડ મા કે નામ’ અભિયાન જનઆંદોલન બન્યું છે. ૧૭ કરોડથી વધુ વૃક્ષોનું વાવેતર કરીને પર્યાવરણ સુરક્ષાની દિશામાં ગુજરાતે દેશને નવી દિશા બતાવી હોવાનું તેમણે જણાવ્યું હતું.

આ અવસરે મંત્રીશ્રી તેમજ અન્ય મહાનુભાવોના હસ્તે સ્વાતંત્ર્ય સેનાનીઓ તેમજ વિશિષ્ટ કામગીરી કરનાર ૭૯ કર્મયોગીઓને પ્રમાણપત્ર પાઠવી સન્માનિત કરાયા હતાં.રાષ્ટ્રીય પર્વમાં મુખ્ય પરેડ કમાન્ડર પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી પ્રાગરાજસિંહ જાડેજાની આગેવાનીમાં પ્લાટુન કમાન્ડર પી.એસ.આઈ.શ્રી વિવેક સુરાણી, શ્રી ધર્મેશ રંગાણી, શ્રી અનિલ ચૌધરી, શ્રી નયનાબા ગોહિલ, જી.આર.ડી. પ્લાટુન કમાન્ડર શ્રી બીપીનભાઈ સોનરાત, એસ.પી.સી. પ્લાટુન કમાન્ડરશ્રી રિધ્ધીબેન સિધ્ધપુરા તથા બેન્ડ પ્લાટુન મેજરશ્રી આભાર - નિહારીકા રવિયા ડી.પી.સોંદરવાની આગેવાનીમાં વિવિધ પ્લાટુન જોડાઈ હતી.

# ખોડલધામ કાગવડ ખાતે ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની દેશભક્તિભેર ઉજવણી



વીરપુરઃ

સમગ્ર દેશમાં ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની દેશભક્તિ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે સૌરાષ્ટ્રના જગવિખ્યાત યાત્રાધામ ખોડલધામ કાગવડ ખાતે પણ રાષ્ટ્રીય પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

ખોડલધામ ટ્રસ્ટ દ્વારા મંદિર પરિસરમાં રાષ્ટ્રધ્વજ ફરકાવી ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખોડલધામના તમામ સ્ટાફે રાષ્ટ્રગીતનું ગાન કરી દેશપ્રેમની લાગણી વ્યક્ત કરી હતી. ત્યારબાદ એકબીજાના મોં મીઠા કરાવી સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

સ્વાતંત્ર્ય પર્વને અનુલક્ષીને સમગ્ર ખોડલધામ મંદિર પરિસરને તિરંગાના રંગોથી શણગારવામાં આવ્યું હતું. મંદિર પરિસરમાં દેશભક્તિનો માહોલ છવાયો હતો. સાથે જ મા ખોડલની પ્રતિમાને પણ તિરંગાના રંગના વાઘા પહેરાવવામાં આવ્યા હતા, જે શ્રદ્ધા સાથે રાષ્ટ્રભક્તિનું અનોખું સંગમ રજૂ કરતું દૃશ્ય બન્યું હતું.

લેઉવા પટેલ સમાજની આસ્થાનું પ્રતીક એવા ખોડલધામ મંદિરના નિર્માણકાળથી જ અહીં ધર્મની ધજા સાથે રાષ્ટ્રધ્વજ પણ કાયમી રીતે ફરકાવવામાં આવે છે. મંદિર પરિસરમાં ધાર્મિક આસ્થા સાથે રાષ્ટ્રપ્રેમની ભાવનાને પણ સતત પ્રાધાન્ય આપવામાં આવે છે.

દેશના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિત્તે ખોડલધામ કાગવડ પણ તિરંગાના રંગે રંગાયું હતું અને ધ્વજવંદન, રાષ્ટ્રગીત તથા દેશભક્તિના માહોલ વચ્ચે રાષ્ટ્રીય પર્વની ગૌરવભેર ઉજવણી કરવામાં આવી હતી.

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અટલ સરોવર ખાતે ખાતે સ્વાતંત્ર્ય પર્વ’’ની શાનદાર ઉજવણી





રાજકોટઃ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૫-મી ઓગષ્ટ, દેશના ૮૦માં ‘‘સ્વાતંત્ર્ય પર્વ’’ની ઉજવણી અંતર્ગત આજ તા.૧૫/૦૮/૨૦૨૬, શનિવારના રોજ સવારે ૦૯:૦૦ કલાકે ‘અટલ સરોવર’, અટલ સ્માર્ટ સિટી વિસ્તાર, નવો ૧૫૦ ફૂટ રિંગ રોડ ખાતે સૌ પ્રથમ રાષ્ટ્રીય ગીત ‘‘વંદે માતરમ’’નું સમૂહ ગાન કરાયા બાદ માન. મેયરશ્રી ડૉ. નેહલ શુક્લએ ત્રિરંગો લહેરાવી, ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી અર્પણ કરી હતી અને એ સાથે જ ઉપસ્થિત સૌ મહાનુભાવો તથા અધિકારીઓ - કર્મચારીઓ અને શહેરીજનો દ્વારા રાષ્ટ્રગીત ‘‘જન ગણ મન’’નું સમૂહ ગાન કરવામાં આવેલ.

માન. મેયરશ્રી ડૉ. નેહલ શુક્લનો નાગરિકો જોગ સંદેશ:આજે ૧૫મી ઓગસ્ટ-આપણા દેશના સ્વતંત્રતા પર્વના આ પવિત્ર અને ગૌરવશાળી અવસરે, રાજકોટના આ નવનિર્મિત સ્માર્ટ સિટી વિસ્તારમાં આવેલ ભવ્ય અટલ સરોવર ખાતે ત્રિરંગો લહેરાવવાનો અવસર મળવો એ મારા માટે ગૌરવપૂર્ણ બાબત છે. શહેરની સુખાકારી માટે સતત કાર્યરત સૌ કર્મચારીઓ અને નાગરિકોને વંદન. જ્યારે અટલ સરોવરની આહલાદક ભૂમિ પર આપણો રાષ્ટ્રધ્વજ ગગનમાં લહેરાઈ રહ્યો છે, ત્યારે આ સ્થળ માત્ર એક પર્યટન કે વિકાસનું સ્થળ નથી રહેતું પરંતુ ’સ્માર્ટ રાજકોટ, વિકસિત રાજકોટ’ના આપણા સંકલ્પનું જીવંત પ્રતીક બને છે. આજે દેશ જ્યારે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના સફળ નેતૃત્વમાં ’વિકસિત ભારત ૨૦૪૭’ના સ્વપ્નને સાકાર કરવા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે, તેના પગલે રાજ્યના સંવેદનશીલ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં તેમજ માન. નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીના ગુજરાત રાજ્ય પણ સફળતાના શિખરો આંબી રહ્યું તેમજ આપણું શહેર રાજકોટ પણ સ્માર્ટ સિટી મિશન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્વચ્છતા અને ગ્રીન એનર્જીના નવા આયામો સર કરી રહી રહ્યું છે તેમજ બેઝીક ઈનફ્રાસ્ટ્રક્ચર સુદ્રઢ બનવા તરફ આગળ વધી રહ્યું છે.શહેરીજનોનું આસ્થાનું કેન્દ્ર "રામનાથ મહાદેવ"ની જગ્યા સ્વચ્છ, ગંદકીમુક્ત અને વધુ પૂજનીય બની રહે તેવી બનશે.

# સૌરાષ્ટ્રના ૧૦ સહિત રાજયના ૪૦ શ્રેષ્ઠ શિક્ષકોને રાજય પારિતોષિક



રાજકોટઃ

સ્વતંત્રતા દિને રાજય સરકારે આચાર્ય સહિત ૪૦ શિક્ષકો જેઓ પ્રાથમીકથી ઉચ્ચતર માધ્યમિકમાં ફરજ બજાવે છે. તેઓની શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી કરવામાં આવી છે. તેઓને રાજય પારિતોષિકથી નવાજાશે. જેમાં સૌરાષ્ટ્રના ૧૦ આચાર્ય-શિક્ષકોનો સમાવેશ થાય છે.


**રાજકોટ મહાનગરપાલિકા**
**એસ્ટેટ વિભાગ**
**ટેન્ડર**

રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના જુદાં-જુદાં મેદાન/ટી.પી. પ્લોટ જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે ભાડેથી રાખવાના કામે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી આ કામના નિયત નમુનાના અરજીપત્રકમાં ભાવો મંગાવવામાં આવે છે. આ કામના અરજીપત્રક તા.૧૭/૦૮/૨૬ થી તા.૨૧/૦૮/૨૬ સુધી એસ્ટેટ વિભાગમાંથી મળી શકશે. ભરેલા અરજીપત્રકો ડીપોઝીટની પહોંચ/ડી.ડી. સાથે તા.૨૫/૦૮/૨૬ ૧૮:૦૦ કલાક સુધીમાં એસ્ટેટ વિભાગ રૂમ નં.૧૦, ત્રીજો માળ, ડો.આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૧ ખાતે ફક્ત રજી.એડી./સ્પીડપોસ્ટથી મોકલી આપવાના રહેશે.

(સહી)નાયબ કમિશ્નર
રાજકોટ મહાનગરાપાલિકા


સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1 / 6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

# પરીક્ષા જીવન મરણનો જંગ નથી

દેશમાં શિક્ષણની સ્પર્ધા સતત વધી રહી છે. માતા-પિતાની અપેક્ષા, શાળાનું પરિણામ, પ્રવેશ પરીક્ષાની સ્પર્ધા અને ભવિષ્યની ચિંતા વચ્ચે અનેક વિદ્યાર્થીઓ સતત તણાવ અનુભવી રહ્યા છે. આ તણાવ હવે ગંભીર સામાજિક પ્રશ્નનું સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. વિદ્યાર્થીઓમાં આત્મહત્યાના વધતા બનાવો એ સંકેત આપે છે કે આપણે બાળકોની સફળતા વિશે જેટલું વિચારીએ છીએ, તેમના માનસિક સુખ વિશે એટલું વિચારતા નથી.ઉપલબ્ધ દ્ગઝ્રમ્ આધારિત આંકડાઓ મુજબ ૨૦૧૪થી ૨૦૨૪ વચ્ચે દેશમાં ૧.૨૩ લાખથી વધુ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હોવાનો ઉલ્લેખ છે. છેલ્લા દાયકામાં વિદ્યાર્થીઓની આત્મહત્યામાં લગભગ ૮૦ ટકાનો વધારો થયો હોવાની માહિતી પણ ચિંતાજનક છે. આ વધારાને માત્ર પરીક્ષાના પરિણામ સાથે જોડીને જોવું યોગ્ય નથી. તેની પાછળ અભ્યાસનું દબાણ, પરિવારની અપેક્ષાઓ, સ્પર્ધાત્મક વાતાવરણ, નિષ્ફળતાનો ભય અને ભવિષ્ય અંગેની અનિશ્ચિતતા જેવા અનેક પરિબળો કામ કરી શકે છે.આજે બાળકના હાથમાં પુસ્તક હોય છે, પરંતુ તેના મનમાં અનેક પ્રશ્નો હોય છે. "મારા માર્ક્સ ઓછા આવશે તો શું થશે?", "મને સારી કોલેજમાં પ્રવેશ નહીં મળે તો?", "મારા મિત્રો આગળ નીકળી જશે તો?", "મારા માતા-પિતા શું કહેશે?" જેવા પ્રશ્નો ક્યારેક સતત ચિંતા ઊભી કરે છે. બહારથી સામાન્ય દેખાતો વિદ્યાર્થી અંદરથી કેટલો સંઘર્ષ કરી રહ્યો છે તેની જાણ ઘણી વખત પરિવારને કે શિક્ષકને પણ હોતી નથી.ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં પરીક્ષાને મળતું અતિશય મહત્વ પણ વિચારવા જેવું છે. પરીક્ષામાં સારો દેખાવ કરવો જરૂરી છે, પરંતુ પરીક્ષાનું પરિણામ બાળકના વ્યક્તિત્વનું સંપૂર્ણ મૂલ્યાંકન નથી. કોઈ વિદ્યાર્થી એક વિષયમાં નબળો હોય તો તે અન્ય ક્ષેત્રમાં અસાધારણ પ્રતિભા ધરાવી શકે છે. છતાં માર્કશીટને ઘણી વાર બાળકની સંપૂર્ણ ક્ષમતાના માપદંડ તરીકે જોવામાં આવે છે. આ અભિગમ બદલવાનો સમય આવી ગયો છે.પ્રવેશ પરીક્ષાઓની કઠિન સ્પર્ધા આ સમસ્યાને વધુ ગંભીર બનાવી શકે છે. ખાસ કરીને દ્ગઈઈ્ જેવી પરીક્ષાઓ માટે હજારો વિદ્યાર્થીઓ લાંબા સમય સુધી તૈયારી કરે છે. આવી સ્થિતિમાં પરીક્ષા સંબંધિત અનિશ્ચિતતા, પરીક્ષા રદ થવી, પેપર લીક જેવી ઘટનાઓ અથવા પરિણામમાં વિલંબ વિદ્યાર્થીઓની ચિંતામાં વધારો કરી શકે છે. ઉપલબ્ધ માહિતીમાં દ્ગઈઈ્ સંબંધિત પરીક્ષા અને પેપર લીકના બનાવો પછી કેટલાક વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હોવાનો ઉલ્લેખ પણ જોવા મળે છે. આવા બનાવો સમગ્ર પરીક્ષા વ્યવસ્થામાં વિશ્વાસ જાળવવાની જરૂરિયાત દર્શાવે છે.પરંતુ માત્ર પરીક્ષા પદ્ધતિને જવાબદાર ઠેરવવાથી સમસ્યાનું સંપૂર્ણ નિરાકરણ નહીં આવે. ઘરની અંદરનું વાતાવરણ પણ એટલું જ મહત્વ ધરાવે છે. બાળકને વારંવાર બીજા બાળક સાથે સરખાવવામાં આવે, ઓછા ગુણ બદલ અપમાન કરવામાં આવે અથવા તેના ભવિષ્યને માત્ર એક જ વ્યવસાય સાથે બાંધી દેવામાં આવે તો માનસિક ભાર વધી શકે છે. માતા-પિતાએ બાળકને સમજાવવું જોઈએ કે તેમની સ્વીકૃતિ પરિણામ પર આધારિત નથી.શાળાઓ અને કોલેજો માટે પણ આ એક મોટો પડકાર છે. શિક્ષકો વિદ્યાર્થીની નજીક હોય છે. તેથી વર્ગખંડમાં થતા વર્તનના ફેરફારોને સમજવાની તાલીમ શિક્ષકોને મળવી જોઈએ. કોઈ વિદ્યાર્થી અચાનક ચૂપ રહેવા લાગે, મિત્રો અને પ્રવૃત્તિઓથી દૂર થવા લાગે, સતત નિરાશા વ્યક્ત કરે અથવા અભ્યાસ અંગે અસામાન્ય ભય બતાવે તો તેને માત્ર "નબળો વિદ્યાર્થી" માનીને અવગણવો ન જોઈએ. એક સંવેદનશીલ વાતચીત ઘણી વખત મોટી મુશ્કેલી પહેલાં મદદરૂપ બની શકે છે.શિક્ષણ સંસ્થાઓમાં કાઉન્સેલિંગની વ્યવસ્થા માત્ર કાગળ પર નહીં, પરંતુ અસરકારક રીતે કાર્યરત હોવી જોઈએ. પરીક્ષા પહેલાં અને પરિણામ પછી વિદ્યાર્થીઓ માટે ખાસ માર્ગદર્શન સત્રો યોજી શકાય.

# પરિવર્તિત વિશ્વ સાથે નવી પેઢીને સજાગ રાખવા પારંપરિક શિક્ષણ વ્યવસ્થા છોડી દઈએ

**વિકાસ અને વિકલ્પ**

**-ડૉ. નાનક ભટ્ટ**

૧૮૫૭નો બળવો નિષ્ફળ ગયો. ગણ્યા-ગાંઠ્યા અંગ્રેજો સામે દેશ તૂટી ગયો. એ સમયે શૂરવીરોના બાવડામાં જનોઈવાઢ આપવાની તાકાત નહોતી તેવું નહોતું. ભારતીય યોદ્ધાઓની રાષ્ટ્રભક્તિમાં કમી નહોતી. પરંતુ રાજવીઓનાં સૈન્ય પાસે ડિસ્ટન્ટ કિલિંગ ટેકનોલોજી નો અભાવ હતો. તલવાર, ભાલા, બરછી સામે ૩૦૦ મીટરના અંતરથી અચૂક વાર કરતી બંદૂકો અને ૧૨૦૦ મીટર દૂરથી છૂટતા તોપના ગોળાઓ નો અભાવ હતો. આથી દેશના અજય કિલ્લાઓ ખરી પડ્યા. સરવાળે આઝાદી ૯૦ વર્ષ પાછી ઠેલાઈ અને ઔદ્યોગિક ક્રાંતિ પછીના તકનીકી વિકાસેતો શૌર્ય અને રાષ્ટ્ર ભાવનાથી થતા વિજયના ઈતિહાસને પલટ્યો તેથી વિસેષ તકનીક આધારિત રણનીતિને વિકાસ તરીકે સ્વીકાર મળ્યો.

ભારતની ગૌરવ ગાથા માટે બીજો એક બદલાવ શિક્ષણ વ્યવસ્થાનો મહેલ ધ્વસ્ત થયા થી જોવા મળે છે. સાંદિપની આશ્રમમાં ભણતા કૃષ્ણ અને સુદામા કે ગુરુદ્રોણના સમયથી સ્થાપિત ગુરુકુળના ઈતિહાસને ૧૮૩૫માં એક અંગ્રેજ વિચારક મેકોલેએ ભારતમાં રહીને બદલ્યો. બિનનિવાસી શાળાઓ દ્વારા જ્ઞાનની આપ-લેની સામાજિક પ્રક્રિયા વિસ્તારવા સાથે વ્યક્તિગત સંપર્કના સ્થાને નિયત સમયગાળાને માપદંડ તરીકે સ્વીકારવામાં આવ્યો, ઉપરાંત સત્રના અંતે ૧૦૦ ગુણની લેખિત-મૌખિક પરીક્ષા દ્વારા વિદ્યાર્થીની ગુણવત્તા નક્કી કરવાનો રીવાજ પ્રચલિત કરવામાં આવ્યો, ૧૯૪૭ સુધીમાં ગુલામ ભારતનાં તમામ તહેસીલોમાં રાજ્ય આશ્રિત શિક્ષણ વ્યવસ્થાનો પાયો નંખાયો, નગરજનોનાં શિક્ષણવેરા આધારિત શિક્ષણ મંત્રાલયો સ્થપાયા અને આઝાદી પછી તો શિક્ષણ વિભાગ, શિક્ષક, શાળાશંકુલ, પરીક્ષા સંકલન પ્રકારે વિવિધ એકમો રાજ્યની વ્યવસ્થાનાં દાયરામાં મૂકાયા એટલું જ નહીં પણ શાળાકીય શિક્ષણને વ્યક્તિનાં બંધારણીય અધિકાર તરીકે પ્રસ્થાપિત કરી દેવાયું.

માહિતી અને સામાજિક આવડતોના આદાન-પ્રદાનનાં સાતત્ય તથા સરકારી પ્રભાવને લક્ષમાં લેતા હિંદ સ્વરાજ્યમાં મહાત્મા ગાંધીએ લખવું પડયું કે, "શિક્ષણ લોકોને જવાબદાર અને કામઢા બનાવે તેવું હોવું જોઈએ." શિક્ષણ વ્યવસ્થાપન ઉપર સમાજની અતિશય નિર્ભરતાને લક્ષમાં રાખી અખિલ ભારતીય વિશ્વ વિધાલય સંઘનાં અધિવેશન માં તત્કાલિન વડાપ્રધાન પ્રા. ડો. પી. વી. નરસિંહરાવે કહ્યું કે, "દર્શનશાસ્ત્રની સમીક્ષાએ પૂરવાર કર્યું છે કે, નાનાં છીદ્રમાંથી સંપૂર્ણનું દર્શન શક્ય નથી".. સંસ્કૃતના પ્રાધ્યાપક નરસિંહરાવે પોતાના ગહન અઘ્યયનને શિક્ષણ વ્યવસ્થા સાથે જોડી ઉમેર્યું કે, 'ઈતિહાસનાં અવલોકનથી ખ્યાલ આવે છે કે, જગતની કોઈ તરાહ સર્વાંગી ઈલાજ આપી શકતી નથી.'

મેકોલે શિક્ષણનાં પરીણામો આજે ૧૯૧ વર્ષ અને આઝાદી પછી ૮૦ વર્ષ પછી મુલવતા જણાય છે કે વ્યવસ્થાપન પાછળ ગુજરાત રાજ્ય વરસે ૬૩,૧૮૪ કરોડનો ખર્ચ કરે છે. આમ છતાં વર્ષ ૨૦૨૬માં ધોરણ-૧૦માં અને ૨,૪૨,૨૦૬ વિદ્યાર્થીઓ માતૃભાષાના પેપરમાં જ નાપાસ થયા છે. ૧૧૩ શાળાઓનું પરિણામ ૧૦% થી ઓછું આવ્યું છે. પ્રાથમિક શાળાથી જ અંગ્રેજી અને ગણિત વિષયના અભ્યાસનો આગ્રહ હોવા છતાં શાળા સંચાલકોને ઝટકો દે તેવા સમાચાર એ છે કે, ૧.૬૮ લાખ બાળકો અંગ્રેજી વિષયમાં અને ૨.૭ લાખ બાળકો ગણિતમાં નાપાસ થયા છે. વિજ્ઞાન પ્રવાહનું પરિણામ વર્ષ ૨૦૨૪ કરતા ૮% ઓછું છે. જે છેલ્લાં ૨૦ વર્ષમાં સહુથી નબળુ છે. કેન્દ્રસરકારનાં પ્રોગેસ રીપોર્ટ ૨૦૨૪-૨૫ અનુસાર ગુજરાતમાં ૪૯.૧૮% વિદ્યાર્થીઓ સ્કુલ શિક્ષણ અધુરુ છોડી દે છે. પ્રવેશ ઉત્સવના સરકાર હસ્તકના કાર્યક્રમ પછી પણ એકલા ગુજરાતમાં ૫૨% વિદ્યાર્થીઓ હાયર સેકેન્ડરી સુધી પહોંચતાજ નથી રીપોર્ટ નોંધે છે કે માત્ર ૨૬.૨% વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણના દ્વારા પહોંચે છે!

ગુજરાત જેવા પ્રગતિશીલ ગણાતા રાજ્યમાં શિક્ષણનું ફળદર્શન આવું નિરાશાજનક છે તો પછી ઉત્તરાંચલ, ઝારખંડ, બિહાર જેવા દેશના પછાત જિલ્લાઓ વિશે શું વાત કરવી?

૧૯૩૮માં રાષ્ટ્ર નિર્માણ અંગેના કાવ્યમાં રવીન્દ્રનાથ ટાગોરે પોતાની દીર્ઘ સમજને ફેલાવતા કહેલું કે, "ઈંટોના આકાર કે ગોઠવણીના ફેરફારથી સ્વરાજ્ય ભાવના સાકાર થશે નહી", 'યા હોમ કરીને પડો ફતેહ છે આગે' તેવું ગાનાર કવિ નર્મદે પણ કલમને ખોળે માથું મૂકીને કહેલું કે, 'નિશાળો સુધારણા હેતુ માટે ઉપકારક નથી.' જોકે ગુજરાત વ્યાપારી ભાષા સમજે છે. બજાર થકી સમાજનું ઘડતર થઈ રહ્યું છે તે અનુભવે છે. વિજ્ઞાન અને તકનીકથી આવતાં પરિવર્તનો સ્વીકારે છે. તેમ છતાં માબાપ અને શાળા સંચાલકો શિક્ષણ વ્યવસ્થામાં ખુલ્લાપણું સ્વીકારવા તૈયાર નથી! શિક્ષણને વ્યાપક પસંદગીના લોકશાહી અભિગમ વચ્ચે મૂકવા તૈયાર નથી! અને મેકોલે ગયા ને પોણા બસ્સો વર્ષ વિત્યાં છતાં એ જ શિક્ષક, અભ્યાસક્રમ, પરીક્ષા, શાળા ઈત્યાદી સુધાર કરતે અપેક્ષિત રહે છે જે આશ્ચર્ય પમાડે છે.નવી પેઢી એ વિકસિત રાખવા હવે શિક્ષણનો સંદર્ભ ભૂતકાળ સાથે જોડી રાખવાનાં બદલે શિક્ષણ વ્યવસ્થાપનને જ્ઞાનનું શિક્ષણ, માહિતીનું શિક્ષણ, જીવન શિક્ષણ, વ્યવસાયનું શિક્ષણ અને વહીવટી સંચાલન માટેની તાલીમ તરીકે વિકસાવીએ. માહિતીની આપ-લેનો આધાર યાદદાસ નહી પણ માનવ મસ્તિષ્કને બનાવીએ. શિક્ષણ, પરીક્ષા, પાઠ્યક્રમ તેવી પારંપારિક ઈંટોને પડતી મૂકી બજાર માફક શિક્ષણને સાધ્યલક્ષી બહુ હેતુક બનાવીએ. બાળકોનાં ૬ થી ૧૮ વર્ષનાં બહુમૂલ્ય સમયનો ઉપયોગ કરી ૧થી૧૨ ધોરણને રાજ્યની જવાબદારી હેઠળ લઈ જઈએ. બાળકોને માતૃભાષામાં પુસ્તકના ભાર વિના ભણાવીએ. બાળકોને ઈન્દ્રિય શિક્ષણ, જીવન શિક્ષણ, મૂલ્ય શિક્ષણ અને સમાજ શિક્ષણના પાઠ આપીને છેવટે પસંદગી અનુસાર આગળનો માર્ગ ખુલ્લો કરી આપીએ.

ભવિષ્યનાં ભારતના યુવાનોની ચિંતા વ્યક્ત કરતા પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામે દેશનાં વહીવટી અધિકારીઓને કહ્યું હતું કે, પ્રતિવર્ષ ૭૦ લાખ વિદ્યાર્થીઓ ધોરણ ૧૨ અને ૩૦ લાખ ભાઈ-બહેનો સ્નાતક પદવી લઈ બહાર આવે છે ત્યારે તેમનો માર્ગ પ્રશસ્ય નહી કરીએ તો યુવાવર્ગમાં અજંપો વધી જશે. રાષ્ટ્ર ઉપર આવી રહેલ આફતની ભવિષ્યવાણી ભારતરત્ને કરી જ છે જેને ગંભીરતાથી લઈએ. ગુજરાતમાં ૪૩,૯૬૮ કરતાં વધુ પ્રાથમિક શાળાઓ છે. ત્યારે શાળા સંચાલકો પોતાની શાળામાં માત્ર ૨૦ બાળકોને પસંદ કરી ધોરણ ૧ થી ૭ સુધી માતૃભાષામાં પુસ્તક વિના અવૈધિક પદ્ધતિથી માહિતીનાં આદાનપ્રદાનનો પ્રયોગ કરે તો હિંદ સ્વરાજ્યની કલ્પનાનો કામઢો અને જવાબદાર માણસ તૈયાર થશે. દેશના પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ ૧૯૫૮માં લાલ કિલ્લા ઉપરથી કહ્યું, "કામ અધિક બાતેં કમ" તેમ શિક્ષણને ચિંતન વિષય રાખવાના બદલે અમલવારીની સૂચિમાં લાવીશું તો જ ડગલે-ડગલે નવી કેડી કંડારાશે. મેકોલેએ વાવેલ થોર મૂળમાંથી નિર્મૂળ થશે.

# વનરાજ સિંહનું પ્રેમાળ સાંસારિક જીવન

**વિશેષ**

સાવજ, શેર, વનસમ્રાટ કે ભારિ જેવા અનેક નામે જાણીતા સિંહનું દાંપત્યજીવન અને કુટુંબકબીલાની વાતો જાણવા જેવી છે

હમણાં સિંહ વારંવાર સમાચારમાં ચમકે છે. ગીરનાં જંગલમાંથી કેટલાંક સિંહોને મધ્યપ્રદેશના વનમાં ખસેડવાની વાત ચાલી રહી છે. બીજી તરફ સિંહની વસતિ ગણતરી પણ થઈ રહી છે. સત્તાવાળા સિંહોની સંખ્યા વધારવા આતુર છે. આમ ચારેબાજુ વનરાજની વાહ વાહ થઈ રહી છે ત્યારે આ જાનવરની જાત તપાસવાનું, એના વિશે વિગતવાર જાણવાનું સહેજે મન થાય.

ભારતમાં સિંહનો વસવાટ હજારો વર્ષોથી છે તે સૌ જાણે છે. આપણે તેને વનસમ્રાટ કહીએ છીએ. તેની કેશવાળી, રાજાશાહી ચાલ, ખાતી વખતે શિયાળ જેવા નિમ્ન પંક્તિના પ્રાણીને ખાવાના ટુકડા આપવાનું સૌજન્ય વગેરે ઘણાં કારણોથી સિંહ જ મહારજાધિરાજ છે અને નહિ કે વાઘ. વળી સિંહને ઘણાં નામ છે, જેમાંના થોડાં આ મુજબ છેઃ મૃગદ્વિષ, મૃગપતિ, મૃગરિપુ, મૃગધિપ, ગજારિ, ગજમાચલ, ગજમોહન, ક્ષુ, દીપ્ત- પિંગલ, પારિદ્ર, ભારિ, સાવજ, શેર સૌરાષ્ટ્રમાં સિંહના યુગલને સિંહની બેલાડ કહેવામાં આવે છે. અંગ્રેજીમાં સિંહ કુટુંબ માટે તો ખૂબ સરસ શબ્દ છે. ''પ્રાઈડ ઓફ લાયન્સ''

હવે સિંહ વિશે થોડી વિગતો જોઈએ. સિંહના પરિવારમાં ૩થી ૪૦ સભ્યો હોય છે. જો કે ૧૨થી ૧૫ સામાન્ય સંખ્યા છે. સિંહ વૃદ્ધ થાય ત્યારે તે પ્રાઈડમાં રહી શકતો નથી, પણ સિંહણ મૃત્યુ સુધી રહે છે. આથી કુટુંબ કબીલામા સામાન્યપણે સિંહણો અને બચ્ચાં હોય છે. સિંહણ, તેની પુત્રી-પૌત્રી, બધાં ટોળામાં હોય છે અને એમ સિંહણનો વંશવેલો નભે છે.

સિંહ સમાજપ્રિય છે અને પ્રાઈડના સભ્યો એકબીજા સાથે આનંદથી રહે છે. પેશાબ કરીને કે ઝાડ પર નહોર ઘસીને વાસથી સિંહ પોતાની હાજરી બીજાને બતાવે છે તેને ખૂબ ગીચ ઝાડી પસંદ નથી, પણ છૂટાછવાયા વૃક્ષોવાળો વગડો પ્રિય છે. ઝાંખરામાં તે છુપાઈ શકે છે તેમજ દિવસે તડકામાં તે વૃક્ષના છાંયડામાં આરામ કરે છે. આપણો ગીર વિસ્તાર તેને અનુકૂળ છે. આપણે ત્યાં તે રોઝડાં, પાડા, વાંદરા, હરણ ડુક્કર વગેરે ખાય છે અને આફ્રિકામાં તેનો મુખ્ય ખોરાક વાઈલ્ડબીસ્ટ (એક પ્રકારનું કુરંગ યાને એન્ટેલોપ) અને ઝિબ્રા છે. ત્યાં તે બીજા કુરંગ તેમજ હાથી, ગેંડા અને જિરાફના બચ્ચાં પણ ફાડી ખાય છે. રસ્તામાં અથડાઈ જાય તો સસલાં, પક્ષી કે ઉંદરને પણ તે ખાય ખરો, પણ આવાં નાનાં પ્રાણી કંઈ તેનો આહાર ગણાય નહિ. તે સડેલું પણ ખાય છે. કોઈએ મારેલા શિકારને ખાવાનો વાંધો નથી.

પુખ્તસિંહ માદાઓ અને બીજાઓ સાથે ભળતો નથી, પણ સંવનન ઋતુમાં તે મનપસંદ સિંહણ સાથે ફરે છે અને તે વખતે સાથી માટે તેમજ પ્રાદેશિક અધિકારના દાવા માટે બીજા સિંહ સાથે ઘર્ષણમાં ઉતરે છે.

સિંહ આળસુ છે અને શિકારનું કાર્ય સિંહણનું છે. સિંહણ કલાકના ૩૫ માઈલની ઝડપે મૃગયાએ દોડે છે, પણ કુરંગો આથી વધુ ચપળ હોય છે. તેથી સિંહણ છુપાઈને પસાર થતા પ્રાણી પર સિફતથી ત્રાટકે છે. અંધકારમાં તે આ કામ સારું કરી શકે છે. દ્રષ્ટિ અને કર્ણેન્દ્રિય પર તેનો મુખ્ય આધાર છે. તેની ઘ્રાણેન્દ્રિય (સુંઘવાની શક્તિ) બહુ પ્રબળ નથી.બીજા હિંસક પ્રાણીઓ સાથે સિંહને શિકાર માટે ઘર્ષણ થાય છે ખરાં. તે જરખને ખૂબ ધિક્કારે છે અને ક્યારેક જરખને મારણ પરથી હઠાવી પોતે તેનો કબજો લે છે. આફ્રિકાના સારનગેટી પાર્કમાં ૧૪ વર્ષના અન્વેષણ દરમિયાન માલુમ પડયું હતું કે સિંહના ખોરાકમાં ૧૪ ટકા તો મરેલા, સડેલા પ્રાણીઓ હોય છે. આમ સિંહ એદી પ્રાણી છે. વાઘ જેટલા ચપળ નથી હોતા.

પ્રાઈડ એટલે કે સિંહ-સિંહણનું ટોળું સહકારથી શિકાર કરે છે. એક સિંહણ પ્રાણીને તગડે એટલે બીજી સામી દિશામાંથી આવી હુમલો કરે છે. સિંહણ શિકાર કરે, પણ તેનો મુખ્ય ભાગ લેવા સિંહ આવી પહોંચે છે. તેથી તો 'લાયન્સ શેર'નો શબ્દપ્રયોગ થાય છે. સિંહ ખાઈ રહે, પછી જ બીજાઓને મોકો મળે છે. સિંહ શિશુઓને તો વધ્યુંઘટયું જ ભાગે આવે છે. આમ છતાં સિંહને એક અઠવાડિયા સુધી કે તેથી પણ વધુ સમય સુધી ખાધા વિના ચાલી શકે છે, પણ સિંહ ભૂખ્યો હોય ત્યારે ક્યારેક શરીરના પાંચમા ભાગના વજનનું માંસ ખાઈ શકે છે. ૪૦૦ રતલના વજનનો સિંહ ૮૦ રતલ માંસ અકરાંતિયાની જેમ એકી સાથે ખાય, એટલે સ્વાભાવિક છે કે તે વખતે તેનું પેટ ફૂલી જાય છે અને પોતે ખૂબ સુસ્ત બની જાય છે.

સિંહ- બચ્ચા લાંબો સમય ભૂખ્યાં ન રહી શકે અને તેથી ખોરાકની અછતના વખતમાં ઘણા બચ્ચા મરી જતાં હોય છે. સિંહ 'ક્વ્યાદ' એટલે ખાલી માંસ ખાનાર પ્રાણી છે. કોઈ પણ પ્રકારનો વનસ્પતિ આહાર તેને ન ચાલે.

એક સમયમાં જે મહારાજાધિરાજ હોઈ, વાર્ક્ષ (વન)માં બધાં પ્રાણીઓને ડરાવે છે તેની વૃદ્ધાવસ્થા દયામણી બની જાય છે. દાંત પડી જાય છે અથવા નબળા પડી જાય છે. ગાત્રો શિથિલ થાય છે. તે દોડવાની શક્તિ ગુમાવે છે, પ્રાઈડથી વિખુટો થઈ જાય છે અને તે વખતે તેને જરખ કે જંગલી કૂતરાનું ટોળું ફાડી ખાય છે. જો કે આ સ્થિતિ બધા



સિંહોને આવતી નથી. સિંહ ભલે સમ્રાટ છે, પણ તે હાથીથી ડરે છે અને ગેંડાથી તો રસ્તો જ માપે છે.

સિંહને પ્રેમ કરવા માટે કોઈ ખાસ મોસમની જરૂર નથી. જંગલમાંકે પાંજરામાં કે વિદેશોમાં હોય છે તેવા ઊભા કરેલા કૃત્રિમ જંગલમાં પણ સિંહ-સિંહણ પ્રેમ કરીને પ્રજોત્પત્તિ કરી શકે છે. છતાં સિંહ સ્વભાવે આળસુ હોઈને ઉનાળાની ગરમીમાં તે વધુ પ્રેમ કરે છે. સિંહને એક બે સિંહણ આપો અને થોડાંક બચ્ચાં આસપાસ ફરતા હોય તો તેને જંગલમાં કે પ્રાણી સંગ્રહાલયમાં સરખો જ આરામ લાગે છે. જંગલના રાજાનું બિરુદ પામેલો સિંહ આમ તો સાવ 'બાયલો' હોય છે.

# રાષ્ટ્રભાવના સાથે નવભારતના નિર્માણનો સંકલ્પ

**આસપાસ ચોપાસ**

**સુરેશ ભટ્ટ**

દરેક ભારતીયો માટે રાષ્ટ્રભાવનાનું સર્વોપરી હોવી જોઈએ, આ એક વાક્યમાં સમગ્ર ભારતની આત્માનો નાદ સંભળાય છે. આ દિવસે જ્યારે દિલ્હીના લાલ કિલ્લા પરથી ત્રિરંગો લહેરાય છે ત્યારે તે માત્ર કાપડનો ટુકડો નથી હોતો, પણ કરોડો હૃદયોના ત્યાગ, બલિદાન અને સ્વપ્નોનું પ્રતીક હોય છે. હાયર એજ્યુકેશનના વિદ્યાર્થી માટે આ પર્વનું મહત્વ અનેકગણું વધી જાય છે કારણ કે ઉચ્ચ શિક્ષણ એ માત્ર વ્યક્તિગત કારકિર્દી ઘડવાનું સાધન નથી, પણ રાષ્ટ્રના ભવિષ્યને ઘડવાની પ્રયોગશાળા છે. પરંતુ આજે પેપર લીક તથા એજ્યુકેશન સિસ્ટમમાં વ્યાપેલા ભ્રષ્ટાચારને કારણે નવયુવાનો વ્યથિત છે. એના સપનાઓ તૂટી રહ્યા છે. અનેક વિદ્યાર્થીઓ આત્મહત્યા કરી રહ્યા છે. વાતાવરણ નિરાશા જનક લાગે છે છતાં પણ તેને માટે સરકાર મહત્વના પગલાં ભરી રહી છે.

**આપણો દેશ આજે અનેક સમસ્યાઓથી ઘેરાયેલો છે આ સમસ્યાઓ એક આફત રૂપ ગણવાને બદલે તેને અવસરમાં પરિવર્તિત કરવામાં આવી રહી છે. વિશ્વમાં યુદ્ધ અને કુદરતી આફતોનો મોટો પડકાર છે ત્યારે આપણું રાષ્ટ્ર પ્રગતિના સોપાન સર કરી રહ્યું છે. બીજી બાજુ આપણે ભ્રષ્ટાચારથી માંડી અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છીએ છતાં પણ રાષ્ટ્રને પ્રગતિના પંથે લઈ જવાનું કાર્ય પણ થઈ રહ્યું છે**

આજે જ્યારે ભારત વિશ્વના સૌથી યુવા દેશ તરીકે આગળ વધી રહ્યું છે, ત્યારે યુનિવર્સિટીના દરેક વર્ગખંડમાંથી એક નવા ભારતનો જન્મ થઈ રહ્યો છે. આપણી સ્વતંત્રતા એ આપણને અધિકારો આપે છે, પણ સાથે સાથે ફરજોની યાદ પણ અપાવે છે. આ ફરજ છે રાષ્ટ્રને વધુ સારું બનાવવાની.આજના ભારત સામે જે પડકારો છે તેને જો આપણે સકારાત્મક દ્રષ્ટિકોણથી જોઈએ તો તે દરેક પડકારમાં એક મોટી તક છુપાયેલી છે. સૌપ્રથમ વાત કરીએ તો વસ્તી વિસ્ફોટને ઘણીવાર સમસ્યા તરીકે જોવામાં આવે છે, પરંતુ આ જ વસ્તી જો શિક્ષિત અને કુશળ બને તો તે વિશ્વની સૌથી મોટી માનવ સંપદા બની શકે છે. તેનું સમાધાન વસ્તી નિયંત્રણના કાયદા કરતા પણ વધુ સારું શિક્ષણ, ખાસ કરીને મહિલા શિક્ષણ અને આરોગ્ય જાગૃતિમાં રહેલું છે. બીજો પડકાર બેરોજગારીનો છે. આજનો યુવાન ડિગ્રી લઈને નોકરી શોધે છે, પરંતુ હવે સમય બદલાયો છે. હાયર એજ્યુકેશનને હવે સ્કીલ સાથે જોડવામાં આવી રહ્યું છે. નવી શિક્ષણ નીતિ અંતર્ગત ઈન્ટર્નશીપ, વોકેશનલ ટ્રેનિંગ, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા અને સ્ટેન્ડ અપ ઈન્ડિયા જેવા અભિયાનો યુવાનોને નોકરી શોધનારમાંથી નોકરી આપનાર બનાવી રહ્યા છે. ત્રીજી મોટી સમસ્યા ભ્રષ્ટાચારની છે. આ સમસ્યાને જડમૂળથી કાઢવા માટે માત્ર કાયદો પૂરતો નથી, પણ નૈતિક મૂલ્યો આધારિત શિક્ષણ અને ટેકનોલોજીનો ઉપયોગ જરૂરી છે. ડિજિટલ ઈન્ડિયા, ઓનલાઈન સેવાઓ, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર જેવી વ્યવસ્થાઓએ ભ્રષ્ટાચાર પર ઘણી હદ સુધી લગામ લગાવી છે અને હાયર એજ્યુકેશનનો વિદ્યાર્થી જ્યારે પ્રામાણિકતાને પોતાના જીવનનું મૂલ્ય બનાવશે ત્યારે આ સમસ્યા આપોઆપ ઓછી થશે.

ચોથી સમસ્યા શિક્ષણની ગુણવત્તામાં રહેલી અસમાનતાની છે. આજે પણ શહેરોની મોટી યુનિવર્સિટીઓ અને ગ્રામીણ કોલેજો વચ્ચે સુવિધાઓનો તફાવત છે. તેનો સુંદર ઉકેલ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં છે જે સંશોધનને પ્રોત્સાહન આપે છે, ઓનલાઈન લર્નિંગ, સ્વયં જેવા પ્લેટફોર્મ અને ડિજિટલ લાઈબ્રેરીઓ દ્વારા ઉત્તમ શિક્ષણને છેવાડાના ગામ સુધી પહોંચાડી રહી છે. પાંચમી સમસ્યા આરોગ્ય ક્ષેત્રની છે. કોરોના મહામારી પછી આપણે સમજ્યા છીએ કે આરોગ્ય કેટલું મહત્વનું છે. આ સમસ્યાનો ઉકેલ માત્ર હોસ્પિટલો વધારવામાં નથી, પણ હાયર એજ્યુકેશનમાં મેડિકલ રિસર્ચ, બાયોટેકનોલોજી, જાહેર આરોગ્ય અંગે જાગૃતિ અને આયુષ્માન ભારત જેવી યોજનાઓના વિસ્તારમાં છે. છઠ્ઠી સમસ્યા ગરીબી અને આર્થિક અસમાનતા છે. આઝાદીના આટલા વર્ષો પછી પણ સમાજના એક વર્ગને પૂરતી તકો મળી નથી. તેનું સમાધાન સમાવેશી વિકાસમાં છે. ઉચ્ચ શિક્ષણ મેળવેલો યુવાન જ્યારે પોતાના સ્ટાર્ટઅપ દ્વારા ગ્રામીણ વિસ્તારમાં રોજગારી ઊભી કરે છે, ત્યારે ગરીબી દૂર થાય છે.

સાતમી ગંભીર સમસ્યા પર્યાવરણ પ્રદૂષણ અને જળવાયુ પરિવર્તનની છે. દિલ્હી જેવા શહેરોમાં પ્રદૂષણ, નદીઓમાં કચરો, વધતું તાપમાન આ બધા આપણી સામે છે. પરંતુ આનો સકારાત્મક ઉકેલ પણ આપણા યુવાનો પાસે જ છે. સ્વચ્છ ભારત અભિયાન માત્ર સરકારી કાર્યક્રમ નથી રહ્યો, પણ યુનિવર્સિટી કેમ્પસમાં વિદ્યાર્થીઓએ તેને આંદોલન બનાવ્યું છે. રીન્યુએબલ એનર્જી, સોલાર મિશન, ઈલેક્ટ્રિક વાહનો, વેસ્ટ મેનેજમેન્ટ પર થતા સંશોધનો આ સમસ્યાને તકમાં બદલી રહ્યા છે. આઠમી સમસ્યા કોમવાદ, જાતિવાદ અને સામાજિક વિભાજનની છે. સોશિયલ મીડિયાના યુગમાં નફરત ઝડપથી ફેલાય છે. તેનો એકમાત્ર ઉકેલ ભારતના બંધારણમાં રહેલા સર્વધર્મ સમભાવ, બિનસાંપ્રદાયિકતા અને સહિષ્ણુતાના મૂલ્યોને ઉચ્ચ શિક્ષણ દ્વારા યુવાનોના મનમાં દ્રઢ કરવાનો છે. જ્યારે વિવિધ ધર્મ અને ભાષાના વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં એક સાથે રહે છે, ત્યારે સાચું ભારત ઘડાય છે. નવમી સમસ્યા કૃષિ ક્ષેત્રની છે. ખેડૂતોને પૂરતા ભાવ નથી મળતા, જમીન નાની થતી જાય છે. તેનું સમાધાન હવે એગ્રીકલ્ચર યુનિવર્સિટીઓમાંથી આવી રહ્યું છે. ડ્રોનથી ખેતી, ઓર્ગેનિક ખેતી, ફૂડ પ્રોસેસિંગ, ખેડૂતોને સીધા બજાર સાથે જોડતી ટેકનોલોજી આ ક્ષેત્રને નવી દિશા આપી રહી છે. દસમી અને અત્યંત મહત્વની સમસ્યા મહિલા સુરક્ષા અને સશક્તિકરણની છે. જે દેશમાં મહિલાઓ સુરક્ષિત નથી, તે દેશ ક્યારેય મહાસત્તા બની શકતો નથી. તેનો ઉકેલ માત્ર કડક કાયદામાં નથી, પણ દીકરીઓને ઉચ્ચ શિક્ષણમાં સમાન તક આપવામાં, બેટી બચાવો બેટી પઢાવો જેવા અભિયાનોને જીવનમાં ઉતારવામાં અને પુરુષોની માનસિકતા બદલવામાં છે. આજે યુનિવર્સિટીઓમાં દીકરીઓ દરેક ક્ષેત્રમાં આગળ છે, તે જ સાચી સ્વતંત્રતાની નિશાની છે.

આ બધી સમસ્યાઓના સમાધાન સાથે આપણે સ્વતંત્રતાનો સાચો અર્થ સમજી શકીએ છીએ. આપણે એ ભૂલવું ન જોઈએ કે જે દેશ એક સમયે સોય પણ બનાવી શકતો ન હતો, તે આજે મંગળયાન અને ચંદ્રયાન મોકલે છે. આપણી યુનિવર્સિટીઓમાંથી નીકળેલા લોકો આજે વિશ્વની મોટી કંપનીઓનું નેતૃત્વ કરે છે. આ સકારાત્મકતા જ આપણી સૌથી મોટી તાકાત છે. ૧૫ મી ઓગસ્ટ આપણને યાદ અપાવે છે કે સ્વતંત્રતા એ અંત નથી, પણ એક સતત ચાલતી યાત્રા છે. હાયર એજ્યુકેશનના દરેક વિદ્યાર્થીએ આ યાત્રાનો સારથી બનવું પડશે. આપણે સંકલ્પ કરીએ કે આપણે માત્ર નોકરી માટે નહી, પણ જ્ઞાન માટે ભણીશું, માત્ર પોતાના માટે નહી, પણ દેશ માટે જીવીશું. જ્યારે દરેક વિદ્યાર્થી પોતાના વિષયમાં ઉત્તમ બનશે, ત્યારે જ ભારત વિશ્વગુરુ બનશે. આ જ રાષ્ટ્રભાવનાના પર્વની સાચી ઉજવણી છે.

# બાંગ્લાદેશ ટીમે ઈતિહાસ રચ્યો : નંબર વન ઓસ્ટ્રેલિયન ટીમને ૯ વિકેટે પરાજય આપ્યો







ડાર્વિન,

બાંગ્લાદેશે એના ટેસ્ટ ઈતિહાસમાં નવી સિદ્ધિ મેળવી છે. એણે સૌથી મોટી જીત હાંસલ કરી છે. ઑસ્ટ્રેલિયામાં બાંગ્લાદેશે પહેલી જ વખત ટેસ્ટ મૅચ જીતી છે.

ઑસ્ટ્રેલિયામાં બાંગ્લાદેશની ફરી છેક ૨૩ વર્ષે ટેસ્ટ રમાઈ જેમાં રવિવારે ચોથા જ દિવસે નજમુલ શૅન્ટોની ટીમે પૅટ કમિન્સની વર્લ્ડ નંબર-વન ટેસ્ટ ટીમને નવ વિકેટે હરાવી દીધી હતી.ઑસ્ટ્રેલિયા બીજા દાવમાં સ્પિનર મેહદી મિરાઝની પાંચ અને પેસ બોલર હસન મહમૂદની ત્રણ વિકેટને કારણે ૨૮૪ રનમાં ઑલઆઉટ થઈ જતાં બાંગ્લાદેશને જીતવા માત્ર ૫૭ રનનો લક્ષ્યાંક મળ્યો હતો જે એણે એક વિકેટ ગુમાવીને મેળવી લીધો હતો. કેમેરન ગ્રીનની સેન્ચુરી (૧૦૪ રન) પાણીમાં ગઈ હતી.

હસન મહમૂદે આખી મૅચમાં નવ વિકેટ લીધી એ બદલ તેને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો.ઑસ્ટ્રેલિયાએ પ્રથમ દાવમાં ૧૯૮ રન બનાવ્યા બાદ બાંગ્લાદેશે તેન્ઝિદ હસનના ૧૦૧ રન, કેપ્ટન નજમુલ શૅન્ટોના ૮૪ રન અને મેહદી મિરાઝના ૬૫ રનની મદદથી ૪૨૬ રન બનાવીને ૨૨૮ રનની સરસાઈ લીધી હતી.

# ઋષભ પંતે શ્રીલંકા સામેની ટેસ્ટ મેચ દરમિયાન તોડ્યો એડમ ગિલ ક્રિસ્ટનો



મુંબઈ,

ઋષભ પંતે શનિવારે એક વિશ્વ વિક્રમ પોતાના નામ કર્યો હતો એ ઘણાના ધ્યાન બહાર રહી ગયું હશે. તેણે ઑસ્ટ્રેલિયાના મહાન વિકેટકીપર ઍડમ ગિલક્રિસ્ટનો ૧૮ વર્ષ જૂનો વર્લ્ડ રેકાર્ડ તોડી નાખ્યો હતો.

શ્રીલંકા સામેની ટેસ્ટના પ્રથમ દિવસે ભારતે બે વિકેટે ૨૮૮ રન બનાવ્યા હતા. રિષભ પંત (Rishabh Pant) ૨૭ રને નૉટઆઉટ રહ્યો હતો અને તેના એ ૨૭ રનમાં એક છગ્ગો સામેલ હતો. એ છગ્ગા (જૈટી)એ તેને વિશ્વ વિક્રમ અપાવ્યો હતો. તેણે દેવદત્ત પડિક્કલ સાથે ત્રીજી વિકેટ માટે ૭૧ રનની ભાગીદારી કરી હતી.પંત હવે ટેસ્ટ-ક્રિકેટમાં વિદેશી ધરતી પર સૌથી વધુ છગ્ગા ફટકારનાર વિકેટકીપર બન્યો છે. વિદેશમાં તેના નામે હવે ટેસ્ટ-ક્રિકેટની ૫૭ સિક્સર છે. તેણે ગિલક્રિસ્ટ (૫૬ સિક્સર)ને પાછળ રાખી દીધો છે.પંતના નામે ટેસ્ટ ફૉર્મેટમાં કુલ ૯૮ છગ્ગા છે અને બે છગ્ગા ફટકારશે એટલે ટેસ્ટ ક્રિકેટમાં ૧૦૦ સિક્સર મારનાર ભારતનો પ્રથમ અને વિશ્વનો ચોથો ખેલાડી બની જશે. ટેસ્ટ જગતમાં સૌથી વધુ ૧૩૮ સિક્સર બેન સ્ટૉક્સના નામે છે. બ્રેન્ડન મૅક્લમ (૧૦૭ સિક્સર) બીજા સ્થાને અને ગિલક્રિસ્ટ (૧૦૦ સિક્સર) ત્રીજા નંબરે છે. પંત આ યાદીમાં ૯૮ છગ્ગા સાથે ચોથે છે. હાલમાં તે ૯૮ છગ્ગા સાથે ક્રિસ ગેઈલ અને ટિમ સાઉધીની હરોળમાં છે.

# આજથી ૨૭ વર્ષ પહેલા રિલીઝ થયેલી આમિર ખાન અભિનીત ૧૯૪૭ અર્થ ફિલ્મે તરખાટ મચાવ્યો હતો




મુંબઈ,

ભારત-પાકિસ્તાન ભાગલા પર આધારિત ફિલ્મોની વાત આવે ત્યારે લોકોના મનમાં સની દેઓલની 'ગદર' સૌથી પહેલાં આવે છે. પરંતુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ભાગલા સમયની ક્રૂર વાસ્તવિકતા, રક્તપાત અને ઊંડી વેદનાને સૌથી સચોટ રીતે રજૂ કરનારી ફિલ્મ તરીકે આમિર ખાન અભિનીત '૧૯૪૭ અર્થ'ને ગણવામાં આવે છે, જેણે ૨૭ વર્ષ પહેલાં દર્શકોને હચમચાવી દીધા હતા.

વર્ષ ૧૯૯૯મામાં રિલીઝ થયેલી આ પીરિયડ ડ્રામા ફિલ્મ જાણીતી લેખિકા બાપસી સિધવા ની પ્રખ્યાત નવલકથા 'ક્રેકિંગ ઈન્ડિયા' પર આધારિત હતી. ફિલ્મમાં આમિર ખાન (દિલ નવાઝ - આઈસ્ક્રીમવાલા) ની સાથે નંદિતા દાસ અને રાહુલ ખન્ના જેવા કલાકારોએ મુખ્ય ભૂમિકા ભજવી હતી.આ ફિલ્મમાં ૧૯૪૭માં ભાગલા દરમિયાન લાહોર શહેરમાં મિત્રતા, પ્રેમ અને માનવતા કેવી રીતે ધર્મના નામે વેરવિખેર થઈ જાય છે અને લોકો કેવી રીતે હિંસાના રસ્તે ચડી જાય છે, તેની હૃદયદ્રાવક રજૂઆત કરવામાં આવી હતી.બોલીવૂડ હંગામાના અહેવાલ અનુસાર, ૨૭ વર્ષ પહેલાં આ ફિલ્મે બોક્સ ઓફિસ પર ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. આ ફિલ્મે પહેલા દિવસે રૂ. ૦.૨૬ કરોડ અને પ્રથમ સપ્તાહમાં રૂપિયા ૧.૬૧ કરોડનું કલેક્શન કર્યું હતું. ફિલ્મનું લાઈફટાઈમ ઈન્ડિયા નેટ કલેક્શન રૂપિયા ૩.૮૦ કરોડ અને ઈન્ડિયા ગ્રોસ કલેક્શન રૂ.૫.૨૮ કરોડ રહ્યું હતું. જ્યારે ઓવરસીઝમાં ફિલ્મે રૂ. ૨.૯૩ કરોડની કમાણી કરી હતી. જ્યારે વર્લ્ડવાઈડ આ ફિલ્મે કુલ રૂ.૮.૨૧ કરોડનું ગ્રોસ કલેક્શન કર્યું હતું. માત્ર રૂપિયા ૪.૭૫ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મે બોક્સ ઓફિસ પર આશરે ૭૨.૮૪ ટકા જેટલો જંગી નફો કમાવ્યો હતો.

૧૯૪૭ અર્થ'માં ભાગલા સમયે થયેલા રમખાણો, માનસિક ક્રૂરતા અને યાતનાઓને કોઈપણ ગ્લેમર વગર અત્યંત વાસ્તવિક રીતે દર્શાવવામાં આવ્યા હતા. ફિલ્મમાં આમિર ખાનના નેગેટિવ શેડવાળા પાત્ર અને અંતિમ સીન્સ દર્શકોના રુંવાડા ઊભા કરી દે તેવા હતા.

# મેન્સ હોકી વર્લ્ડ કપમાં ભારતીય ટીમની વિજયી શરૂઆત : વેલ્સને ૩-૧ થી હરાવ્યું







ઍમ્સ્ટલવીન,

નેધરલૅન્ડ્સમાં ભારતે મેન્સ હૉકીના વર્લ્ડ કપમાં વિજયી શરૂઆત કરી હતી. આઝાદી દિને હરમનપ્રીત સિંહ અને તેની ટીમે દેશને વિજયી-ભેટ આપી હતી. ભારતે અહીં વૅગ્નર સ્ટેડિયમમાં ૧૦,૦૦૦ પ્રેક્ષકોની હાજરીમાં આ મૅચમાં વેલ્સને ૩-૧થી હરાવ્યું હતું. ગ્રૂપ-ડીની આ મૅચમાં સંજયે આઠમી મિનિટમાં ગોલ કર્યા બાદ કૅપ્ટન હરમનપ્રીત સિંહે ૧૧મી અને ૪૩મી મિનિટમાં પેનલ્ટી કૉર્નરમાંથી ગોલ કર્યા હતા. વેલ્સ વતી એકમાત્ર ગોલ સૅમ વેલ્શે ૫૬મી મિનિટમાં કર્યો હતો. હવે ૧૭મી ઑગસ્ટે ભારતનો ઈંગ્લૅન્ડ સામે અને ૧૯મી ઑગસ્ટે પાકિસ્તાન સામે મુકાબલો થશે. ભારત છેલ્લે ૫૧ વર્ષ પહેલાં (૧૯૭૫માં) હૉકીનો વર્લ્ડ કપ જીત્યું હતું.ભારતીય ખેલાડી મનપ્રીત સિંહનો આ ચોથો વર્લ્ડ કપ છે. તે ભારત વતી વિક્રમજનક ૪૧૭ મૅચ રમ્યો છે. હૉકીની ઑલિમ્પિક્સમાં ભારત વિક્રમનજન આઠ ગોલ્ડ મેડલ જીત્યું છે. ભારતના પુરુષ ખેલાડીઓ બૅક-ટુ-બૅક ઑલિમ્પિક ટાઈટલ જીતી ચૂક્યા છે એટલે આ વર્લ્ડ કપમાં તેમની પાસે ઘણી આશા રાખવામાં આવી છે.

# શ્વેતા તિવારી સાથેના સંબંધો અંગે ચાલતી અફવા ઉપર વિશાલ આદિત્યસિંહે મૂક્યું પૂર્ણવિરામ



મુંબઈ,

પ્રખ્યાત ટીવી અભિનેતા વિશાલ આદિત્ય સિંહ હાલમાં રોહિત શેટ્ટીના રિયાલિટી શો, 'ખતરો કે ખિલાડી ૧૫' માં તેના અપિરિયન્સને લઈ હેડલાઈન્સમાં છે,જોકે શો છોડ્યા પછી, તેના અંગત જીવનને લગતા ઘણા પ્રશ્નોના જવાબ પણ આપ્યા છે. ટીવી ઈન્ડસ્ટ્રીના જાણીતા અભિનેતા વિશાલ આદિત્ય સિંહ તાજેતરમાં રોહિત શેટ્ટીના રિયાલિટી શો, 'ખતરોં કે ખિલાડી ૧૫' માં હાજરી આપવા બદલ ચર્ચામાં રહ્યા છે. શોમાંથી બહાર નીકળ્યા પછી, અભિનેતાએ તેમના અંગત જીવનના વિવિધ પાસાઓ વિશે સ્પષ્ટતાથી વાત કરી. તેમણે ખાસ કરીને શ્વેતા તિવારી સાથેના રોમેન્ટિક સંબંધો અને લગ્ન અંગેની અફવાઓનો ઉલ્લેખ કર્યો

વિશાલ સિંહનો નોંધપાત્ર ચાહક વર્ગ છે. જ્યારે તેમને શૉ માંથી બહાર કરવામાં આવ્યા ત્યારે તેમના ચાહકો ખૂબ નિરાશ થયા હતા. શો છોડ્યા પછી, વિશાલે તેમની કારકિર્દી સાથે સંબંધિત અનુભવો શેર કર્યા. તેમણે શ્વેતા તિવારી સાથેની તેમની મિત્રતા અને તેમના સંબંધોને લગતી ચાલી રહેલી અટકળો વિશે પણ ખુલ્લેઆમ વાત કરી.વિશાલ આદિત્ય સિંહે શ્વેતા તિવારી સાથેના અફેરની અફવાઓ પર નારાજગી વ્યક્ત કરી. તેમણે ટિપ્પણી કરી કે સોશિયલ મીડિયા પર લોકો કંઈપણ લખે છે અને કંઈપણ વિચાર્યા વિના લખે છે. આવા અહેવાલોથી તેમને સૌથી વધુ દુઃખ થાય છે જ્યારે તેમના પોતાના પરિચિતો પણ આ અફવાઓને સાચી માને છે અને તેમની મજાક ઉડાવવા લાગે છે.આ સાથે, વિશાલે કહ્યું કે શ્વેતા તેની ખૂબ જ સારી મિત્ર છે. તે હંમેશા તેને 'તિવારી જી' કહીને સંબોધે છે. એટલું જ નહીં, તે તેના માટે માતા જેવી પણ છે, છતાં તે તેને પોતાનો શ્રેષ્ઠ મિત્ર માને છે.શ્વેતા તિવારી સાથે લગ્ન કરવાની અફવાઓ પર સવાલ ઉઠાવતા, વિશાલ સિંહે કહ્યું કે તે લોકોની વાત પર બહુ ધ્યાન આપતો નથી. કાફલો આગળ વધે ત્યારે કૂતરાઓ ભસતા હોવાની કહેવતનો ઉલ્લેખ કરતા, તેમણે ટિપ્પણી કરી કે લોકો જે ઈચ્છે તે વિચારવા માટે સ્વતંત્ર છે, જ્યારે તેમનું પોતાનું ધ્યાન જીવનમાં આગળ વધવા પર સંપૂર્ણપણે રહે છે. આ પાયાવિહોણી અફવાઓએ શ્વેતા સાથેના તેના સંબંધોને અસર કરી છે. વિવાદ ઉભો થયો ત્યારથી, બંનેએ સોશિયલ મીડિયા પર સાથે ફોટા પોસ્ટ કરવાનું બંધ કરી દીધું છે અને હવે તેઓ પહેલાની જેમ વારંવાર મળતા નથી.

# પાન મસાલાની જાહેરાત બદલ શાહરૂખ, અજય દેવગણ અને ટાઈગર શ્રોફને મળી નોટિસ

મુંબઈ,

ઈલાયચીના એક વિજ્ઞાપનને લઈને બોલીવુડના ત્રણ દિગ્ગજ અભિનેતા શાહરૂખ ખાન, અજય દેવગન અને ટાઈગર શ્રોફ કાનૂની મુશ્કેલીમાં ફસાયા છે. મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા આ ત્રણેય કલાકારોને કારણ દર્શાવતી નોટિસ પાઠવવામાં આવી છે. FDA નો આક્ષેપ છે કે આ વિજ્ઞાપન ઈલાયચીના નામે પ્રતિબંધિત પાન મસાલાનું અપ્રત્યક્ષ એટલે કે સરોગેટ પ્રોમોશન કરવામાં આવી છે. આ નોટિસમાં આ ત્રણેય અભિનેતાઓ પાસે જવાબ માંગવામાં આવ્યો છે. મહારાષ્ટ્ર હ્લઢછના જણાવ્યા અનુસાર, ઓનલાઈન અને અન્ય મીડિયા પ્લેટફોર્મ પર પ્રસારિત થઈ રહેલી આ જાહેરાતમાં ઉપયોગમાં લેવાયેલુ બ્રાન્ડ નામ, સંવાદ અને પ્રેઝન્ટેશન સીધી રીતે બ્રાન્ડને પાન મસાલા સાથે જોડે છે. મહારાષ્ટ્ર સરકારના ૧૩ જુલાઈ ૨૦૨૬ના આદેશ અનુસાર રાજ્યમાં પાન મસાલા જેવા સ્વાસ્થ્ય માટે હાનિકારક ઉત્પાદનોના ઉત્પાદન, સંગ્રહ, પરિવહન, વિતરણ અને વેચાણ પર એક વર્ષ માટે સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવેલો છે.

FDA દ્વારા પોતાના પત્રમાં ફૂડ સેફ્ટી એન્ડ સ્ટેન્ડર્ડ્સ એક્ટ (FSS Act), ૨૦૦૬ ની કલમ ૨૪ અને ૫૩ નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કાયદા હેઠળ ખાદ્ય પદાર્થોને લગતી એવી તમામ જાહેરાતો પર પ્રતિબંધ છે જે ગ્રાહકોને ગેરમાર્ગે દોરતી હોય કે ફૂડ સેફ્ટી લોનું ઉલ્લંઘન કરતી હોય! ભ્રામક કે ગેરમાર્ગે દોરતી જાહેરાતોમાં સામેલ થવા બદલ રૂપિયા ૧૦ લાખ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે.નોંધનીય છે કે, FDA દ્વારા અજય દેવગન, શાહરૂખ ખાન અને ટાઈગર શ્રોફને લિખિત નોટિસ મોકલીને આ વિજ્ઞાપનમાં તેમની ભાગીદારી અને પ્રમોશનલ સપોર્ટ અંગે પોતાનો પક્ષ રજૂ કરવા જણાવ્યું છે. આ સાથે ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ તેમની સામે કાનૂની કાર્યવાહી કેમ ન કરવામાં આવે? તેનો પણ જવાબ માંગવામાં આવ્યો છે. હાલમાં બ્રાન્ડ સાથે જોડાયેલી સામગ્રી અને તેમાં સામેલ લોકોની ભૂમિકા કાયદાકીય જોગવાઈઓ મુજબ છે કે નહીં તેની મહારાષ્ટ્ર FDA દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કી | પ્ર | રો | લી | સ | બ | કા | ત્રિ | કો | ણ | ગ | જ |
| ન | કા | ભો | ખ | ણિ | ન | ર | ત્રિ | દુ | ફ | જી | નિ |
| આ | જ | ક | ઑ | ધ | ધ | વે | ઊ | ત | નિ | વે | મા |
| ગી | ક્ષ | સા | તી | લી | ણી | ગ | ઐ | પ્ર | દ | યા | ળો |
| ળ | આ | ક | રા | સા | પ્ર | ગ | ગ | ન | જ | બં | અ: |
| ન | ગ | ર | લ | અ: | ક | કા | હા | ઐ | કા | ભો | ધો |
| કા | ક | ક | દ | મ | ર | ડી | ણા | ર | ક | ર | ઊ |
| ન | દ | ગ | તુ | ગં | ણ | ર | ગ | ધી | ણ | મા | અ |
| દ | ર | બ | બ | ક | ધ | સા | ર | શિ | ર | બા | સ |
| વા | બ | કે | કી | અ | સા | જ | બા | આ | ડો | ગ | ર |
| ભ | તી | દ | સ | તુ | કી | વા | દુ | વિ | ધા | ક | અ |
| ર | કુ | મ | બો | રી | ક્ષ | જી | આ | ર | ક્ષ | કી | સ |

શબ્દ શોધો: ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

# કરીના કપૂરે પતિ સૈફઅલી ખાનના જન્મ દિવસની આગવા અંદાજમાં કરી ઉજવણી





મુંબઈ,

બોલિવૂડના 'નવાબ' તરીકે જાણીતા ખાન સૈફઅલી ખાનનો ૧૬ ઓગસ્ટના દિવસે જન્મદિવસ હતો. સૈફઅલી ખાન ૫૬ વર્ષના થઈ ગયા છે. એમના જન્મદિવસના દિવસે પત્ની કરીના કપૂરે એક મસ્ત પોસ્ટ લખીને એમને વિશ કર્યું છે. સૈફઅલી ખાન કોઈ જ પ્રકારના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર નથી. પત્ની કરીના કપૂરે એક ખાસ અંદાજમાં એમને જન્મદિવસ સેલિબ્રેટ કર્યો હતો.કરીનાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર પતિ સૈફઅલી ખાન સાથેની એક તસવીર પોસ્ટ કરી હતી.આ ફોટોમાં તે પતિ સૈફ, દીકરો તૈમુર અને જહાંગીર સાથે વિદેશમાં આનંદ માણી રહ્યા છે.

કરીનાએ આ તસવીરને પોસ્ટ કરતા લખ્યું હતું કે,મારા હંમેશાના સાથીને જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. તમારા વગર જિંદગી ખૂબ જ બોરિંગ હોય છે. ઈન્સ્ટાગ્રામ પર જેટલી આ વિષયને લગતી પોસ્ટ કરી છે એ તમામ સૈફની મંજૂરીથી કરવામાં આવી છે. એને ખૂજ જ ગમે છે જ્યારે એની કોઈ તસવીરને હું પોસ્ટ કરૂ છુ.

કરીનાએ પતિ સૈફ સાથેની જે કોઈ તસવીર શૅર કરી છે તે તમામ તસવીર કોઈને કોઈ વેકેશન દરમિયાન ક્લિક કરવામાં આવી છે. આ તસવીરમાં કરીના ટુ પીસમાં સમુદ્ર કિનારે સૈફ સાથે પોઝ આપતી જોવા મળી હતી. સૈફને વિશ કરવા માટે મોટી બહેન કરીના કપૂરે પણ કમેન્ટ કરીને બર્થ ડે વિશ આપી હતી.

તેણે લખ્યું કે, સૈફુ હેપ્પી બર્થ ડે, કરિશ્મા સિવાય રિયા કપૂર, મલાઈકા અરોરા તથા સબા પટૌડીએ પણ આ પોસ્ટ પર કમેન્ટ કરી હતી. સૈફઅલી ખાન કોઈ જ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક્ટિવ નથી. છેલ્લા કેટલાક સમયથી તેમણે બોલિવૂડના ફિલ્મી પ્રોજેક્ટથી પણ એક અંતર બનાવી લીધું છે. જ્યારે કરીના કપૂરીની છેલ્લે 'ક્રૂ'નામની ફિલ્મ આવી હતી.

જ્યારે કરિશ્મા કપૂરે એક લાંબા બ્રેક પછી 'બ્રાઉન' નામની એક વેબસિરીઝ કરી હતી. આ સિરીઝ ઠીકઠાક ચાલી હતી પણ વેબસિરીઝની દુનિયામાં કરિશ્મા કપૂરની ધમાકેદાર એન્ટ્રી થઈ ગઈ હતી. આ પછી હવે તે આ જ પ્રકારના આગળ રોલ પ્લે કરે એવી પૂરી શક્યતાઓ સેવાઈ રહી છે. જ્યારે કરીના કપૂર પાસે આગામી દિવસોમાં કોઈ ફિલ્મી પ્રોજેક્ટ હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે.

કરીના અને સૈફના વેકેશનની ઘણી તસવીર સોશિયલ મીડિયા પર આવે છે. કરીના પોતાના ઈન્સ્ટાગ્રામ પર ખૂબ એક્ટિવ રહે છે. વેકેશન દરમિયાન તે કોઈ જ પાર્ટી કે, વેકેશનનો ફોટો પોસ્ટ કરવાનું ચૂકતી નથી. આ વખતે પણ મેમરીઝને યાદ કરીને એક પોસ્ટ મૂકી હતી જે પોસ્ટ પણ વેકેશનમાંથી જ લેવામાં આવી હતી.

# સૌરાષ્ટ્રના પાંચાળ પ્રદેશનું તીર્થધામ : ઘેલા સોમનાથ



ઘેલા સોમનાથ સૌરાષ્ટ્રના પાંચાળ પ્રદેશનું તીર્થધામ છે.૧ જસદણ અને વીંછીયાની વચ્ચે ઠાંગા અને મદાવાની જોડે આ સ્થળ આવેલું છે. તેમજ જસદણથી એક માર્ગ હીંગોળગઢ તરફ ફંટાય છે. હીંગોળગઢ અને ઘેલા સોમનાથ એકબીજાથી નજીકમાં આવેલા છે.

ઉન્મત ગંગા (ઘેલો) નદીને કાંઠે આવેલ આ મંદીરનો આગવો ઈતિહાસ છે. જે કથા પ્રચલિત છે તે પ્રમાણે તે મુજબ ગુજરાતમાં મુસ્લિમ સુબા મઝહરખાન ઉર્ફે મુઝફ્ફરશાહની આણ પ્રવર્તતી હતી. જુનાગઢની ગાદીએ ચુડાસમા રા'નું શાસન હતું. ચંદ્રએ પણ જેની આરાધના કરી હતી તેવા સોમનાથ પર રા'ની પુત્રી મીનળદેવીને અનન્ય ભક્તિભાવ હતો. પોતાનું નિવાસ પણ તેણે સોમનાથથી થોડે દુર હીરણ નદીને કાંઠે રાખેલું અને દિવસમાં બે વખત શંકરની શ્રધ્ધાપૂર્વક પૂજા કરતી હતી.અલાઉદીન ખિલજીના સરદારના આક્રમણથી તુટેલા સોમનાથ મંદીરનો જીર્ણોધાર થયો હતો. મંદીરે તેની મુળ પ્રતિષ્ઠા પુનઃ પ્રાપ્ત કરી હતી. તેવા સમયે ઝફરખાને મંદીરની કિર્તી સાંભળી અને તેના મનમાં સોમનાથ મંદીર ઉપર ચડાઈ કરવાની ઈચ્છા થઈ. જુનાગઢના રા'ને આ વાતની પોતાના ગુપ્તચરો મારફત જાણ થતા સોમનાથના રક્ષણ માટે ક્ષત્રિયોને આહવાન આપ્યું.ઝફરખાન સામેના એ ઈતિહાસ પ્રસિધ્ધ યુધ્ધમાં ક્ષત્રિય અને શુરવીર યોધ્ધાઓએ અપ્રતિમ શૌર્ય દાખવી શિવલીંગની રક્ષા કરી. એ સૌમાં શિરમોર રહ્યા અરઠીલાના હમીરજી ગોહિલ. સૌરાષ્ટ્રની રોળાઈ ગયેલી રાજપુતીને તેમણે નવું જોમ આપ્યુ. તે સમયે દેવળના પ્રાંગણમાં છેલ્લું યુધ્ધ ખેલાઈ રહ્યુ છે. સોમૈયાના એક એક રખવાળ જીવતી દિવાલ બનીને ઝફરખાનના સૈન્ય સામે અડીખમ ઊભા છે. પણ ઝાઝા બળ સામે રાજપુતો વઢાતા જાય છે.બચવાની કોઈ આશા ન રહી ત્યારે કેટલાક રાજપુતોએ શિવલીંગની રક્ષા માટે તેને ખસેડી લેવાનું નક્કી કર્યુ. પાલખીમાં તેને પધરાવી સાથે મીનળદેવીને બેસાડી સોમનાથના મંદીર સામે છેલ્લી નજર કરી સૌ ચાલી નીકળ્યા.

આમ ચાલતા ચાલતા પાંચાળ પ્રદેશમાં પાલખી આવી પહોંચી. ઘેલા સોમનાથ જે સ્થળે આજે ઊભું છે તે અનુકુળ જણાતા ત્યાં શિવલીંગની પ્રતિષ્ઠા કરવામા આવી.૨ સોમનાથમાં ઝફરખાનનાં બાકી રહેલા સૈન્યને શિવલીંગની સ્થાપના બીજે થયાની અને મીનળદેવી તેની પુજા કરે છે એ હકીકતની જાણ થઈ. સૌનિકોએ હલ્લો કર્યો પણ સંગઠીત બળ સામે ન ફાવ્યા અને પાછા હઠવું પડયું. મીનળદેવીને પોતાના ઉપર સુલતાનનાં સૌનિકોની નજર પડી એટલે જીવવા કરતા મોતને વહાલું ગણ્યું અને ઘેલા સોમનાથ સામેની ટેકરી ઉપર ચડી જઈ ત્યાં સમાધિ લીધી.આમ સોમનાથ મંદિરથી લાવીને આ શિવલીંગની સ્થાપના થઈ છે જેનો ઈતિહાસ સાક્ષી પુરે છે. જેમાં ઘણા ક્ષત્રિય શુરવીરોની બલીદાનની ગાથા વણાયેલી છે. આજે પણ સામેની ટેકરી ઉપર મીનળદેવીની નાની દેરી આવેલી છે. મંદીરના દર્શને આવનાર યાત્રિકો દેરીને પણ જુહારે છે.અન્ય માહિતી ગઢ જેવી રચનાની વચ્ચે ઊભેલા આ ઘેલા સોમનાથનાં મંદીરનું સંચાલન અત્યારે ટ્રસ્ટ હસ્તક છે. સમયની સાથે આ મંદીરનો વિકાસ થતો જાય છે. યાત્રિકોને રહેવા માટેની ધર્મશાળાઓ પણ આવેલી છે. મંદીરની બાજુમાં ગૌશાળા છે, જેમાં ગાયોનો નિભાવ થાય છે. ભાવનગર અને અમરેલી જિલ્લાની સરહદો ઘેલા સોમનાથની નજીકમાં આવેલી છે. શ્રાવણ માસ દરમિયાન ભગવાન શંકરદાદાનાં દર્શને લોકોનો ઘણો મોટો સમુદાય અહીં એકત્ર થાય છે. તે દરમિયાન અહીં મેળો પણ ભરાય છે. આમ ઘેલા સોમનાથ ગુજરાતનું ઐતિહાસિક ધાર્મિક સ્થળ છે.

# યોગાસનમાં રાજકોટના ખેલાડીઓનો ડંકો હવે રાજ્યકક્ષાએ કરશે પ્રતિનિધિત્વ

## રાશી નકુમ, રીવા પટેલ, માહિ મહેતા, દિવા રાણા, હેતાંશ ડાંગીએ રાજકોટ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં અવ્વલ : હવે ગુજરાત વતી રમશે : આ દીકરી-દીકરાઓ રાજકોટનું નામ રોશન કરશે

રાજકોટ

સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા અને ગુજરાત સરકારના અગતમત. યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ હેઠળ કાર્યરત જિલ્લા રમતગમત વિભાગ દ્વારા સંયુક્ત રીતે 'જિલ્લા કક્ષા શાળાકીય યોગાસન સ્પર્ધા ૨૦૨૬' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રતિષ્ઠિત સ્પર્ધા યુવા અને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે તેમની કળા અને શારીરિક કૌશલ્ય પ્રદર્શિત કરવા માટેનું એક ઉત્કૃષ્ટ પ્લેટફોર્મ પૂરું પાડે છે. આ સ્પર્ધા વિદ્યાર્થીઓ માટે રાજ્ય કક્ષા અને રાષ્ટ્રીય કક્ષાની અખિલ ભારતીય શાળાકીય રમત (દ્ગૈહઙ્ગ જીષ્ઠર્રઙ્ગ પ્લ્ઠદ્બીજ) સુધી પહોંચવા માટેનું એક મુખ્ય અને મજબૂત માધ્યમ છે. ધ ડિવાયન યોગા એન્ડ ફિટનેસ સ્ટુડિયોના બાળકોનું ઉત્કૃષ્ટ પ્રદર્શન આ વર્ષની જિલ્લા કક્ષાની



યોગાસન સ્પર્ધામાં 'ધ ડિવાયન યોગા એન્ડ ફિટનેસ સ્ટુડિયો'ના બાળકોએ અદભુત યોગ કૌશલ્ય બતાવીને મોટી સફળતા હાંસલ કરી છે. વિવિધ કેટેગરીમાં આ સ્ટુડિયોના વિદ્યાર્થીઓએ ઝળહળતો દેખાવ કર્યો છે. વિજેતાઓની યાદીમાં રાશિ નકુમ અને રીવા પટેલે 'એથ્લેટિક યોગા પેરે'માં પ્રથમ સ્થાન મેળવ્યું છે, જ્યારે માહી મહેતાએ આ જ કેટેગરીમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ ઉપરાંત, સિંગલ કેટેગરીમાં દિવા રાણાએ 'એથ્લેટિક યોગા સિંગલ'માં પ્રથમ સ્થાન તેમજ હેતાંશ ડાંગીએ 'એથ્લેટિક યોગા સિંગલ' અને 'ટ્રેડિશનલ યોગા' એમ બંનેમાં પ્રથમ સ્થાન મેળવીને સ્પર્ધામાં પોતાનો ડંકો વગાડ્યો છે.પોતાની સખત મહેનત અને યોગ પ્રત્યેના અપૂટ સમર્પણથી વિજેતા બનેલા આ તમામ બાળકો હવે આગામી કક્ષાની સ્પર્ધામાં જલવો વિખેરવા માટે સજ્જ છે. આ તમામ તેજસ્વી તારલાઓ આગામી રાજ્ય કક્ષની યોગાસન સ્પર્ધામાં રાજકોટ જિલ્લાનું ગૌરવભેર પ્રતિનિધિત્વ કરવા જશે.

# સુપસિધ્ધ યાત્રાધામ સોમનાથમાં સયાજી હોટેલ્સે એનરાઇઝ બાય સયાજી લોન્ચ કરી

## આધુનિક એકોમોડેશન, ડાઈનિંગ અને વિશાળ ઈવેન્ટ સ્પેસ સાથે ૫૯ રૂમની સુવિધા

સોમનાથ,

સયાજી હોટેલ્સે એનરાઇઝ બાય સયાજી, સોમનાથના લોન્ચની જાહેરાત કરી છે. આ લોન્ચ ગુજરાતના સૌથી મહત્વપૂર્ણ યાત્રાધામ અને પર્યટન સ્થળોમાંના એકમાં ગ્રુપના વિસ્તરણને ચિહ્નિત કરે છે.

જૂનાગઢ-સોમનાથ હાઈવે પર આવેલી, આ પ્રોપર્ટી હરવા-ફરવા આવેલા પ્રવાસીઓ, પરિવારો, કોર્પોરેટ ગેસ્ટ અને સોશિયલ ગ્રુપ્સ માટે આધુનિક એકોમોડેશન, મલ્ટિ- ક્ઝિન રેસ્ટોરન્ટ અને વિશાળ બેંક્વેટ ફેસિલિટીઝને એક જ જગ્યાએ ઉપલબ્ધ કરાવે છે. ગુજરાતના પશ્ચિમ કિનારે આવેલ સોમનાથ ભારતના બાર જ્યોર્તિલિંગોમાં પ્રથમ માનવામાં આવતા શ્રી સોમનાથ જ્યોર્તિલિંગ મંદિર માટે પ્રસિદ્ધ છે. આ સ્થળ આધ્યાત્મિકતા અને વારસાને તેના દરિયાકાંઠાની સાથે જોડે છે, અહીં ત્રિવેણી સંગમ



જેવા આકર્ષણો છે, જ્યાં હિરણ, કપિલા અને સરસ્વતી નદીઓ અરબી સમુદ્રને મળે છે, તેમજ ભાલકા તીર્થ તેની સાંસ્કૃતિક અને ધાર્મિક મહત્વતામાં વધારો કરે છે. ગીર- સોમનાથનો વિશાળ વિસ્તાર ગીર નેશનલ પાર્ક સહિતના સ્થળો સુધી પહોંચ પણ સુવિધા આપે છે, જેથી આ સ્થળ યાત્રાધામ અને હરવા-ફરવાના શોખીનો બંને માટે સુસંગત બની જાય છે.

નવી શરૂ થયેલી હોટેલમાં ૫૯ રૂમ છે, જેમાં ૨૪ ડિલક્સ રૂમ, ૨૪ પ્રીમિયમ ડિલક્સ રૂમ, ૧૦ સ્યુટ્સ અને એક ગ્રાન્ડ સ્યુટનો સમાવેશ થાય છે. ડિલક્સ કેટેગરીમાં ૨૫૨ ચોરસ ફૂટથી લઈને ગ્રાન્ડ સ્યુટ માટે ૬૩૦ ચોરસ ફૂટ સુધીના રૂમ છે, જે એકલ પ્રવાસીઓ અને પરિવારો બંને માટે વિકલ્પો પૂરા પાડે છે. જ્યાં લગ્ન, ઉજવણી, કોન્ફરન્સ, મીટિંગ અને અન્ય આયોજનોની વ્યવસ્થા કરવામાં આવે છે.

સયાજી હોટેલ્સના એસોસિયેટ જનરલ મેનેજર રાજેન્દ્ર જોશીએ જણાવ્યું, "એનરાઇઝ બાય સયાજી, સોમનાથનું લોન્ચિંગ સયાજી હોટેલ્સ માટે એક મહત્વપૂર્ણ પડાવ છે કારણ કે અમે સમગ્ર ગુજરાતમાં અમારી ઉપસ્થિતિનો વિસ્તાર કરવાનું જાળવી રાખીએ છીએ. દેશભરમાંથી સોમનાથ આવતા મુલાકાતીઓની બદલાતી જરૂરિયાતોને પણ પૂર્ણ કરે. અમારા વતનમાં આ હોટેલના દરવાજા ખોલવા એ અમારા માટે વ્યક્તિગત રીતે ખૂબ જ મહત્વ ધરાવે છે, અને અમે તેને યાત્રાળુઓ, પરિવારો, હરવા-ફરવા આવતા લોકો અને સ્થાનિક લોકો માટે એક સ્વાગત યોગ્ય સ્થળ બનાવવાની આશા ધરાવીએ છીએ." આરામદાયક રોકાણ ઈચ્છુકો અને મહત્વપૂર્ણ સામાજિક અને કોર્પોરેટ પ્રસંગો બંને માટે પણ એક શ્રેષ્ઠ સ્થળની ગરજ સારે છે.

# "વન નેશન. વન એક્સ્પો." : રાજકોટથી ભારત બિલ્ડકોન ૨૦૨૭ના રાષ્ટ્રીય અભિયાનનો પ્રારંભ

## ભારતીય બિલ્ડિંગ મટિરિયલ્સ ઉદ્યોગને મળશે ગ્લોબલ પ્લેટફોર્મ : દેશના અન્ય ઈન્ડસ્ટ્રીયલ ક્લસ્ટર્સ સુધી લઈ જવા માટે એસો.નો સંપૂર્ણ સહયોગ રહેશે.

રાજકોટ,

ભારતના બિલ્ડિંગ મટિરિયલ્સ, કન્સ્ટ્રક્શન, મેન્યુફેક્ચરિંગ અને એલાઇડ ઈન્ડસ્ટ્રીઝના સમગ્ર ઈકોસિસ્ટમને એક જ રાષ્ટ્રીય અને વૈશ્વિક પ્લેટફોર્મ પર લાવવાના ઉદ્દેશ સાથે ભારત બિલ્ડકોન ૨૦૨૭ના રાષ્ટ્રીય અભિયાનની શરૂઆત રાજકોટથી કરવામાં આવી છે. "વન નેશન. વન એક્સ્પો."ની થીમ સાથે યોજાનાર આ એક્સ્પો દેશના મેન્યુફેક્ચરર્સ, રિટેલર્સ, હોલસેલર્સ, ડિસ્ટ્રિબ્યુટર્સ, બિલ્ડર્સ, આર્કિટેક્ટ્સ, કોન્ટ્રાક્ટર્સ, પ્રોજેક્ટ ડેવલપર્સ, સરકારી સંસ્થાઓ અને આંતરરાષ્ટ્રીય ખરીદદારોને એક જ બિઝનેસ પ્લેટફોર્મ પર જોડવાનો પ્રયાસ કરશે. ભારત બિલ્ડકોન ૨૦૨૭નું આયોજન ૦૩ થી ૦૬ જૂન ૨૦૨૭ દરમિયાન યશોભૂમિ કન્વેન્શન સેન્ટર, નવી દિલ્હી ખાતે કરવામાં આવશે. શ્ર ી




જિતેન્દ્રભાઈ કથીરિયા, ડિરેક્ટર, ભારત બિલ્ડકોને જણાવ્યું કે ભારત બિલ્ડકોનનું વિઝન માત્ર એક એક્ઝિબિશનનું આયોજન કરવાનું નથી. રાજકોટ હાર્ડવેર મેન્યુફેક્ચરિંગ એસોસિએશનથી શરૂ થયેલી આ યાત્રા દેશના દરેક મેન્યુફેક્ચરર, એમએસએમઈ, લાર્જ કોર્પોરેટ, ઈન્ડસ્ટ્રી એસોસિએશન અને ઈન્ડસ્ટ્રીયલ ક્લસ્ટર સુધી પહોંચાડીને સમગ્ર ઈકોસિસ્ટમને એક પ્લેટફોર્મ પર લાવવાનું મોટું મિશન છે.

મનીષભાઈ પટેલ, પ્રેસિડેન્ટ, રાજકોટ હાર્ડવેર મેન્યુફેક્ચરિંગ એસોસિએશને જણાવ્યું કે રાજકોટ અને સૌરાષ્ટ્રની મેન્યુફેક્ચરિંગ સ્ટ્રેન્થને નેશનલ અને ઈન્ટરનેશનલ માર્કેટ્સ સાથે જોડવા માટે ભારત બિલ્ડકોન એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બની શકે છે. રાજકોટથી શરૂ થયેલી આ પહેલને દેશના અન્ય ઈન્ડસ્ટ્રીયલ ક્લસ્ટર્સ સુધી લઈ જવા માટે એસોસિએશન તરફથી સંપૂર્ણ સહયોગ રહેશે.

શ્રી નરેન્દ્ર સંઘાત, કેપેક્સિલના વેસ્ટર્ન રિજન કમિટીના સભ્યએ જણાવ્યું કે ભારતના બિલ્ડિંગ મટિરિયલ્સ ઈન્ડસ્ટ્રી પાસે ક્વોલિટી, મેન્યુફેક્ચરિંગ કેપેસિટી અને ગ્લોબલ કોમ્પિટિશન માટે જરૂરી શક્તિ છે. હવે આ શક્તિને એક સાથે લાવી ઈન્ડિયન પ્રોડક્ટ્સને વિશ્વના માર્કેટ્સ સુધી પહોંચાડવાની જરૂર છે.

આ પ્રસંગે રાજકોટ હાર્ડવેર મેન્યુફેક્ચરિંગ એસોસિએશનના પ્રેસિડેન્ટ શ્રી મનીષભાઈ પટેલ, વાઇસ પ્રેસિડેન્ટ શ્રી જિગ્નેશ વિરડિયા, સેક્રેટરી શ્રી ભાસ્કર રામોલિયા, ટ્રેઝરર શ્રી દિલીપ રૂપારેલિયા, જોઇન્ટ વાઇસ પ્રેસિડેન્ટ શ્રી જયદીપ પીપળીયા, જોઇન્ટ સેક્રેટરી શ્રી વિપુલ છાયાણી, એડવાઇઝર શ્રી સોમેશ મલિક, કેપેક્સિલના વેસ્ટર્ન રિજન કમિટીના સભ્ય શ્રી નરેન્દ્ર સંઘાત, બોર્ડ ઑફ ટ્રેડના સભ્ય તથા ભારત બિલ્ડકોનના ડિરેક્ટર શ્રી જિતેન્દ્રભાઈ કથીરિયા અને ભારત બિલ્ડકોનના ડિરેક્ટર શ્રી વિશાલ આચાર્ય સહિત ઉદ્યોગના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ બી.એચ.ગાર્ડી કોલેજના એમબીએ વિભાગના છાત્રોએ ડેરીની ઔદ્યોગિક મુલાકાત લીધી



રાજકોટ:

બી. એચ. ગાર્ડી કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીના એમબીએ વિભાગ દ્વારા એમ.બી.એ. પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે રાજકોટ ડેરી ખાતે ઔદ્યોગિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાતનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને વર્ગખંડમાં મેળવેલા જ્ઞાનને ઉદ્યોગજગતના વાસ્તવિક અનુભવ સાથે સાંકળવાનો તથા ડેરી ઉદ્યોગની કાર્યપદ્ધતિ અંગે વ્યવહારુ સમજ આપવાનો હતો.

આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓનું રાજકોટ ડેરીના અધિકારીઓ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં માર્કેટિંગ વિભાગના વડા શ્રી જાડેજા મુખ્ય સંસાધન વ્યક્તિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને ડેરી ઉદ્યોગની માર્કેટિંગ વ્યૂહરચનાઓ, બ્રાન્ડ મેનેજમેન્ટ, ઉત્પાદનોના વિતરણ નેટવર્ક, ગ્રાહક જોડાણ તથા ઝડપી વપરાશની ચીજવસ્તુઓ ક્ષેત્રમાં સ્પર્ધાત્મકતા જાળવવા માટે નવીનતાના મહત્વ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓએ રાજકોટ ડેરીના વિવિધ વિભાગોની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે દૂધની ખરીદી અને સંગ્રહ પ્રક્રિયા, દૂધનું પ્રોસેસિંગ, પેકેજિંગ, ગુણવત્તા નિયંત્રણ, કોલ્ડ ચેઇન મેનેજમેન્ટ તથા ઉત્પાદનોના વિતરણની સમગ્ર પ્રક્રિયાને નજીકથી નિહાળી હતી. આ મુલાકાતથી વિદ્યાર્થીઓને માર્કેટિંગ, ઓપરેશન્સ મેનેજમેન્ટ અને સપ્લાય ચેઇન મેનેજમેન્ટ જેવા વિષયોમાં શીખેલા સિદ્ધાંતોના વ્યવહારુ અમલીકરણને સમજવાની ઉત્તમ તક મળી હતી.

આ ઔદ્યોગિક મુલાકાત વિદ્યાર્થીઓ માટે અત્યંત જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયક સાબિત થઈ હતી. મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓને સફળ ડેરી સહકારી સંસ્થાની કાર્યપ્રણાલી, વ્યવસાયિક સંચાલન તથા આધુનિક વ્યવસ્થાપન પદ્ધતિઓ અંગે મૂલ્યવાન માહિતી પ્રાપ્ત થઈ હતી, જે તેમના શૈક્ષણિક અને વ્યાવસાયિક વિકાસ માટે ઉપયોગી બનશે. મુલાકાતના અંતમાં, એમબીએ વિભાગ દ્વારા રાજકોટ ડેરીના મેનેજમેન્ટ, માર્કેટિંગ વિભાગના વડા શ્રી જાડેજા તથા સમગ્ર સ્ટાફનો ઉષ્માભર્યા સ્વાગત, મૂલ્યવાન માર્ગદર્શન અને સહયોગ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમના સહયોગથી આ ઔદ્યોગિક મુલાકાત વિદ્યાર્થીઓ માટે જ્ઞાનપ્રદ, પ્રેરણાદાયક અને યાદગાર બની હતી.

# ગીર સોમનાથ જીલ્લામાં ૧૫ વર્ષથી મોટી ઉંમરનાને અપાશે અક્ષર જ્ઞાન

વેરાવળ,

સાક્ષરતા દર વધારવા અને નિરક્ષરતા નાબૂદ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ થી 'નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ' ચલાવવામાં આવે છે. જે અંતર્ગત જિલ્લાના અક્ષરજ્ઞાનવિહિન લોકોને ઓળખી તેઓને સાક્ષર કરવામાં આવે છે.

આ યોજનાના અમલીકરણ અને આયોજન માટે આજે જિલ્લા સેવા સદન, ઈણાજ નિવાસી અધિક કલેક્ટર રાજેશ આલ ના અધ્યક્ષસ્થાને એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.નિવાસી અધિક કલેક્ટર એ 'નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ' અંતર્ગત ની યોજનાના સુચારું અમલીકરણ માટે વિવિધ સમિતિની રચના અને તેના કાર્યો નિયત કરી જિલ્લામાં બાકી રહેલા અક્ષરજ્ઞાનથી વંચિત લોકોનો સર્વે કરી, આવા લોકોની ઓળખ કરી તેઓ અક્ષરજ્ઞાન મેળવે એ માટેના સમૂચિત પગલા લેવા માટે તેમણે ઉપસ્થિત અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું.નિવાસી અધિક કલેક્ટર એ વહીવટી, તકનીકી અને શૈક્ષણિક એમ દરેક પ્રકારની કામગીરી નિયત કરી અને ગ્રામ્યકક્ષા સુધીની સમિતિઓની રચના અને નિયત થયેલા કાર્યો મુજબની કામગીરી સુનિશ્ચિત થાય એ દિશામાં કાર્ય કરવા નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી સહિતના અધિકારીઓને જણાવ્યું હતું.નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી અલ્પાબહેન તારપરા એ સાક્ષરતા પ્લાન, વિવિધ વિભાગો સાથે સંકલન, જિલ્લા-તાલુકા ટ્રેનર્સની તાલીમ, કાર્યક્રમનું દસ્તાવેજીકરણ અને સમયાંતરે સાક્ષરતાના મૂલ્યાંકનની પરીક્ષા વિશે માહિતી રજૂ કરી હતી.

# ૧૫૬ બોટલ દારૂ સાથે લિસ્ટેડ બુટલેગર બીપીન દબોચાયો

રાજકોટ:

દરોડાની વિગત અનુસાર યુની. પોલીસ મથકના પીઆઇ કે કે ગોહિલના માર્ગદર્શન હેઠળ ડી સ્ટાફ પીએસઆઇ એસ એન શ્યોરાની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ કે જાડેજા અને કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ ટી જાડેજાને મળેલી ખાનગી હકીકતના આધારે વેજાગામથી વાજડી ગઢ તરફ જતા રસ્તેથી જીજે-૦૩-એમઆર-૭૫૩૫ નંબરની ક્રેટા કારને અટકાવી તેમાં જડતી કરતા પાછળની સીટ પરથી રૂ.૨,૦૨,૮૦૦ની કિંમતની ૧૫૬ દારૂની બોટલ મળી આવતા યુનિવર્સિટી પોલિસની ટીમે લિસ્ટેડ બુટલેગર બિપીન રમેશ સોલંકી (રહે. રૈયા ગામ સ્મશાન પાસે, રાજકોટ)ની ધરપકડ કરી દારૂ, કાર, મોબાઈલ મળી કુલ રૂ. ૯,૨૭,૮૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ઝડપાયેલ બુટલેગરે પોલીસની પૂછપરછમાં કબુલાત આપી હતી કે, મહેન્દ્ર ઉર્ફે સોમકુ ગભરૂભાઈ ખાચર (રહે મોટી મોલડી, ચોટીલા, સુરેન્દ્રનગર)એ તેને મોલડીથી દારૂનો જથ્થો ભરી આપ્યો હતો.

## 'વન – ડે – વન – વોર્ડ કાર્યક્રમ" અંતર્ગત

# વોર્ડ નં. ૬ માં વાહક નિયંત્રણની સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી

## કુલ ૧૮,૩૬૧ ઘરની મુલાકાત લેવામાં આવી તથા ૬૬૫ ઘરોમાંથી મચ્છરના પોરાનો નાશ કરવામાં આવ્યો

રાજકોટ:

ચોમાસાની ઋતુને ધ્યાને લઈને વાહકજન્ય રોગો જેવા કે ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકુનગુનિયા રોગોના નિયંત્રણને અનુલક્ષીને જાહેર આરોગ્યના હિતાર્થે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૦૪/૦૮/૨૦૨૬ થી શરૂ કરવામાં આવેલ "વન-ડે-વન-વોર્ડ" કાર્યક્રમ અંતર્ગત તા.૧૩/૦૮/૨૦૨૬ ના રોજ વોર્ડ નં. ૬ વાહક નિયંત્રણની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે.

આગામી દિવસોમાં બાકી રહેતાં વોર્ડમાં આ ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. જેમાં દરરોજ એક-એક વોર્ડમાં આરોગ્ય વિભાગના અધિકારી / કર્મચારીઓ, ફિલ્ડવર્કર, MPHW, અર્બન ASHA ઘરે-ઘરે જઈને વાહક નિયંત્રણની જુદી – જુદી પ્રવૃતીઓ કરાવવામાં આવી રહી છે.

વોર્ડમાં ઘરોની મુલાકાત લઈ ઘરમાં તથા તેની આસપાસ રહેલ પીવાના તથા



વપરાશના પાણીના પાત્રો, ટાંકા, ટાંકી, છોડના કુંડા, પક્ષીકુંજ વગેરે જેવી જગ્યા તપાસીને દવા નાખવાની કામગીરી કરવામાં આવેલ તથા આવી જગ્યાઓ પર પાણી સંગ્રહિત ન રહે તે માટે લોકોને આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ.

રહેણાંકની સાથે વોર્ડમાં આવતી શાળાઓ, હોસ્પિટલ, બાંધકામ સાઇટ, સેલર, હોટલ જેવા કોમર્શીયલ અને જાહેર સ્થળોએ મચ્છર ઉત્પતિ સબબ તપાસ અને આરોગ્ય શિક્ષણની કામગીરી કરવામાં આવેલ.

નાના – મોટા ખાડા ખાબોચીયામાં મચ્છર ઉત્પતિ અટકાવવા માટે મોસ્કયુટો લાર્વીસિડિલ ઓઇલ / દવા નાખવાની કામગીરી કરવામાં આવેલ. ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકુનગુનીયા વિષયક માહિતી આપતી પત્રીકા વિતરણની કામગીરી કરાવવામાં આવેલ. લોકોમાં મચ્છર ઉત્પતિ અને મચ્છર ઉત્પતિ નિયંત્રણ અંતર્ગત વ્યકિતગત સમજણ આપવાની કામગીરી કરાવવામાં આવેલ.

# દૂધમાં ભેળસેળ સામે યોગી સરકારની આકરી કાર્યવાહી હાનિકારક રસાયણો મળશે તો ડેરી યુનિટ બંધ કરાશે

## દૂધ અને ડેરી ઉત્પાદનોમાં ભેળસેળમાં સામેલ લોકો સામે આવી કડક કાર્યવાહી અમલમાં મૂકનાર ઉત્તર પ્રદેશ પહેલું રાજ્ય



લખનૌ,
શુદ્ધ અને સલામત દૂધ અને ડેરી ઉત્પાદનોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે, ઉત્તર પ્રદેશ સરકારે રવિવારે ખોરાક અને દૂધ ઉત્પાદનોમાં ભેળસેળ સામે ચાલી રહેલા અભિયાનમાં વધુ એક મહત્વપૂર્ણ પગલું ભર્યું. ફૂડ સેફ્ટી એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FSDA) એ દૂધ અને ડેરી ઉત્પાદનોમાં હાનિકારક રસાયણો, વિદેશી ચરબી અને અન્ય ભેળસેળના ઉપયોગને અસરકારક રીતે રોકવા માટે કડક અમલીકરણ નિર્દેશો જારી કર્યા છે.

આદેશ અનુસાર, જો ડેરી અથવા દૂધ ઉત્પાદન એકમમાં હાનિકારક રસાયણો અથવા વિદેશી ચરબી મળી આવે છે, તો કાર્યવાહી ફક્ત પરીક્ષણ માટે નમૂનાઓ એકત્રિત કરવા સુધી મર્યાદિત રહેશે નહીં; તેના બદલે, એકમ સામે તાત્કાલિક અને વ્યાપક કાર્યવાહી કરવામાં આવશે. આમાં ઉત્પાદન એકમને તાત્કાલિક બંધ કરવા, તમામ ડેરી ઉત્પાદનો જપ્ત કરવા અને નાશ કરવા અને BNS ની સંબંધિત કલમો હેઠળ FIR નોંધાવવાનો સમાવેશ થાય છે. વધુમાં, આવી બ્રાન્ડ્સના વેચાણ પર રાજ્યવ્યાપી પ્રતિબંધ લાદવામાં આવશે, અને સ્થાપનાઓના લાઇસન્સ રદ કરવામાં આવશે. દૂધ અને ડેરી ઉત્પાદનોમાં ભેળસેળમાં સામેલ લોકો સામે આવી કડક કાર્યવાહી અમલમાં મૂકનાર ઉત્તર પ્રદેશ પહેલું રાજ્ય બન્યું છે.

ફૂડ સેફ્ટી કમિશનર ડૉ. રોશન જેકબ દ્વારા જારી કરાયેલા આદેશમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે દૂધ અને ડેરી ઉત્પાદનોના ઉત્પાદન અને વેચાણમાં તેમની કુદરતી રચના અને નિર્ધારિત ખાદ્ય સલામતી ધોરણોનું કડક પાલન કરવું આવશ્યક છે. આ નિર્ણય વિવિધ જિલ્લાઓમાં નિરીક્ષણ અને અમલીકરણ અભિયાન દરમિયાન એકત્રિત કરાયેલા નમૂનાઓમાં ભેળસેળ મળી આવ્યા બાદ, તેમજ ઉત્પાદન એકમોમાં આરોગ્ય માટે જોખમી રસાયણોનો ઉપયોગ થતો જોવા મળ્યો હોવાના કિસ્સાઓને પગલે લેવામાં આવ્યો છે.

# યુક્રેનિયન ડ્રોન હુમલાથી મોસ્કો પ્રદેશના પોડોલ્સ્કમાં વાઈલ્ડબેરીના વેરહાઉસમાં આગ

## વાયુ સંરક્ષણ દળોએ મોસ્કો પ્રદેશમાં ૧૮૭ ડ્રોનને તોડી પાડ્યા

મોસ્કો,
રવિવારે યુક્રેને રશિયા પર તેના સૌથી મોટા હવાઈ હુમલાઓમાંનો એક કર્યો હોવાના અહેવાલ છે, જેમાં દેશભરમાં સેંકડો ડ્રોન મોકલવામાં આવ્યા હતા અને ઓછામાં ઓછા છ લોકો માર્યા ગયા હતા.

યુક્રેનિયન ડ્રોન હુમલાથી મોસ્કો પ્રદેશના પોડોલ્સ્કમાં વાઈલ્ડબેરીના વેરહાઉસમાં આગ લાગી હતી, જેના કારણે આકાશમાં કાળા ધુમાડાના વિશાળ સ્તંભો ઉડતા દ્રશ્યો દર્શાવે છે.

રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે તેણે રાતોરાત ૮૨૨ યુક્રેનિયન ડ્રોનનો નાશ કર્યો હતો. મોસ્કોના મેયર સેરગેઈ સોબ્યાનિને જણાવ્યું હતું કે રશિયન રાજધાની તરફ જતા લગભગ ૬૦૦ ડ્રોન મળી આવ્યા હતા, જેમાંથી ત્રીજા ભાગનો નાશ મોસ્કો પ્રદેશમાં થયો હતો, એમ એસોસિએટેડ પ્રેસે અહેવાલ આપ્યો હતો.

બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, પ્રાદેશિક ગવર્નર આન્દ્રે વોરોબ્યોવે જણાવ્યું હતું કે, વાયુ સંરક્ષણ દળોએ મોસ્કો પ્રદેશમાં ૧૮૭ ડ્રોનને તોડી પાડ્યા હતા અથવા દબાવી દીધા હતા. ડોમોડેડોવોમાં એક ફાર્માસ્યુટિકલ વેરહાઉસ અને વોસ્ક્રેસેન્સ્કમાં એક ઔદ્યોગિક સુવિધામાં પણ આગ લાગી હોવાના અહેવાલ છે. હુમલામાં ત્રણ લોકો ઘાયલ થયા છે. તેમણે પોડોલ્સ્કમાં વાઈલ્ડબેરીના વેરહાઉસમાં આગની પુષ્ટિ પણ કરી હતી.

વધુમાં, વોરોબ્યોવે જણાવ્યું હતું કે, મોસ્કો ક્ષેત્રમાં એક ખાનગી ઘર પર યુક્રેનિયન ડ્રોનથી હુમલો થતાં ૮૩ વર્ષીય વ્યક્તિનું મોત થયું હતું.

આ હુમલામાં રશિયાના દક્ષિણપશ્ચિમ રોસ્ટોવ પ્રદેશના ત્રણ શહેરોને પણ નિશાન બનાવવામાં આવ્યા હતા. ગવર્નર યુરી સ્લ્યુસરે જણાવ્યું હતું કે ૧૫૦ થી વધુ ડ્રોનથી થયેલા હુમલામાં પાંચ લોકો માર્યા ગયા હતા. ઘણા ઘરો અને એક રેલ્વે સ્ટેશનને નુકસાન થયું હતું, જ્યારે જંગલમાં આગ લાગી હોવાના અહેવાલ પણ છે.

# વંદે માતરમ વિવાદ પર અમિત શાહે સોનિયા ગાંધી પર નિશાન સાધ્યું

ચિત્તોડગઢ,
કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રવિવારે આરોપ લગાવ્યો કે કોંગ્રેસ સંસદીય પક્ષ (CPP) ના અધ્યક્ષ સોનિયા ગાંધીએ ૧૫ ઓગસ્ટના રોજ નવી દિલ્હી સ્થિત પાર્ટીના મુખ્યાલયમાં 'વંદે માતરમ' ના સંપૂર્ણ સંસ્કરણના ગાન સામે વાંધો ઉઠાવ્યો હતો, અને કહ્યું કે આ ઘટના સૌથી જૂની પાર્ટીની 'બેશરમી' દર્શાવે છે.

રાજસ્થાનના ચિત્તોડગઢમાં એક રેલીમાં બોલતા, ભારતીય જનતા પાર્ટી (BJP) ના નેતાએ કહ્યું કે સોનિયા અને કોંગ્રેસે સ્વતંત્રતા દિવસ પર રાષ્ટ્રીય ગીતનું અપમાન કર્યું છે, અને તેમણે સમગ્ર દેશની માફી માંગવી જોઈએ. તેમણે કહ્યું કે કોંગ્રેસ મતોના લોભને કારણે 'વંદે માતરમ' ભૂલી ગઈ છે. "તેમની બેશરમી જુઓ. કોંગ્રેસ પાર્ટીના મુખ્યાલયમાં 'વંદે માતરમ' ગીત ગાઈ રહ્યું હતું. રાષ્ટ્રગીત દરમિયાન, કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીએ કોંગ્રેસ પ્રમુખને ગાવાનું બંધ કરવાનું કહ્યું," શાહે કહ્યું.

"આપણે બધા ટીવી પર જોતા રહીએ છીએ... સોનિયાજી, ૧૪૦ કરોડ લોકો તમને જોઈ રહ્યા છે. તમે કરેલા આ પાપને આ દેશના લોકો ક્યારેય માફ નહીં કરે. કોઈ સ્વપ્નમાં પણ વંદે માતરમ ગીતને અધૂરું છોડી દેવાનું સ્વપ્ન પણ કેવી રીતે જોઈ શકે? કોંગ્રેસના લોકોને શરમ આવવી જોઈએ," તેમણે ઉમેર્યું.

સોનિયાના 'ખુરશીના ઈશારા' પર વિવાદ કેન્દ્રીય ગૃહમંત્રીનો હુમલો સોનિયાના 'ખુરશીના ઈશારા' પર વિવાદના એક દિવસ પછી આવ્યો છે. ભાજપના નેતાઓ અને સોશિયલ મીડિયા વપરાશકર્તાઓના એક વર્ગના જણાવ્યા અનુસાર, સોનિયાએ રાષ્ટ્રીય રાજધાનીમાં પાર્ટી મુખ્યાલયમાં 'વંદે માતરમ'ના સંપૂર્ણ સંસ્કરણનું ગાન બંધ કરવાનો સંકેત આપ્યો હતો.

# ઈરાને ઓમાન સાથે કરાર કરી સ્ટ્રેટને યુએસ પ્રદેશ બનાવવાની ધમકી બદલ ટ્રમ્પ પર વળતો પ્રહાર કર્યો

તેહરાન,
ઈરાન અને ઓમાન વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો માટે સલામત માર્ગ પર કરાર થયો છે, કારણ કે અમેરિકા (યુએસ) સાથેનો સંઘર્ષ હજુ પણ લંબાય રહ્યો છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે વોશિંગ્ટન હોર્મુઝને યુએસ પ્રદેશ જાહેર કરશે તે પછી આ વિકાસ થયો છે.

જોકે ઓમાન સાથે અન્ય મુદ્દાઓ પર ચર્ચા હજુ પણ ચાલી રહી છે, સલામત શિપિંગ માટેની વ્યવસ્થા અલગ હતી, એમ ઈરાન ઈન્ટરનેશનલે વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઇલ બાઘાઈને ટાંકીને અહેવાલ આપ્યો છે. જોકે, બાઘાઈએ કહ્યું કે યુએસ દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધો અને નૌકાદળના નાકાબંધીને કારણે હોર્મુઝમાં સંપૂર્ણ સુરક્ષા પુનઃસ્થાપિત થઈ શકે છે.

બાઘાઈનું આ નિવેદન ત્યારે પણ આવ્યું છે જ્યારે ટ્રમ્પે હોર્મુઝને "યુએસનો પ્રદેશ" જાહેર કરવાની ધમકી આપી હતી. શુક્રવારે ન્યૂયોર્કમાં એક રાજકીય રેલીમાં બોલતા, ૮૦ વર્ષીય રિપબ્લિકન નેતાએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે અમેરિકા પાંચ મહિનાથી વધુ સમયથી ચાલી રહેલા ઈરાન સામેના યુદ્ધમાં જીત મેળવશે.

"અમે ખૂબ જ ખરાબ રીતે પરાજિત થઈ રહેલા ઈરાનને હરાવવાનું પૂર્ણ કર્યા પછી - ખૂબ જ ટૂંક સમયમાં હું હોર્મુઝ સ્ટ્રેટને



યુનાઈટેડ સ્ટેટ્સનો પ્રદેશ જાહેર કરીશ," તેમણે કહ્યું. જોકે, વોલ સ્ટ્રીટ જર્નલ (WSJ) એ પાછળથી એક અનામી વ્હાઈટ હાઉસ અધિકારીનો ઉલ્લેખ કર્યો, જેમણે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ મજાક કરી રહ્યા હતા.

જોકે, ઈરાને ટ્રમ્પ પર તરત જ વળતો પ્રહાર કર્યો અને કહ્યું કે હોર્મુઝ - જેના દ્વારા વૈશ્વિક ક્રૂડ ઓઈલના લગભગ પાંચમા ભાગનું પરિવહન થાય છે - તેના નિયંત્રણમાં રહેશે.

"હોર્મુઝ સ્ટ્રેટ ઈરાની રહ્યું છે, ઈરાની છે, અને ઈરાની જ રહેશે," ઈરાનના નાયબ વિદેશ પ્રધાન કાઝેમ ઘરીબાદીએ ઠ (અગાઉ ટ્વિટર) પર કહ્યું. "આ સ્ટ્રેટ ફક્ત ઈરાનના આદેશ હેઠળ જ બંધ અને ખોલવામાં આવશે."

હોર્મુઝ અમેરિકા અને ઈરાન વચ્ચે વિવાદનું કેન્દ્ર રહ્યું છે, તેહરાન તેના પર સંપૂર્ણ નિયંત્રણનો દાવો કરે છે, જ્યારે વોશિંગ્ટન ઈચ્છે છે કે જળમાર્ગ તમામ વેપારી જહાજો માટે ખુલ્લો રહે.

# વારાણસી એરપોર્ટ પર પેસેન્જરની બંદૂકમાંથી ગોળી છુટતા જતાં ૨ ઘાયલ

વારાણસી,
ઉત્તર પ્રદેશના વારાણસીમાં લાલ બહાદુર શાસ્ત્રી આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર શસ્ત્રોની તપાસ દરમિયાન એર ઈન્ડિયા એક્સપ્રેસના એક મુસાફર, જે તેની પત્ની સાથે મુંબઈ જઈ રહ્યો હતો, તેની બંદૂકથી ગોળી વાગતાં ઓછામાં ઓછા બે લોકો ઘાયલ થયા હતા.

આ ઘટના સવારે ૯.૩૦ વાગ્યાની આસપાસ બની હતી જ્યારે એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ IX-1810માં મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર મુસાફરી કરી રહેલા મુસાફરે જાહેર કર્યું હતું કે તેની પાસે હથિયાર છે. નિરીક્ષણ દરમિયાન, આકસ્મિક રીતે ગોળી વાગી હતી જેમાં એક મહિલા કર્મચારી સહિત બે AAICLAS સ્ક્રીનર ઘાયલ થયા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, મુસાફરની ઓળખ કમલીશ રાય તરીકે થઈ છે અને તે આઝમગઢનો રહેવાસી હતો. તેમણે કહ્યું હતું કે તેની પાસે પિસ્તોલ અને મેગેઝિન હતું.

તેમણે કહ્યું હતું કે ગોળી પહેલા જમીન પર વાગી હતી અને પછી પાછળ હટ્યા પછી નજીકના એક પુરુષ અને એક મહિલાને વાગી હતી. પુરુષને હાથમાં ઈજા થઈ હતી, જ્યારે મહિલાને જાંઘમાં ઈજા થઈ હતી. બંનેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને હાલમાં તેમની સ્થિતિ સ્થિર છે.

"આજે, ૧૬.૦૮.૨૦૨૬, લગભગ ૦૯.૩૦ વાગ્યે, ફ્લાઈટ IX-1810 માં મુંબઈ જઈ રહેલા એક મુસાફરે તેની પત્ની સાથે મુસાફરી કરી રહેલા વિમાનમાં હથિયારો હોવાનું જાહેર કર્યું.

# ખેડૂતોએ ૨૨૮ કિમી લાંબી દિલ્હી કૂચ શરૂ કરતાં પંજાબ-હરિયાણા ખાનૌરી સરહદ સીલ




હરિયાણા,
શનિવારથી દિલ્હી તરફ ખેડૂતોની પ્રસ્તાવિત કૂચ પહેલા, જીંદ વહીવટીતંત્રે હરિયાણા અને પંજાબ વચ્ચેની ખાનૌરી સરહદ સીલ કરી દીધી છે અને વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા વધારી દીધી છે. ખેડૂતોને દિલ્હી તરફ આગળ વધતા અટકાવવા માટે પાંચ સ્તરના બેરિકેડિંગ મૂકવામાં આવ્યા છે.

ખેડૂત નેતા જગજીત સિંહ દલેવાલે જાહેરાત કરી હતી કે સંયુક્ત કિસાન મોરચા (બિન-રાજકીય) ભારત-અમેરિકા વેપાર કરારના વિરોધમાં ૧૬ ઓગસ્ટથી ૨૨૮ કિલોમીટર લાંબી "કિસાન બચાવો પદયાત્રા" શરૂ કરશે.

ખેડૂતો દ્વારા ૨૨૮ કિલોમીટર લાંબી કૂચ શરૂ

ખેડૂત નેતાઓના જણાવ્યા અનુસાર, પદયાત્રા ૧૬ ઓગસ્ટે દાતા સિંહવાલાથી શરૂ થશે અને ૨૯ ઓગસ્ટે દિલ્હીના જંતર મંતર પહોંચશે. કૂચ શરૂ થાય તે પહેલાં, દાતા સિંહવાલા ગામમાં એક પ્રાર્થના અને પ્રાર્થના સભા યોજાશે. પદયાત્રા બપોરે ૩ વાગ્યે શરૂ થવાની છે. ત્યારબાદ સહભાગીઓ ઉઝના ગામ તરફ આગળ વધશે, જ્યાં પદયાત્રીઓનું સ્વાગત મુખ્ય બજાર વિસ્તારમાં થવાની ધારણા છે. પ્રથમ રાત્રિ રોકાણ બેલારખા ગામમાં થશે.

દિલ્હીના જંતર-મંતર પહોંચતા પહેલા આ કૂચ લગભગ ૨૨૮ કિમીનું અંતર કાપશે. ખાનૌરી સરહદ પર પાંચ-સ્તરીય બેરિકેડિંગ પ્રશાસને પ્રસ્તાવિત કૂચ પહેલા ખાનૌરી સરહદની આસપાસ સુરક્ષા મજબૂત બનાવી છે.

# પશ્ચિમ બંગાળ વિધાનસભાના ભૂતપૂર્વ ડેપ્યુટી સ્પીકર મૃત હાલતમાં મળી આવ્યા

## પશ્ચિમ બંગાળ પોલીસે કથિત હાથથી લખેલી સુસાઇડ નોટ જપ્ત કરી

કોલકાતા,
પશ્ચિમ બંગાળ વિધાનસભાના ભૂતપૂર્વ ડેપ્યુટી સ્પીકર અને પાંચ વખત તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) ના ધારાસભ્ય રહી ચૂકેલા આશિષ બેનર્જી આજે સવારે બીરભૂમમાં તેમના ઘરની બાજુમાં પાર્ટીના કાર્યાલયમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા, અને પોલીસે એક કથિત હાથથી લખેલી સુસાઇડ નોટ જપ્ત કરી હતી.

બંગાળીમાં લખેલી એક પાનાની કથિત નોંધમાં, ૭૪ વર્ષીય બેનર્જીએ કથિત રીતે લખ્યું હતું કે તેમના મૃત્યુ માટે કોઈ જવાબદાર નથી અને કહ્યું હતું કે તેમને લાગે છે કે રાજકારણમાં પ્રવેશ કરવો એ તેમની ભૂલ હતી. તેમણે તેમના પરિવારના સભ્યોને ભવિષ્યમાં રાજકારણમાં ન આવવા પણ કહ્યું હતું.

રામપુરહાટ વિધાનસભા બેઠક પર સતત ૨૫ વર્ષ સુધી જીત મેળવનારા બેનર્જીએ કથિત રીતે લખ્યું હતું કે તેઓ ક્યારેય ભ્રષ્ટાચારમાં સામેલ થયા નથી અને ક્યારેય કોઈ કામના બદલામાં પૈસા લીધા નથી.

તેમણે એમ પણ લખ્યું હતું કે ભલે તેઓ હંમેશા તૃણમૂલમાં "ખોટા કાર્યો" સ્વીકારી શકતા ન હતા, પરંતુ તેઓ તેમનો વિરોધ કરી શકતા ન હતા.

# ગંગા નદીના વધતા જળસ્તરને કારણે વારાણસીમાં બોટ સેવા તાત્કાલિક અસરથી સ્થગિત કરાઈ

વારાણસી,
ગંગા નદીના જળસ્તરમાં સતત વધારો થવાને કારણે, વહીવટીતંત્રે સલામતીની સાવચેતી રૂપે આગામી આદેશો સુધી તાત્કાલિક અસરથી બોટ કામગીરી સ્થગિત કરી દીધી છે. આ સંદર્ભમાં, એસીપી દશાશ્વમેધ, ડૉ. અતુલ અંજન ત્રિપાઠીએ જણાવ્યું હતું કે જળ પોલીસ અનુસાર, શનિવારે સવારે ગંગા નદીનું જળસ્તર ૬૪.૭૦ મીટર નોંધાયું હતું, જેનું સ્તર આશરે ૬ સેમી પ્રતિ કલાકના દરે વધી રહ્યું હતું.

સતત વધતા પાણીના સ્તર અને પ્રવર્તમાન પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. પાણીના સ્તર અને નદીની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને પરિસ્થિતિ સામાન્ય થયા પછી બોટ કામગીરી ફરી શરૂ કરવા અંગે એક અલગ સૂચના જારી કરવામાં આવશે.

જળ પોલીસે તમામ હોડી ચાલકો અને સંબંધિત વ્યક્તિઓને સલામતી માર્ગદર્શિકાનું કડક પાલન કરવાની અપીલ કરી છે. મુસાફરોની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં, ઘાટો પર દેખરેખ વધુ તીવ્ર બનાવવામાં આવી છે, અને વહીવટીતંત્રે શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓને ઊંડા પાણીમાં ન જવા વિનંતી કરી છે.

બીજા એક ઘટનાક્રમમાં, ભારતીય હવામાન વિભાગ (IMD) એ રવિવારે ઓડિશાના કેટલાક ભાગોમાં ભારે વરસાદ માટે 'રેડ ચેતવણી' જારી કરી હતી કારણ કે બંગાળની ખાડીમાં એક નવો લો-પ્રેશર વિસ્તાર રચાયો છે.

IMD એ માછીમારોને ૧૬ થી ૧૮ ઓગસ્ટ દરમિયાન પશ્ચિમ બંગાળ અને નજીકના બાંગ્લાદેશ, ઓડિશા અને ઉત્તર આંધ્રપ્રદેશના દરિયાકાંઠે અને તેની બહાર દરિયામાં ન જવાની સલાહ આપી હતી. IMD એ ઉમેર્યું હતું કે ઓડિશાના છ જિલ્લાઓમાં પૂરની પરિસ્થિતિનો સામનો કરી રહેલા નવા લો-પ્રેશર વિસ્તારની રચના થઈ છે, જ્યાં તેમના ગામડાઓ ડૂબી જવાને કારણે લગભગ એક લાખ લોકોને રાહત કેન્દ્રોમાં ખસેડવામાં આવ્યા છે. હવામાન વિભાગે ઉમેર્યું હતું કે ૧૨ ઓગસ્ટના રોજ બંગાળની ખાડીમાં અગાઉનું લો-પ્રેશર ક્ષેત્ર રચાયું હતું, જે પાછળથી ડિપ્રેશનમાં તીવ્ર બન્યું અને ભારે વરસાદ પડ્યો, જેના કારણે ઉત્તરીય જિલ્લાઓમાં પૂરની સ્થિતિ સર્જાઈ.

# લેબનોનમાં વરિષ્ઠ હિઝબુલ્લાહ કમાન્ડર અબુ હસન અલાઆને મારી નાખ્યો હોવાનો ઈઝરાયેલનો દાવો

ઈઝરાયલ
સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, રવિવારે સવારે સૈન્યએ જાહેરાત કરી હતી કે ઈઝરાયલ ડિફેન્સ ફોર્સિસ (IDF) એ દક્ષિણ લેબનોનના દેઈર એઝ-ઝહરાની વિસ્તારમાં લક્ષિત હુમલાઓમાં વરિષ્ઠ હિઝબુલ્લાહ કમાન્ડર અબુ હસન અલાઆને મારી નાખ્યો છે.

ધ જેરુસલેમ પોસ્ટના અહેવાલ મુજબ, અલાઆ હિઝબુલ્લાહના બદર યુનિટમાં મુખ્ય કમાન્ડર તરીકે સેવા આપી હતી અને આ ક્ષેત્રમાં IDF સૈનિકો સામે કાર્યવાહીનું નિર્દેશન કરવામાં સક્રિય રીતે સામેલ હતો.

સંરક્ષણ દળોએ જણાવ્યું હતું કે આ કાર્યવાહી સપ્તાહના અંતે દક્ષિણ લેબનોનના અંસાર વિસ્તારમાં હિઝબુલ્લાહ લશ્કરી મુખ્યાલય પર કરવામાં આવેલા સચોટ હુમલાઓ પછી કરવામાં આવી હતી. તે હુમલામાં હિઝબુલ્લાહના ચુનંદા રદ્વાન ફોર્સના બટાલિયન કમાન્ડર અલી સમીર અલ-હજ હસનનું મોત નીપજ્યું હતું.

લશ્કરી અધિકારીઓએ પુષ્ટિ આપી હતી કે બંને હવાઈ હુમલા સપ્તાહના અંતે સરહદ પારની લડાઈના સીધા બદલામાં કરવામાં આવ્યા હતા જેમાં ત્રણ ઈઝરાયેલી સૈનિકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

અંસાર સુવિધા હડતાલ દરમિયાન બિન-લડાકુ જાનહાનિ અંગેના અહેવાલોને સંબોધતા, IDF અને ઈઝરાયલી વડા પ્રધાન કાર્યાલયે જણાવ્યું હતું કે લશ્કરને ખબર નહોતી કે હુમલા સમયે હસનના પરિવારના સભ્યો કમ્પાઉન્ડમાં હાજર હતા.

"આતંકવાદીએ તેના પરિવારનો માનવ ઢાલ તરીકે ઉપયોગ કર્યો હતો, લશ્કરી મુખ્યાલયની અંદર તેમની સાથે છુપાઈ ગયો હતો," ધ જેરુસલેમ પોસ્ટ દ્વારા ટાંકવામાં આવેલા એક નિવેદનમાં સૈન્યએ ભાર મૂક્યો હતો કે હિઝબુલ્લાહ ઈરાદાપૂર્વક નાગરિકોને લશ્કરી માળખામાં મૂકે છે જેથી ઈઝરાયલ પર બિન-લડાકુઓને નિશાન બનાવવાનો આરોપ લગાવી શકાય. રવિવારે અનેક મોરચે શ્રેણીબદ્ધ રક્ષણાત્મક ફેરફારો અને સુરક્ષા કામગીરી વચ્ચે હાઈ-પ્રોફાઈલ વળતો હુમલો કરવામાં આવ્યો છે.

## હોરાઈઝન ઇન્ડસ્ટ્રીયલ પાર્ક્સ લિમિટેડનો ipo આજથી ખુલ્યો




હોરાઈઝન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક્સ લિમિટેડ નો ipo આજ થી ખુલી ગયો છે ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ ? ૫૭થી ? ૬૦ રાખવામાં આવી છે બિડ લઘુતમ ૨૫૦ ઈક્વિટી શેર અને પછી ૨૫૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે. ઈશ્યુ ૧૭ ઓગસ્ટ ના રોજ ખુલશે અને ૧૯ ઓગષ્ટ ના રોજ બંધ થશે.

# મધ્ય પૂર્વના દેશોમાં સંઘર્ષ વચ્ચે કેન્દ્ર સરકારે રિફાઈનર્સ માટે LPG ઉત્પાદન લક્ષ્યાંક નક્કી કર્યા

## જાહેર ક્ષેત્રની તેલ કંપનીઓ દ્વારા સંચાલિત અઢાર રિફાઈનરીઓને ૩૧,૪૭૦ ટન પ્રતિ દિવસનો સંયુક્ત LPG ઉત્પાદન લક્ષ્યાંક

નવી દિલ્હી,
પશ્ચિમ એશિયાના સંઘર્ષે આયાતી રસોઈ ગેસમાં વિક્ષેપો પ્રત્યે ભારતની નબળાઈને ઉજાગર કર્યા પછી, કેન્દ્ર સરકારે પ્રથમ વખત વ્યક્તિગત જાહેર અને ખાનગી ક્ષેત્રની રિફાઈનરીઓ અને અપસ્ટ્રીમ કંપનીઓ માટે મહત્તમ રસોઈ ગેસ LPG ઉત્પાદન લક્ષ્યાંકો નક્કી કર્યા છે.




૧૩ ઓગસ્ટના રોજ જારી કરાયેલા એક આદેશમાં, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે ૨૧ રિફાઈનરીઓ અને અપસ્ટ્રીમ કંપનીઓ માટે મહત્તમ LPG ઉત્પાદન સ્તરનો ઉલ્લેખ કર્યો છે. તેમની સંયુક્ત ઉત્પાદન ક્ષમતા ૬૩,૮૧૦ ટન પ્રતિ દિવસ નક્કી કરવામાં આવી છે, જે ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષમાં ભારતના સ્થાનિક ન્ય ઉત્પાદન કરતા બમણાથી વધુ છે, અને દેશના દૈનિક વપરાશના લગભગ ૭૦ ટકા જેટલી છે. પુરવઠામાં અવરોધ આવે ત્યારે ઉત્પાદન મર્યાદા શરૂ થશે.

રિલાયન્સને સૌથી મોટો ક્વોટા મળ્યો. જાહેર ક્ષેત્રની તેલ કંપનીઓ દ્વારા સંચાલિત અઢાર રિફાઈનરીઓને ૩૧,૪૭૦ ટન પ્રતિ દિવસનો સંયુક્ત LPG ઉત્પાદન લક્ષ્યાંક સોંપવામાં આવ્યો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ પાસે સૌથી વધુ ઉત્પાદન ક્ષમતા ૧૮,૦૦૦ ટન પ્રતિ દિવસ છે, ત્યારબાદ બીપીસીએલની કોચી રિફાઈનરી ૪,૮૦૦ ટન અને નયારા એનર્જી ૪,૪૮૦ ટન છે. આ ત્રણેય મળીને કુલ ક્ષમતાના ૨૭,૨૮૦ ટન પ્રતિ દિવસ છે. ખાનગી ક્ષેત્રમાં, ગુજરાતના જામનગર ખાતે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની ૩૩ મિલિયન ટન-પ્રતિ-વર્ષ સ્થાનિક ટેરિફ એરિયા (DTA) રિફાઈનરી, જેના ઉત્પાદનો સ્થાનિક બજારમાં વેચાય છે, તેને ૧૮,૦૦૦ ટન પ્રતિ દિવસ ઉત્પાદન લક્ષ્યાંક સોંપવામાં આવ્યો છે.

# બેડી નજીક તળાવમાં બે સગા ભાઈઓ સહિત ત્રણ બાળકો અને એક યુવાનનું ડૂબી જતાં મોત

રાજકોટ :

રાજકોટ નજીકના બેડી ગામની સીમમાં નેસવડા પીર બાપુની દરગાહ પાસે સ્થિત તળાવમાં આજે બપોરે બાળકી, બે સગા ભાઈઓ સહિત ત્રણ બાળકો અને એક યુવાનનું ડૂબી જતાં મોત નિપજ્યું હતું. જેને કારણે તેમના પરિવારમાં કાળો કલ્પાંત મચી ગયો હતો. છ વર્ષનો બાળક તળાવમાં ડૂબવા લાગ્યા બાદ તેને બચાવવા જતાં બીજા બે બાળકો અને યુવાને જીવ ગુમાવ્યો હતો.

આ ઘટનાની જાણ થતાં કુવાડવા રોડ પોલીસ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે અને સિવિલ હોસ્પિટલે દોડી ગયા હતા. રાજકોટ નજીકના રોણકી ગામથી મુસ્લિમ પરિવારના ૧૫ જેટલા સભ્યો જુદા-જુદા વાહનોમાં બેડી ગામની સીમમાં નેસવડા પીર બાપુની દરગાહે સલામ ભરવા ગયા હતા. સલામ ભરી પરિવારના તમામ સભ્યો ત્યાં બેઠા હતા.

તે વખતે પાંચ વર્ષનો સેફાન સાજીદભાઈ અભેસરા (ઉ.વ.૬) કોઈપણ રીતે નજીકના તળાવમાં પડી જતાં ડૂબવા લાગ્યો હતો. જેને કારણે દેકારો મચી જતાં સેફાનનો ભાઈ સોહાન (ઉ.વ.૧૧) અને અલીફા અકરમભાઈ સોરા (ઉ.વ.૯) સેફાનને બચાવવા તળાવમાં ખાબક્યા હતા. જેથી આ બંને પણ ડૂબવા લાગતા ત્રણેય બાળકોને બચાવવા તેમના બે કૌટુંબિક કાકા સાહીલ જમાલભાઈ અભેસરા (ઉ.વ.૨૦) ઉપરાંત તેનો ભાઈ રીયાઝ (ઉ.વ.૨૩) તળાવમાં કૂદી પડયા હતા. જેમાંથી સાહીલ પણ ડૂબવા લાગ્યો હતો.

કોઈપણ રીતે રીયાઝ તળાવમાંથી બહાર નીકળી ગયા બાદ પરિવારના સભ્યોએ ભેગા મળી સોહાન, તેના ભાઈ સેફાન અને અલીફા ઉપરાંત સાહીલને બહાર કાઢી સિવિલ અને જનાનામાં ખસેડયા હતા. જયાં તબીબોએ ચારેયને મૃત જાહેર કરતા પરિવારમાં કાળો કલ્પાંત મચી ગયો હતો.

ભોગ બનનાર સાહિલ અને અલીફા નામની બાળકી રોણકી ગામમાં રહે છે. જયારે સેફાન અને સોહાન નામના બંને ભાઈઓ પુનિતનગરના ટાંકા પાસે ખોડીયારપરામાં રહે છે. જાણ થતાં કુવાડવા રોડ પોલીસનો સ્ટાફ સ્થળ પર અને હોસ્પિટલ દોડી ગયો હતો. ક્રાઈમ બ્રાંચના અધિકારીઓ પણ હોસ્પિટલ દોડી ગયા હતા. કુવાડવા રોડ પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી તપાસ હાથ ધરી હતી.

### જન્મદિવસે જ બાળકનો ભોગ લેવાતા પરિવારમાં અરેરાટી

**ભોગ બનનાર સોહાનનો જન્મદિવસ હતો. વળી રવિવારની રજા પણ હોવાથી તે અને તેનો ભાઈ સેફાન સહિતના પરિવારજનો રોણકી ગામે રહેતા ફઈને ત્યાં ગયા હતા. જ્યાંથી પરિવારના પંદરેક સભ્યો રિક્ષા સહિતના વાહનોમાં બેડી નજીકની દરગાહે સલામ ભરવા ગયા હતા. જ્યાં નજીકમાં આવેલા તળાવમાં આ ઘટના બની હતી. સોહાન અને સેફાનના પિતા ઘર નજીક ખોડીયારપરામાં પાનની દુકાન ધરાવે છે. તેના બંને પુત્રોનો આ ઘટનામાં ભોગ લેવાતા તબિયત લથડી હતી. ભોગ બનનાર સાહીલ રિક્ષા ચલાવે છે. આ ઘટનામાં તેના મોટાભાઈ રીયાઝનો ચમત્કારિક બચાવ થયો હતો. ભોગ બનનાર ૯ વર્ષની બાળકી અલીફા ધો.૪માં અભ્યાસ કરતી હતી. તે તેના માતા-પિતાની એકલૌતી પુત્રી હતી.**





### યુવક ત્રણેક બાળકોને બથ ભરેલી હાલતમાં મળી આવ્યો

**પરિવારના સભ્યોએ જ્યારે ડૂબી ગયેલા ચારેયને બહાર કાઢ્યા ત્યારે સાહિલ બાકીના ત્રણેય બાળકોને બથ ભરેલી હાલતમાં મળી આવ્યો હતો. જેના પરથી સ્પષ્ટ થયું હતું કે, તેણે આ ત્રણેક બાળકોને બચાવવા માટે જાનની બાજી ખેલી હતી. પરંતુ કમનસીબે સફળતા મળી ન હતી. ત્રણેય બાળકો અને સાહિલને તળાવમાંથી બહાર કાઢ્યા બાદ પરિવારના સભ્યોએ તેમના હાર્ટમાં પમ્પિંગ કર્યું હતું. પરંતુ આમ છતાં જીવ બચ્યા ન હતા. સાહિલના ભાઈ રીયાઝે પણ ત્રણેય બાળકોને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. તેની નજર સમક્ષ જ તેનો નાનો ભાઈ અને સંબંધી એવા ત્રણેય બાળકો ડૂબી જતાં આઘાતથી સ્તબ્ધ થઈ ગયો હતો.**

# પુત્રની પરિણીત પ્રેમિકા સહિતનાઓની ધમકીથી ત્રાસી જઈ વૃદ્ધાની આત્મહત્યા

## મૃતક વૃદ્ધા પાસેથી બે-બે સ્યુસાઈડ નોટ મળી આવી

રાજકોટ :

મેટોડા જીઆઈડીસીમાં શ્રીનાથ રેસિડેન્સીમાં રહેતા રસીલાબેન નામના વૃદ્ધાને આપઘાતની ફરજ પાડવા અંગે મેટોડામાં રહેતી નીરૂબા ઉર્ફે નિકુ, તેના પતિ સંજય જાદવભાઈ વાજા, હેતલ પંકજભાઈ પટેલ, ઉકાભાઈ પુંજાભાઈ ઉનેવાલ, જસુબેન ઉકાભાઈ, સુધાબેન દીપકભાઈ પટેલ અને સંજય તરશીભાઈ વાઘેલા વિરુદ્ધ મેટોડા જીઆઈડીસી પોલીસમાં ફરિયાદ નોંધાતા તમામ આરોપીઓની અટકાયત કરાઈ હતી.મૃતક રસિલાબેનના પુત્ર મયુર રસિકભાઈ મારૂ (ઉ.વ.૩૩)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, કટારીયા ચોકડી પાસે આવેલી કંપનીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. પિતા હડમતીયા બેડી ગામે રહે છે અને ખેતીની જમીનની દેખરેખ રાખે છે. મોટી બહેન જિંકલ મોવૈયા ગામે સાસરે છે. ચાર વર્ષ પહેલા ભાડાના મકાનમાં રહેતા હતા ત્યારે પાડોશમાં રહેતી નિકુ સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. નિકુને જુગાર રમવાની ટેવ હોવાથી દર મહિને તેને રૂ.૨૦થી ૨૫ હજાર આપતો હતો. ચાર વર્ષ સુધી પૈસા આપ્યા હતા. ઘરેણા પણ કરાવી આપ્યા હતા. એકાદ વર્ષ પહેલા મકાન લેવા માટે સોસાયટીના વહીવટના પૈસામાંથી રૂ.૩.૫૦ લાખ આપી દર મહિને તેનું રૂ.૪૮૦૦ વ્યાજ સોસાયટીને ચુકવતો હતો.એકાદ વર્ષ પહેલા નિકુ પાસે પૈસા માગતા તેણે પોતે કરાવી આપેલા ઘરેણા ગીરવે મૂકી લોન લેવાનું કહેતા ચાર લાખની ગોલ્ડ લોન લીધી હતી. ત્યારબાદ નિકુને દર મહિને પૈસા આપવાનું બંધ કરી દેતા તેને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપવા લાગી હતી. એટલું જ નહીં પોતે આપેલા ઘરેણા પરત માગતી હતી. ચારેક મહિના પહેલા ઘરે આવી તેની માતા રસિલાબેનને ઘરેણા, મકાનના કાગળીયા અને કાર આપી દેવાનું કહી ઘરની બહાર નીકળી જવા અન્યથા સારાવટ નહીં રહે તેવી ધમકી આપી હતી.

એટલું જ નહી નિકુ અને તેના પતિએ તેના વિરુદ્ધ ખોટી અરજીઓ કરી હતી. તેની માતા રસિલાબેનને જેમ ફાવે તેમ ગાળો ભાંડી માનસિક ત્રાસ આપતા હતા. જેને કારણે તે અઠવાડિયાથી ડીપ્રેશનમાં રહેતા હતા. આખરે ગઈ તા.૧૪ના રોજ તેની માતાએ ઘરે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. તે વખતે તેની માતા પાસેથી બે સ્યુસાઈડ નોટ મળી હતી. જેમાં આરોપીઓના ત્રાસને કારણે આ પગલું ભરી લીધાનું લખ્યું હતું. પીઆઈ એમ.જે.પરમારે ગુનો નોંધી સાતેય આરોપીઓની અટકાયત કરી હતી.મૃતક રસિલાબેને સ્યુસાઈડ નોટ લખી કબાટના ડ્રોવરમાં મૂકી હતી. જેમાં લખ્યું હતું કે, મારા પુત્રને નિકુ અને સંજય ખુબ હેરાન કરે છે. એના ઘરમાં બધી વસ્તુ અમારી છે. ઘરેણાં મારા પુત્રએ કરાવી દીધા છતાં પોલીસ ફરિયાદ કરી અમને હેરાન કરે છે. અત્યારે ઉકાભાઈ, સંજય, જસુબેન સહિતના આરોપીઓ અમને ધમકી આપે છે કે તમને મેટોડામાં જીવવા નહીં દઈએ. હવે બીજો કોઈ રસ્તો નહી મળતા આ પગલું ભરું છું. આ ઉપરાંત કપડામાંથી બીજી સ્યુસાઈડ નોટ પણ મળી હતી. તેમાં લખ્યું હતું કે, નિકુને અમે ૨૫થી ૩૦ લાખ આપ્યા છે.

# રાજકોટના કોન્સ્ટેબલને રૂા.૧.૩૫ કરોડની ઉઘરાણીના મામલે ધાક-ધમકી

## મૃત્યુ પામેલા ભાઈને રૂા.૧.૩૫ કરોડ વ્યાજે આપ્યાનું કહી પઠ્ઠાણી ઉઘરાણી કરી જાનથી મારી નાખવાની ધમકી

રાજકોટ :

રાજકોટના એ-ડિવીઝન પોલીસ મથકના અનાર્મ લોકરક્ષક તરીકે ફરજ બજાવતાં કિરપાલસિંહ સિંધવ (ઉ.વ.૩૧)ના મૃત્યુ પામેલા ભાઈને રૂા.૧.૩૫ કરોડ વ્યાજે આપ્યાનું કહી તેની પઠ્ઠાણી ઉઘરાણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે ચુડાના ચોકડી ગામના રાજા હરજીભાઈ રાતડિયા અને સુરેન્દ્રનગરના રમેશ કુમરાભાઈ વરૂ સામે પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

જેમાં કિરપાલસિંહે જણાવ્યું છે કે તે મેયર બંગલો પાછળ સમ્રાટ એપાર્ટમેન્ટમાં રહે છે. મોટાભાઈ મહાવીરસિંહનું અમદાવાદ ખાતે તેના ફલેટના ચોથા માળેથી નીચે પટકાવાથી ગઈ તા.૯ જૂનના રોજ મૃત્યુ નીપજયું હતું. જેની અંતિમક્રિયા વતન ચોકડી ગામે કે જયાં તેના પિતા ખેતી કરે છે ત્યાં રાખી હતી. ગઈ તા.૧૩નાં રોજ બેસણામાં બંને આરોપીઓ ત્રણ અજાણ્યા શખ્સ સાથે આવ્યા હતા.તે વખતે તેના પિતાને ઘરની બહાર બોલાવી બંને આરોપીઓએ કહ્યું કે તમારા દિકરા મહાવીરસિંહને રૂા.૧.૩૫ કરોડ વ્યાજે આપ્યા હતા. જે રકમ લેવાની છે. જેથી તેના પિતાએ પુત્રએ આ બાબતે પોતાને કોઈ વાત નહીં કર્યાની અને ચાર વર્ષથી તેની સાથે સંબંધ નહીં હોવાનું કહેતાં આરોપીઓએ રૂપિયા તમારે આપવા જ પડશે તેમ કહ્યું હતું.

ગઈ તા.૨૭ જૂનના રોજ બંને આરોપીઓએ તેને કોલ કરી રૂપિયા બાબતે મળવાની વાત કરી હતી. તેણે પોતે આ બાબતે અજાણ હોવાનું કહેતાં આરોપીઓએ તું રૂપિયા નહીં આપે તો તારો ભાઈ જેમ બિલ્ડિંગમાંથી પડીને મરી ગયો હતો તે જ રીતે તને અને તારા બાપને કોઈ બિલ્ડિંગ ઉપર લઈ જઈ નીચે ફેંકી મારી નાખીશું. આ પછી ગાળો ભાંડી હતી. તેણે પિતા સાથે આ બાબતે વાત કરી કોલ કરશે તેમ કહ્યું હતું.

ગઈ તા.૪ જુલાઈના રોજ ફરીથી આરોપીઓએ રૂપિયા બાબતે મળવાની વાત કરી હતી. જેથી તેમને પિતાએ આ મેટરમાં કોઈ વાત નહીં કરવાની સલાહ આપ્યાનું કહેતાં બંને આરોપીઓએ સીધી રીતે રૂપિયા આપી દેજો, અમારી પાસે રૂપિયા કઢાવવાના ઘણાં રસ્તા છે, તું અમને હજુ ઓળખતો નથી, અમારા વિશે ગામમાં કોઈને પૂછી લેજે તેમ કહી મારી નાખવાની ગર્ભિત ધમકી આપી હતી. જેને કારણે આખરે ફરિયાદ નોંધાવી હતી.

# સગીરાને પ્રેમજાળમાં ફસાવી યુવકે દુષ્કર્મ આચર્યું

## ઘરેથી ભગાડી દુષ્કર્મ આચરનાર અને મદદ કરનારની ધરપકડ,પોલીસે સગીરાને પરિવારને સોંપી

રાજકોટ:

રાજકોટ શહેરના બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં સગીરાને પ્રેમજાળમાં ફસાવી તેનું શારીરિક શોષણ કરવાનો એક ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ૧૬ વર્ષની સગીરાને પ્રેમસંબંધની આડમાં રાખી ૨ વર્ષ સુધી દુષ્કર્મ ગુજાર્યા બાદ તેને અમદાવાદ ભગાડી જનાર મુખ્ય આરોપી અને આ કૃત્યમાં તેને મદદ કરનાર સાગરીતને બી ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે અમદાવાદથી સગીરાને મુક્ત કરાવીને સુરક્ષિત રીતે તેના પરિવારને સોંપી હતી.

રાજકોટમાં રહેતી ૧૬ વર્ષની સગીરાને મોરબીના અરમાન શેખ નામના યુવકે પ્રેમસંબંધની જાળમાં ફસાવી હતી. સગીરા સાથે છેલ્લા ૨ વર્ષથી સળંગ પ્રેમસંબંધ કેળવી રાખ્યો હતો. આ ઓળખાણ અને પ્રેમસંબંધની આડમાં આરોપી સગીરા પર સતત શારીરિક અત્યાચાર ગુજારી બળજબરીપૂર્વક દુષ્કર્મ આચરતો હતો. ૫ દિવસ પહેલા અરમાન સગીરાને ફોસલાવીને પોતાની સાથે ભગાડીને અમદાવાદ લઈ ગયો હતો. આ સમગ્ર ગુનાહિત કૃત્યમાં અફઝલ શેખ નામના શખસે અમદાવાદ ભાગી જવામાં અને આશરો મેળવવામાં મદદ કરી હતી. સગીરા અચાનક લાપતા થતાં તેના પરિવારજનોમાં ભારે ચિંતા પ્રસરી ગઈ હતી. તપાસ બાદ પરિવારને બનાવની સત્યતા સમજાતાં સગીરાની માતા તાત્કાલિક રાજકોટ બી ડિવિઝન પોલીસ મથકે દોડી ગઈ હતી. અને અરમાન શેખ તેમજ મદદ કરનારા અફઝલ શેખ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મળતાં જ બી ડિવિઝન પોલીસની ટીમે ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ તપાસ હાથ ધરી હતી.



પોલીસે અમદાવાદમાં દરોડો પાડી સગીરાને સુરક્ષિત શોધી કાઢી હતી. આ સાથે જ મુખ્ય આરોપી અરમાન શેખ અને તેને મદદ કરનાર અફઝલ શેખ બંનેની ધરપકડ કરી હતી. પોલીસે કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરી સગીરાને તેના પરિવારજનોને સોંપી દીધી હતા. બી ડિવિઝન પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ પોક્સો સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કચરો વીણવાના બહાને આવેલી મહિલાએ કારખાનામાં પ્રવેશી ચાંદીનું ફીંડલું ચોરી લીધું

રાજકોટ:

શહેરના સંત કબીર રોડ વિસ્તારમાં ધોળા દિવસે ચોરીનો બનાવ સામે આવ્યો છે. કનકનગર મેઈન રોડ પર રહેતા અને ઘરની સાથે જ 'એસ.એસ. સિલ્વર આર્ટ' નામની દુકાન ચલાવતા વેપારી જમવા ગયા હતા તે દરમિયાન કચરો વીણવાના બહાને આવેલી અજાણી મહિલા ખુલ્લી ડેલી મારફતે અંદર પ્રવેશી દુકાનમાંથી રૂ.૪ લાખની કિંમતનું ચાંદીનું ફીંડલું ચોરી ગઈ હતી. આ અંગે થોરાળા પોલીસે ગુનો નોંધી મહિલા આરોપીને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.આ બનાવમાં, કનકનગર મેઈન રોડ પર રહેતા અને ઘરની સાથે જ 'એસ.એસ. સિલ્વર આર્ટ' નામની દુકાન ચલાવતા વેપારી રાજેશ વલ્લભભાઈ પીઠવાએ થોરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમનો મોટો ભાઈ હરેશ પીઠવા સંત કબીર રોડ પર કનકનગરમાં સંયુક્ત કુટુંબ સાથે રહે છે અને મકાનના આગળના ભાગમાં ચાંદીકામનો વ્યવસાય કરે છે.

તા.૧૫ ઓગસ્ટે બપોરે પોણા બે વાગ્યાની આસપાસ બંને ભાઈઓ દુકાનનું શટર બંધ કરી પાછળના ઘરમાં જમવા ગયા હતા. સાડા ત્રણેક વાગ્યે દુકાન ખોલી હતી. દરમિયાન ચાર વાગ્યે કારીગર જયદીપ અને જતિન કામે આવ્યા હતા. જયદીપ કામ માટે ચાંદીની પટ્ટી લેવા જતા પાંચ ફીંડલામાંથી એક ફીંડલું ગાયબ હોવાનું જણાયું હતું.

તપાસ બાદ CCTV ફૂટેજ ચેક કરતાં ફૂટેજમાં બપોરે ૧:૪૫થી ૩:૩૦ દરમિયાન સાડી પહેરેલી અજાણી મહિલા ખભા પર કચરો ભરવાનો થેલો લઈને ખુલ્લી ડેલી મારફતે અંદર આવતી જોવા મળી હતી. મહિલાએ ખુલ્લા દરવાજાથી દુકાનમાં પ્રવેશી ચાંદીનું ફીંડલું થેલામાં નાખી દીધું હતું.ચોરાયેલા ૫.૬ કિલોના ફીંડલામાં ૩૨ ટચનું આશરે ૧ કિલો ૮૦૦ ગ્રામ શુદ્ધ ચાંદી હતી, જેની કિંમત આશરે રૂ.૪ લાખ થાય છે. પોલીસે CCTVના આધારે મહિલા આરોપીની શોધખોળ શરૂ કરી છે.

# ૧૧ વર્ષની બાળકીનું ચોકલેટ, વેફરની લાલચ આપી જાતિય શોષણ

રાજકોટ :

રાજકોટ ખાતેના સહજાનંદ ઈન્ડસ્ટ્રીઅલ એરીયામાં આવેલી પિતૃકૃપા નામની પંચરની દુકાનના માલિક શાંતિલાલ મોહનભાઈ કાપડીયા (ઉ.વ.૫૦)એ માત્ર ૧૧ વર્ષની બાળકીને વેફર અને ચોકલેટની લાલચ આપી પોતાની દુકાનમાં તેનું જાતિય શોષણ કર્યાનો ચોંકાવનારો બનાવ બહાર આવ્યો છે.જેના પગલે આજી ડેમ પોલીસે બીએનએસ અને પોક્સોની કલમો હેઠળ ગુનો નોંધી નરાધમ આરોપીની ધરપકડ કરી હતી. તેની કરતુતો જાણી પોલીસ પણ ચોંકી ઊઠી હતી અને તેની આગવી ઢબે સરભરા કરી હતી. આરોપી પોતાની દુકાનમાં જ એકલો રહે છે.ગઈકાલે બપોરે ભોગ બનનાર બાળકીની માતા કામે ગઈ હતી. પાછળથી તેની પુત્રી રમતી હતી. તે વખતે તેને જોઈ આરોપીની દાનત બગડતા તેને વેફરના પેકેટ અને ચોકલેટ આપવાની લાલચ આપી પોતાની દુકાનમાં બોલાવી હતી. દુકાનની અંદર લઈ જઈ આરોપી તેને ટેબલ નીચે બેસાડી તેનું જાતિય શોષણ કર્યું હતું.તે વખતે પંચરની દુકાનમાં નોકરી કરતાં યુવકને શંકા ગઈ હતી. ભોગ બનનાર બાળકી દુકાનની બહાર નીકળતા તેને પુછતાં આપવિતી કહી હતી. તે સાથે જ તે યુવકે પોલીસને જાણ કર્યા બાદ તેની માતાને શોધી જાણ કરી હતી. જેણે પછીથી આજી ડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પીઆઈ એચ.એન.પટેલે તાત્કાલિક આરોપીની ધરપકડ કરી હતી.

# ગોંડલના ભૂણાવા ગામ નજીક નકલી જંતુનાશક દવાનું કારખાનું ઝડપાયું

રાજકોટ :

ગોંડલ તાલુકાના ભૂણાવા ગામ નજીક આવેલા જય ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં પોલીસે બાતમીના આધારે દરોડો પાડી નકલી જંતુનાશક દવા બનાવવાના કારસ્તાનનો પર્દાફાશ કર્યો છે. જયાં રાજકોટની જંતુનાશક દવા બનાવતી કંપનીના નામે પૂર્વ કર્મચારી અને તેનો મિત્ર જ ડુપ્લિકેટ માલ તૈયાર કરી તેનું વેચાણ કરતા હોવાનું ખુલતા બન્ને સામે ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરાઈ છે.રાજકોટમાં બાલાજી હોલ પાસે રહેતા અને શાપર ખાતે એફીલ્ડ ક્રોપ કેર ફેક્ટરી ધરાવતા કૌશિકભાઈ ઠુંમરે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની કંપનીમાં અગાઉ કામ કરી ચૂકેલો સનીત ભરતભાઈ વરસાણીયા (રહે.જસાપર) અને તેનો મિત્ર સ્મીત ગીરધરભાઈ લીલા (રહે.ચરખડી)એ ભાગીદારીમાં ભૂણાવા ગામે મેટલ એગ્રી ઈન્ડસ્ટ્રીજ નામે શેડ ભાડે રાખી આ ગેરકાયદેસર પ્રવૃત્તિ શરૂ કરી હતી. તેઓ મૂળ કંપનીની અત્યંત લોકપ્રિય પેદાશની નકલ કરીને હલકી ગુણવત્તાવાળા કેમિકલનું મિશ્રણ કરી બજારમાં વેચતા હતા. તેઓ અસલી કંપનીના નામ અને લોગોવાળા સ્ટીકર છાપીને બોટલોમાં પેકિંગ કરતા રંગેહાથ ઝડપાયા હતા.

જેની બાતમીના આધારે ગોંડલ તાલુકા પોલીસ સ્ટાફે સ્થળ પર તપાસ હાથ ધરીને રૂા.૨૫,૬૮૦ની કિંમતનો શંકાસ્પદ નકલી દવાનો જથ્થો જપ્ત કર્યો હતો. આ શખ્સો પાસે આ પ્રકારની જોખમી દવાઓ બનાવવા કે તેનું વેચાણ કરવા અંગેનું કોઈપણ પ્રકારનું અધિકૃત લાયસન્સ નહોતું. તેઓ ખેડૂતો સાથે પણ છેતરપિંડી કરી રહ્યા હતા. જેથી પોલીસે સનીત વરસાણીયા અને સ્મીત લીલા વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની આગળની તપાસ હાથ ધરી છે.

# પતિની મારકૂટથી મહિલાએ જીવલેણ પગલું ભર્યું

રાજકોટ:

મેટોડા જીઆઈડીસીમાં પતિના શંકાશીલ સ્વભાવ, ગાળો અને મારકૂટથી છેલ્લા ૧૭ વર્ષથી કંટાળી ગયેલી ૩૯ વર્ષીય મહિલાએ વહેલી સવારે એસિડ પી લેતાં ચકચાર મચી ગઈ હતી. હાલ મહિલાની રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. બનાવ અંગે મહિલાએ પતિ અને દિયર સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.મેટોડા જીઆઈડીસી ગેટ નં.૩ પાછળ સિદ્ધિ ટાઉનશિપમાં રહેતી રેશ્માબેન અંસારીના લગ્નને આશરે ૨૧ વર્ષ થયા છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, લગ્નના થોડા સમય બાદ પતિ હારૂન તેને સારી રીતે રાખતા હતા, પરંતુ છેલ્લા ૧૭ વર્ષથી તેના ચારિત્ર અંગે શંકા-કુશંકા કરી ઘરકામ બાબતે મેણાંટોણાં મારતા હતા. પતિ અવારનવાર ગાળો બોલી મારકૂટ કરતા તેમજ બાળકોને પણ મારતા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.રેશ્માબેને વધુમાં જણાવ્યું કે, રાજકોટના ભગવતીપરામાં રહેતો તેનો દિયર શહેજાદ અંસારી ફોન પર પતિને ચડામણી કરતો હોવાથી ઘરમાં વારંવાર ઝઘડા થતા હતા. આ ત્રાસથી કંટાળીને શનિવારે વહેલી સવારે ત્રણ વાગ્યાના અરસામાં તેણે જાતે જ બે ઘૂંટડા એસિડ પી લીધું હતું. બપોરે ભાઈ ઈનાયતભાઈને જાણ થતાં ૧૦૮ મારફતે હોસ્પિટલ ખસેડાયા હતી.

# વૃદ્ધાની કેરટેકર રાજસ્થાની મહિલા રૂા.૧૭ લાખની મત્તા ચોરી પલાયન

રાજકોટ :

અતિથિ ચોકમાં કસ્તુરી પ્રાઈડ એપાર્ટમેન્ટમાં રહેતા અને ભક્તિનગરમાં એડીકો પેસ ઈન્ડિયા નામથી ડીઝલ એન્જિનના પાર્ટ્સ બનાવવાનું કારખાનું ધરાવતા વિપુલભાઈ નાનજીભાઈ પટેલ (ઉ.વ.૫૮)એ વૃદ્ધ માતાની દેખભાળ માટે રાખેલી રાજસ્થાનના જોધપુરની બસંતી ધુલેશ્વર મીણાં ઘરમાંથી રૂા.૧૬.૭૦ લાખની મત્તાની ચોરી કરી ગઈ હતી. માલવીયાનગર પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

ફરિયાદમાં વિપુલભાઈએ જણાવ્યું છે કે, ત્રણેક વર્ષ પહેલા અમદાવાદની એજન્સી મારફત ઘરકામ માટે રમેશ નામના માણસને રાખ્યો હતો. જે બે દિવસ કામ કરી જતો રહ્યો હતો. તેના માતા કંચનબેન (ઉ.વ.૮૮) ઉંમરલાયક હોવાથી તેમની સંભાળ માટે મહિલા કેરટેકરની જરૂરિયાત પડતાં રમેશને કહીં બસંતીની વ્યવસ્થા કરી હતી. જેની સાથે રૂા.૧૮ હજાર પગાર નક્કી કર્યો હતો. બસંતી તેના ઘરે જ રહેતી હતી. છેલ્લા બે દિવસથી તબીયત સારી નથી, રાજસ્થાન જવું છે તેમ કહેતી હતી. જેથી તેને બીજી કેરટેકરની વ્યવસ્થા થાય પછી જવા કહ્યું હતું. આમ છતાં ગઈ તા.૧૩ના રોજ સાંજે તેને કોલ કરી ઘરે જવાની જીદ કરતા ડ્રાઈવર મહેશ ચૌહાણ એક્ટિવા ઉપર તેને બસ સ્ટેન્ડ મૂકી આવ્યો હતો. તેના થોડા સમય પછી તેના માતાએ પર્સ ચેક કરતા રૂા.૭૦ હજાર ઓછા મળ્યા હતા. પરિણામે દાગીના અંગે તપાસ કરતા માતાના રૂમમાં આવેલા કબાટમાંથી સોનાની છ બંગળી, સોનાની મોતીની માળા, સોનાનો ચેન, એક જોડી સોનાની બુટી, સોનાની વિંટી મળી ૧૬૬ ગ્રામ સોનાના દાગીના ગાયબ મળ્યા હતા. આ તમામ દાગીના તેના માતાના સમયના હોવાથી ખુબ જ જુનવાણી હતા. બસંતી આ ચોરી કરી ગયાનું સ્પષ્ટ થતાં તેના વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# પત્નીને કૌટુંબીક ભાઈ સાથે પતિ જોઈ જતા માથકૂટ, પતિને ધમકી

રાજકોટ:

રાજકોટ નજીકનાં ઉમરાળી ગામે રહેતો રિક્ષા ચાલક સાવન (ઉ.વ. ૩૦) રિક્ષા લઈને ઘરે આવ્યો ત્યારે પત્નીને તેના કૌટુંબીક ભાઈ ભાવેશ સાથે હાલત કઢંગી હાલતમાં જોઈ જતાં માથાકૂટ થતાં તેને ગાળો ભાંડી ધમકી આપી ધક્કો મારી રૂમમાં પૂરી પત્નીને ભગાડી ગયા અંગેની આજી ડેમ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદમાં સાવને જણાવ્યું કે, ગઈકાલે બપોરના સમયે રિક્ષા લઈને ઘરે આવ્યો હતો. ડેલી ખખડાવતા પત્નીએ ડેલી નહીં ખોલતા વંડી કુદીને ઘરમાં જતાં રૂમમાં પત્ની અને તેનો કૌટુબીક કાકાનો પુત્ર ભાવેશ કઢંગી હાલતમાં મળી આવ્યા હતા. તે દરમિયાન બન્નેએ કપડા પહેરી લીધા બાદ ભાવેશે ઉશ્કેરાઈને ધક્કો મારી પછાડી દઈને પત્નીને રૂમમાંથી બહાર કાઢી દરવાજો બહારથી બંધ કરી દીધો હતો. બાદમાં ભાવેશ બાઈક લઈને આવી ચાલ ગાડીમાં બેસી જા કહેતા તેની પત્નીએ ઝડપથી રૂમનો દરવાજો ખોલી નાના પુત્રને લઈને બાઈક પાછળ બેસી ભાગી ગઈ હતી. તે દોડીને પાડોશીનું બાઈક લઈ આટકોટ ગામ સુધી પીછો કર્યો પરંતુ પેટ્રોલ ખૂટી જતા પરત આવી ગયો હતો.